સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ -૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૮-૪-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૦૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

મ્યુ.કોર્પોરેશનના ૭૫ સીટી બસના ડ્રાઈવરોની વીજળીક હડતાલઃ મુસાફરોમાં દેકારો ૧૬




## માર્ગ અકસ્માતોમાં તત્કાળ મદદ માટે ખાસ પ્રોટોકોલ બનાવવા સુપ્રિમકોર્ટનો આદેશ



### તમામ રાજયોને છ માસમાં અમલ કરવાનો નિર્દેશઃ વાહનચાલકોની વર્કિંગ સ્થિતિ ચકાસવા તાકિદ

નવી દિલ્હી તા.૧૮

દેશમાં માર્ગ અકસ્માતોમાં સતત વધારા વચ્ચે પીડીતોને તાત્કાલીક મદદ ઉપલબ્ધ કરાવવાના ઉદેશ સાથે ખાસ પ્રોટોકોલ તૈયાર કરવા સુપ્રિમ કોર્ટે તમામ રાજયોને નિર્દેશ કર્યો છે અને આ માટે છ માસની સમય મર્યાદા નકકી કરી છે. જસ્ટીસ અભય એસ.ચોકા તથા જસ્ટીસ ઉજજવલ ભુઈયાની બેંચે આ મુદ્દાને ગંભીર જાહેર વિષય ગણાવ્યો હતો. અકસ્માત પીડીતોને સમયસર મદદ મળી શકતી ન હોવાની બાબત ચિંતાનો વિષય છે.

સર્વોચ્ચ અદાલતે મહત્વના આદેશમાં જણાવ્યુ હતું કે અકસ્માતોમાં ઘાયલ લોકોને સમયસર મદદ મળે તે અગત્યનો મુદો છે. દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે તે પાછળના કારણો અનેક હોય છે છતાં ઘાયલોને તત્કાળ સહાયતા મળતી નથી. આ માટે તત્કાળ કાર્યવાહીની જરૂર છે. તમામ રાજયોએ છ માસમાં ખાસ પ્રોટોકોલ તૈયાર કરીને લાગુ પાડવા પડશે અને પોતપોતાના જવાબ રેકોર્ડ પર પેશ કરવા પડશે.અરજદાર દ્વારા છ મુદા આધરિત પ્રોટોકોલ સુચવવામાં આવ્યો હતો પરંતુ અદાલતે તે વિશે કોઈ આદેશ જારી કરવાનુ ટાળ્યુ હતું.

માર્ગ અકસ્માત સાથે સંકળાયેલા અન્ય એક નિર્દેશમાં સુપ્રિમ કોર્ટે વાહનચાલકોની વર્કિંગસ્થિતિ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવા સુચવ્યુ હતું. મોટર વાહન કાયદાઓનુ ઉલ્લંઘન પણ અકસ્માતોનું કારણ બનતુ હોય છે. કેન્દ્રીય પરિવહન મંત્રાલયને રાજયો તથા સંબંધીત વિભાગો સાથે બેઠક યોજીને એકશન પ્લાન તૈયાર કરવા સુચવ્યુ હતું.

સુપ્રિમ કોર્ટે એવી પણ ટીપ્પણી કરી હતી કે કાયદા-નિયમોનુ ઉલ્લંઘન કરનારા પર દંડાત્મક કાર્યવાહીનો અસરકારક અમલ ન થાય ત્યાં સુધી નિયમપાલન મુશ્કેલ છે. ઓગષ્ટ અંત સુધીમાં રાજયોએ એકશન ટેકન રીપોર્ટ કેન્દ્રને આપવો પડશે અને તેના આધારે મંત્રાલય સુપ્રિમ કોર્ટને રીપોર્ટ આપશે.

ફિલ્મી સ્ટોરી જેવી ચોંકાવનારી 'મીડ-એર' ઘટના

## આકાશમાં જ વિમાન હાઈજેક, બે પ્રવાસી-પાયલોટને ચાકુ હુલાવાયા, છેવટે ફલાઈટમાં જ અપહરણકર્તા ઠાર

### અમેરિકન નાગરિકનુ કૃત્યઃ ઘર્ષણને કારણે બે કલાક વિમાન આકાશમાં હાલકડોલક રહ્યુ; હાઈજેકર ઠાર થયા બાદ સફળ લેન્ડીંગ



ન્યુયોર્ક તા.૧૮

અમેરિકામાં વધતા વિમાન અકસ્માતો વચ્ચે આકાશમાં જ વિમાન હાઈજેક કરીને પ્રવાસીઓ તથા પાયલોટ પર ચાકુથી હુમલો થયાનો સનસનીખેજ બનાવ બન્યો હતો. જો કે, વિમાનમાં જ હુમલાખોરને ઠાર કરી દેવાયો હતો.

બેલીજમાં મેકસીકો બોર્ડર પર આવેલા કોરોપોલથી ૧૪ પ્રવાસી અને બે ચાલકદળ સાથે ઉપડેલુ ટ્રોફિક ઓરનુ વિમાન વિખ્યાત પ્રવાસન સ્થળ સેન પેડ્રો જઈ રહ્યુ હતુ ત્યારે અપહરણનો આ બનાવ બન્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા 'ફુલ ઈમરજન્સી' ઘોષિત કરી દેવામાં આવી હતી અને પોલીસ હેલીકોપ્ટરને એસ્કોર્ટમાં આપવામાં આવ્યુ હતુ.

અપહરણકાંડમાં હુમલાખોરે બે પ્રવાસી તથા પાયલોટ પર વાર કર્યો હતો

(અનુસંધાન ૧૨ મા પાને)

તહવ્વુર રાણા બાદ બીજો ત્રાસવાદી ભારતની પકકડમાં આવશે

# વધુ એક સફળતાઃ મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી હૈપ્પી પાસિયા અમેરિકામાં ઝબ્બે

### છેલ્લા છ મહિનામાં પંજાબમાં ૧૪ બોંબ ધડાકા-આતંકી કૃત્યો તથા ભાજપ નેતા પર હુમલામાં માસ્ટર માઈન્ડ હતો




### ભારતીય સુરક્ષા એજન્સીઓએ પ્રત્યાર્પણ કાર્યવાહી શરૂ કરી દીધીઃ પાકિસ્તાની આઈએસઆઈ તથા બબ્બર ખાલસા સાથે સંડોવણી

નવી દિલ્હી તા.૧૮

મુંબઈ બોંબધડાકા કેસનાં માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને ભારતમાં લાવવામાં સફળતા મળ્યા બાદ ભારતીય એજન્સીઓને વધુ એક મહત્વની સફળતા મળી છે. પંજાબમાં બોંબ ધડાકાની ૧૪ ઘટનાઓનાં સુત્રધાર હરપ્રિતસિંહ ઉર્ફે હૈપ્પી પાસીયાની અમેરિકામાં ધરપકડ કરી લેવામાં આવી છે.

અમેરિકામાં ગેરકાયદે ઘુસીને વસવાટ કરતાં હૈપ્પી પાસીયાની ઈમીટિશન વિભાગે ધરપકડ કરી છે. છેલ્લા છ મહિનામાં પંજાબમાં થયેલા ૧૪ બોમ્બ ધડાકા-આતંકવાદી હુમલાનો સુત્રધાર ગણાય છે અને ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓનાં લીસ્ટમાં પણ તેનું નામ સામેલ છે. તેના માથા પર પાંચ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. તેને હવે અમેરિકી ઈમીગ્રેશન વિભાગની કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે.

ભારતીય સુરક્ષા એજન્સીના સુત્રોએ કહ્યું કે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ તથા બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે હાથ મિલાવીને તેણે પંજાબમાં બોંબ વિસ્ફોટ તથા આતંકવાદી કૃત્યોને અંજામ આપ્યો હતો. હૈપ્પી પાસીયાએ પંજાબનાં પોલીસ મથકોને પણ નિશાન બનાવ્યા હતા અને સોશ્યલ મિડિયા મારફત હુમલાની જવાબદારી પણ લીધી હતી. ૨૩ નવેમ્બર ૨૦૨૪ થી ૧૬ એપ્રિલના સમયગાળામાં ૧૪ હુમલા કરાયા હતા. અમૃતસર, નવા શહે, બટાલા, ગુરદાસપુર, જેવા શહેરોમાં હુમલા કરાયા હતા. ભાજપ નેતા મનોરંજન કાલીયાના નિવાસે તથા બે દિવસ પૂર્વે એક યુ ટયુબરનાં ઘર પર ગ્રેનેડ હુમલામાં પણ તેની સંડોવણી હતી.

અમેરિકી ઈમીગ્રેશન એજન્સીએ સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ 'એકસ' મારફત જાહેરાતમાં કહ્યું કે ભારતનાં હજાબમાં આતંકવાદી હુમલામાં સંડોવાયેલા કથિત આતંકવાદી હરિપ્રિતસિંહને એફસીઆઈએ સૈસમેંટોથી પકડી લીધો છે તે બે આંતર રાષ્ટ્રીય ત્રાસવાદી સંગઠનો સાથે સંકળાયેલો છે. તે ગેરકાયદે અમેરિકામાં ઘુસ્યો હતો અને સુરક્ષા એજન્સીઓની પકકડથી બચવા માટે બર્નર ફોનનો ઉપયોગ કરતો હતો.

હૈપ્પી પાસીયાની ધરપકડ પંજાબ પોલીસ તથા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) માટે મહત્વની છે. ચંદીગઢમાં પોલીસ અધિકારીના ઘર પર ગ્રેનેડ હુમલો થયાની ઘટના બાદ તે ચર્ચામાં આવ્યો હતો આ ઘટનાની જવાબદારી તેણે લીધી હતી.

અમેરિકામાં હૈપ્પી પાસીયાની

(અનુસંધાન ૧૨ મા પાને)

## ફોટો ઓફ ધી યર



યુદ્ધની ભયાનકતાને દર્શાવતી આ સૌથી જીવંત તસવીર છે. તસવીરમાં એક ૯ વર્ષીય ફિલીસ્તીની બાળક મહમૂદ અજજૌર જોવા મળે છે જે બે દુશ્મનોની લડાઈમાં પોતાના બન્ને હાથ ખોઈ બેઠો છે. આ બાળક જયારે પોતાની માને મળ્યો તો તેની સામે સૌથી પહેલો સવાલ એ હતો કે હવે હું માને કેવી રીતે ગળે લગાવીશ? આ તસવીરને 'વર્લ્ડ પ્રેસ ફોટો ઓફ ધી યર' તરીકે પસંદ કરાઈ છે.

વર્ષ ૨૦૨૦માં આ યાત્રા બંધ થઈ હતી

## આ વર્ષે જ શરૂ થઈ જશે કૈલાસ માનસરોવર યાત્રાઃ કેન્દ્રનું એલાન

### ચીન-ભારત વચ્ચે સીધી ઉડાન પણ ટુંક સમયમાં



નવી દિલ્હી તા.૧૮

કૈલાસ માન સરોવર યાત્રા ફરીથી જલદી શરૂ થશે. ભારત સરકારે સંકેત આપ્યો છે કે તેને લઈને ચીન સાથે સહમતીની મહોર લાગી ગઈ છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જાયસ્વાલે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે આ યાત્રા ટુંક સમયમાં શરૂ થઈ શકે છે અને આ બારામાં સૂચના જાહેર કરવામાં આવશે. હજુ આ બાબતે ડિટેલ નથી આપી શકાતી, એ સ્પષ્ટ છે કે યાત્રા આ વર્ષે જ થશે અને તૈયારીઓ થઈ રહી છે. ટુંક સમયમાં જ લોકો સામે વધુ જાણકારી રાખવામાં આવશે.

વર્ષ ૨૦૨૦ બાદ આ યાત્રા ફરીથી શરૂ નથી થઈ શકી. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ શી જીનપિંગની કઝાનમાં થયેલ મુલાકાતમાં કૈલાસ માન સરોવર યાત્રા સહિત અનેક બીજા મિકેનીઝમની બહાલીને લઈને સહમતી બની હતી.

ભારત-ચીન વચ્ચે સીધી ઉડાન ટુંક સમયમાં: ભારત અને ચીન વચ્ચે સીધી ઉડાન સેવાઓ ફરી શરૂ કરવાની દિશામાં બન્ને દેશોમાં સૈદ્ધાંતિક સહમતી બની ગઈ છે. જાયસ્વાલે કહ્યું હતું કે ફલાઈટસ ફરીથી શરૂ થશે. બન્ને પક્ષોની ટેકનીકલ ટીમો ઉડાન સર્વિસને ફરીથી શરૂ કરવા માટે ટેકનિકલ પાસાં પર વિચાર કરી રહી છે.



વડાપ્રધાન મોદીની પ્રતિક્રિયા- આ દરેક ભારતીય માટે ગૌરવની ક્ષણ

## ભગવદ્ ગીતા અને ભરતમુનિના નાટયશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધી વર્લ્ડ રજિસ્ટરમાં સ્થાન મળ્યું

### આ ગ્રંથો લાંબા સમયથી ભારતની બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઓળખના મુખ્ય સ્તંભઃ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શેખાવત

નવી દિલ્હી તા.૧૮

ભગવદ ગીતા અને ભરત મુનિના નાટયશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધી વર્લ્ડ રજીસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે, જેને લઈને વડાપ્રધાન મોદીએ ખુશી વ્યક્ત કરી લખ્યું- ગર્વની ક્ષણ. તેમણે આ ઘટનાને દુનિયાભરના દરેક ભારતીય માટે ગર્વની ક્ષણ ગણાવી હતી. યુનેસ્કોના મેમરી ઓફ ધી વર્લ્ડ રજીસ્ટરમાં ગીતા અને નાટયશાસ્ત્રને સામેલ કરવાની ઘટના આપણી શાશ્વત બુદ્ધમતા અને સમૃદ્ધ સંસ્કૃતિની વૈશ્વિક માન્યતા છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે ગીતા અને નાટયશાસ્ત્રે સભ્યતા અને ચેતનાનું પોષણ કર્યું છે. તેની અંતર્દષ્ટિ દુનિયાને પ્રેરિત કરે છે.

(અનુસંધાન ૧૨ મા પાને)




MITSUBISHI ELECTRIC INDIA PVT. LTD.
Customer Care Toll Free No.: 1800 102 2626 | Website: www.MitsubishiElectric.in
COOLING PLANET (EXCLUSIVE SHOWROOM): RAJKOT: AIMS ENTERPRISE – 9099055339,
MEQ HIROBA (EXCLUSIVE SHOWROOM): RAJKOT: SHREE KRISHNA ENTERPRISE-9825646120, JUNAGADH: SHREE KRISHNA FREEZE – 9825504105,
AUTH. DISTRIBUTOR: RAJKOT: VIJAY INCORPORATION - 9099970086, 9099970315, AMRELI: RAM ENT. - 9427428724
AUTHO. SALES & SERVICE DEALER: RAJKOT: SHREE HARI AIRCON – 9372185888, AMRELI: AKSHAR SALES : 9426232260, JAMNAGAR: AKASH ENT. 9879235475, PATEL ELECTRONICS: 7878484624, MORBI: SUNRISE MARKETING-9712700017, GONDAL: BOMBAY TELE.-9426611198, SURENDRANAGAR: SALES MEDIA LTD.–9879613777, SALES MEDIA – 9824503041, BOTAD: SALES MEDIA-8000082725, PORBANDAR: UTSAV ELE. – 9825219413, KESHOD: KING HOME APPLIANCES- 9824134837
FOR TRADE INQUIRY CONTACT: 9586605009,9319591911, 8866421764
0% Consumer Finance Available | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES | IDFC FIRST Bank | EMI Option Available | pine labs




કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :-' યુનિટી પ્લસ ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000
ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000
• શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# જીલ્લા પંચાયતમાં સરદાર પટેલની પ્રતિમા આંશિક ડેમેજઃ હવે બીજી બે પ્રતિમા હટાવતા પૂર્વે સોમવારે બેઠક






રાજકોટની જીલ્લા પંચાયત કચેરીનું નવનિર્માણ થવાનું છે. ૩૦ કરોડથી વધુના ખર્ચે નવી આધુનિક કચેરી આકાર બનશે.વર્તમાન જુના બિલ્ડીંગને તોડવાનું કામ પણ ઘણુ ખરૂ પૂર્ણ થઈ ગયુ છે. વહિવટી સ્ટાફ તથા શાસકો જુના કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર થયા છે.વર્તમાન જુના બિલ્ડીંગને તોડવાની કામગીરી દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલની અર્ધપ્રતિમા ડેમેજ થતા શાસકો ચોંકી ઉઠયા હતા. મુખ્ય પ્રવેશદ્વાર પર સરદાર પટેલની અર્ધ પ્રતિમામાં એકથી વધુ સ્થળે નુકશાન થયુ હતું. તેની તસ્વીરો પણ વાયરલ થઈ છે.

કોન્ટ્રાકટર દ્વારા થોડી ઘણી નુકશાની વચ્ચે અર્ધપ્રતિમા હટાવી લેવામાં આવી હતી. પ્રતિમ હટાવવાની કામગીરી વખતે કોઈ ડેમેજ ન થાય તેની ખાસ કાળજી રાખવા શાસકોએ તાકીદ કરી જ હતી. જીલ્લા પંચાયતનાં સંકુલમાં પણ સરદાર પટેલ તથા ડો.આંબેડકરની પૂર્ણ કદની પ્રતિમા છે તે પણ હટાવવાની છે. આ પ્રતિમા ડેમેજ ન થાય તેની પણ તાકીદ કરાઈ છે. જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણબેન સંજયભાઈ રંગાણીએ કહ્યુ કે સંકુલની પ્રતિમા હટાવતાં પૂર્વે સોમવારે આગેવાનોની બેઠક બોલાવવામાં આવશે અને પ્રતિમા કેવી રીતે હટાવવી તેના સૂચનો મેળવ્યા બાદ જ કાર્યવાહી કરાશે.

(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

## 'સાંજ સમાચાર'ની ટીમ વોર્ડ-૧૧ની યાત્રાએ

# મવડી વિસ્તારમાં લોકમુખે ફરિયાદ, ફરિયાદ અને ફરિયાદ




## પટેલ નગર શેરી નંબર ૭ માં નિયમિત સફાઈ કામદાર અછત,રાજદીપ સોસાયટી શેરીનો રોડ ૪ મહિનાથી બિસ્માર હાલતમાં

રાજકોટ, તા.૧૮

રાજકોટના મવડી વિસ્તારમાં લોકમુખે સત્તત ફરિયાદ, ફરિયાદ અને ફરિયાદ હોય તેવું સાંભળવા અને જોવા પણ મળ્યું છે. સાંજ સમાચારની ટીમે મવડી વિસ્તારની મુલાકાત લીધી હતી અને ત્યાંના સ્થાનિકો સાથે વાત કરી તેમની સમસ્યા જાણી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ ,પટેલ નગર શેરી નંબર ૭ માં નિયમિત સફાઈ કામદાર આવતા ન હોવાની ફરિયાદ સામે આવી છે. જેના કારણે શેરીમાં અને ઘર પાસે ઘણો કચરો ભેગો થઈ જાય છે. અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે.

ત્યાર બાદ, રાજદીપ સોસાયટી શેરી નંબર ૩માં સ્થાનિકોએ તેમના રોડ રસ્તાની ફરિયાદ કરી છે. તેમનો રોડ છેલ્લા ૪ મહિનાથી બિસ્માર હાલતમાં છે. અહીં રોડ શેરી જેટલા પહોળા છે, તેમ છતા અહીંથી મોટા વાહનો પસાર થાય છે. જેથી રહેવાસીઓએ અહી શેરીના છેડે એક એન્ગલ નખાવી આપવા માંગ કરી છે; જેથી મોટા વાહનો પ્રવેશી જ ન શકે. તેમજ અહી પણ રસ્તાની સાફસફાઇ નિયમિત થઈ નથી રહી, તેમજ અહી કચરો લેવા ગાડી બપોરે ૨ વાગે આવતી હોવાથી અગવડતા પડી રહી છે. જે વહેલી આવે તેવી લોક માંગ ઉઠી છે. કોર્પોરેશનનું પાણી પણ ધીમું આવે છે. સાંજે તો ખાસ, ટ્રાફિકથી પારાવાર મુશ્કેલી થાય છે અને જેને લઇને નાના બાળકોને ડેલી બહાર પણ કાઢી નથી શકાતા. તેથી આ તમામ પ્રશ્ને વોર્ડના દરેક કોર્પોરેટર તાત્કાલિક પગલાં લે અને લોક માંગ સાથે રજૂઆત સ્થાનિકોએ સાંજ સમાચાર સમક્ષ કરી હતી.

(ફોટો : સરફરાજ પઠાણ)

સાંજ સમાચાર રીયાલિટી ચેક

## ટ્રાફિક સિગ્નલ પર 'સાંજ સમાચાર'નું રિયાલિટી ચેક

# મક્કમ ચોકમાં સિગ્નલ બંધ હોવા છતાં લોકો-વાહન અવરજવરથી અકસ્માત સર્જાવાનો ભય




## અકસ્માતો ટાળવા ટ્રાફિક નિયમોનું પાલન કરવા 'સાંજ સમાચાર'ની શહેરીજનોને અપીલ

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં તા.૧૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેની યાદી તમામ નગરજનોના માનસપટ પર હજુ તાજી જ છે. શહેરમાં અવારનવાર વાહન ચાલકોની બેદરકારીથી અકસ્માતો થતા રહે છે. ત્યારે આ જટિલ પ્રશ્નને લઈને સાંજ સમાચારની ટીમે ગોંડલ રોડ પરના મક્કમ ચોક ખાતે રિયાલિટી ચેક કર્યું. જેમાં અનેક વાહન ચાલકો ટ્રાફિક સિગ્નલનું ઉલ્લંઘન કરતા જોવા મળ્યા હતા. લોકો ચાલુ વાહને ફોનનો ઉપયોગ કરતા પણ જોવા મળ્યાં હતાં. બેફિકરાઈથી રસ્તા પર આ રીતે વાહન ચલાવવું એટલે અકસ્માતને આમંત્રણ આપવા બરાબર છે. અહીં સાંજ સમાચાર રાજકોટની જનતાને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. કારણ કે, આપ સૌ આપના પરિવાર માટે અતિ અમૂલ્ય છો અને આપની પણ કોઈ વ્યક્તિ ઘરે રાહ જોઈ રહ્યું છે. તેમજ આપનું જીવન અતિ અમૂલ્ય છે.

(ફોટો : સરફરાજ પઠાણ)




# રીબડા ઈન્ડસ્ટ્રીઝ ઝોનમા બે કારખાનામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ રાજકોટના બે સહિત ત્રણની ધરપકડ

## ગોંડલમાં ચોરી કરેલ માલ વેંચે તે પહેલાં જ ભોજપરાના પાટીયા પાસેથી પોલીસે દબોચી લીધા, વાંકાનેરથી ચોરેલ બાઈક સહિત રૂ.૩.૧૦ લાખનો મુદામાલ કબ્જેઃ ગોંડલ તાલુકા પોલીસની કામગીરી

રાજકોટ. તા.૧૮

રીબડા ઇન્ડસટ્રીઝ ઝોનમા બે કારખાનામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. જેમાં રાજકોટના બે સહિત ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી વાંકાનેરથી ચોરેલ બાઈક સહિત રૂ.૩.૧૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

ગઇ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રાત્રીના સમય દરમ્યાન રીબડા સમૃધ્ધી ઇન્ડસ્ટ્રીઝ ઝોનમા આવેલ શ્રી ગંગા ફોર્જીગ તથા સહારા નામના કારખાનામાં અંદર પ્રેવેશી કારખાનામાંથી મશીનની પીનુ, ગેર,સ્લાઇડર,ગેરની કંગની, ડાયુ, ડાયુની પીન,અને એક ઇન્ડકશન ચેંજર મશીન વીગેરે મળી કારખાનામાથી એક લાખ જેટલી કીંમતનો મુદામાલ તથા બાજુમા આવેલ કારખાનામાથી લોખંડની પ્લેટો આશરે ૬૦૦ કીલો વજન રૂ.૨૦ હજારનો મુદામાલ લઇ જતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.




ચોરીના બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકર સિંહ, ડીવાયએસપી કે.જી.ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ ચોરીમાં સંડોવાયેલ આરોપીને તાત્કલીક પકડી પાડવાની સખત સુચનાથી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ડો. નવીન ચક્રવર્તીએ અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરતાં ઇન્ડસ્ટ્રીઝમાં આવેલ જુદા-જુદા કારખાના તેમજ રોડ રસ્તાના સી.સી.ટી.વી. ફુટેઝ ચેક કરેલ તે દરમ્યાન ખાનગી બાતમીદારોથી માહીતી મળેલ કે, રીબડા વિસ્તારમાં ચોરી કરેલ લોખંડના મુદામાલ એક સીએનજી રીક્ષામાં ભરી ગોંડલ તરફ વેચવા આવનાર છે.

જે બાતમીના આધારે પોલીસની ટીમ ભોજપરા ગામના પાટીયા પાસે વોચમાં હતા તે દરમ્યાન સીએનજી રીક્ષા નં.GJ-03-BX-6277 માં બે શખ્સો અને એક શખ્સ બાઇકમાં નીકળતા તે બન્ને વાહનો રોકી રીક્ષામાં તપાસ કરતા તેમાંથી ચોરીના લોખંડના સ્પેરપાર્ટસ અલગ-અલગ પ્લાસ્ટીકની કોથળીઓ ભરેલો મળી આવેલ તેમજ મળી આવેલ બાઈક અંગે પોકેટકોપ માધ્યમથી ચેક કરતા બાઈક વાંકાનેરમાંથી ચોરી કરેલનું જાણવ મળી આવતા કુલ રૂ.૩.૧૦ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપી મુન્ના લાખા વાળા (ઉવ.૫૩, રહે. હાલ રાજકોટ કોઠારીયા રોડ સીતળાધાર ૨૫ વારીયા પ્લોટ, મુળ સુલતાનપુર, ગોંડલ), સંજય સગરામ પરમાર (ઉવ.૧૯, રહે. રાજકોટ કોઠારીયા રોડ જુના ટોલનાકા પાસે શીવ હોટલ પાસે) અને ગોવીંદ ઉર્ફે તોતળો રમેશ પરમાર (ઉવ.૨૦, રહે. ગોંડલ નેશનલ હાઇવે શ્રી હોટલ સામે) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટમાં હરેશ મકવાણાની હત્યા કરનાર વિધર્મી આરોપીને આજીવન કેદની સજા

**રૂપિયાની લેતીદેતીમાં પ્રથમ સ્વામીનારાયણ મંદિર કાલાવડ રોડ ખાતે ઝઘડો થયા બાદ આરોપી ફીરોજ મોટલીયાએ પીછો કરી બાઈક સાથે બાઈક અથડાવી મૃતકને છરીના ઘા ઝીંકયા હતા**

**આરોપીને સેશન્સ કોર્ટે રૂા. ૨૫ હજારનો દંડ ફટકાર્યો અને મૃતકના પરિવારને સરકારમાંથી રૂા. ૧૦ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો**

રાજકોટ, તા. ૧૮

૬ વર્ષ પહેલા રાજકોટના રવિરત્ન પાર્કની શેરીમાં છરીના આડેધડ ઘા મારી હરેશભાઈ માધવજીભાઈની હત્યા કરનાર આરોપી ફીરોજ ઝીકરભાઈ મોટલીયા(હાલ ઉ.વ. ૩૫)ને તકસીરવાન ઠરાવી અધિક સેશન્સ જજ વી. એ. રાણાએ આજીવન સખ્ત કેદની સજા તથા રૂા.૨૫,૦૦૦નો દંડ ફટકારેલ છે. તથા મૃતકના પરીવારજનોને રૂા. ૧૦ લાખનું વળતર ચુકવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળને ભલામણ કરેલ છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, તા.૨૩-૨-૨૦૧૯ના રોજ બપોરના સમયે સ્વામીનારાયણ મંદિરની સામે આવેલ નકળંક ટી સ્ટોલ ખાતે હરેશભાઈ અને આરોપી ફીરોજ નાણાકીય વ્યવહાર અર્થે મળેલા હતા. ત્યારબાદ બંને વચ્ચે ઝઘડો થતા મરણજનાર હરેશભાઈ સ્થળ ઉપરથી રવિરત્ન પાર્ક, શેરી નં. ૪ના ખુણા ઉપરથી પોતાના બાઈક ઉપર જઈ રહેલા હતા ત્યારે આરોપી ફીરોજ પણ બાઇક પર આવી મરણજનારના બાઇક સાથે પોતાનું બાઇક ભટકાડી તેઓને પછાડી દઈ પોતાની પાસેની છરી વડે મરણજનારના શરીર ઉપર આડેધડ ઘા મારેલ. મોટર સાઈકલ ભટકાવાથી આરોપી ફીરોજને પણ ઈજા થતા તેઓએ બનાવ બાદ સિવીલ હોસ્પિટલે જઈ સારવાર લીધેલ. આ અંગે મરણજનારના ભત્રીજા પિયુષ મકવાણાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસ દરમ્યાન બનાવ અંગેના પ્રસંગો અલગ અલગ જગ્યાએથી સીસીટીવીના ફુટેજમાંથી મળી આવેલા. પોલીસ તપાસ બાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થતા આરોપી તરફે બચાવ લેવામાં આવેલ કે, રવિરત્ન પાર્ક, શેરી નં. ૪ માં નજરે જોનાર સાહેદ મરણજનારના સગા છે અને તે બનાવ સમયે આ જગ્યાએ હાજર હોય તે સંભવીત નથી. આ ઉપરાંત બચાવ લેવામાં આવેલ કે, સીસીટીવી ફુટેજની જે સીડી મેળવવામાં આવેલ છે તે સીડી સાથે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)નું પ્રમાણપત્ર ન હોવાથી આ સીડીની અંદરનો ડેટા જોઈ


એસ.કે.વોરા
સરકારી વકીલ

શકાય નહીં. સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ કે, કોઈ નજરે જોનાર સાક્ષી મરણજનારના સગા હોય તેથી તે સાક્ષી અવિશ્વસનીય માની શકાય નહીં. સાક્ષીની વિશ્વસનીયતા તેની ઉલટતપાસ દરમ્યાનના જવાબોથી નક્કી થાય છે. હાલના કેસમાં નજરે જોનારસાક્ષીની ઉલટ તપાસ દરમ્યાનના કોઈપણ જવાબ તેઓની વિશ્વસનીયતાને ઘટાડતા નથી. સીસીટીવી ફુટેજની સીડી સાથે કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર ન હોય તો પણ ગાંધીનગર ખાતેની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાએ આ સીડીનું પરીક્ષણ કરી તેની સચોટતા અંગે અહેવાલ આપેલ છે. તેથી પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)નું પ્રમાણપત્ર ન હોવા છતાં સીડીની અંદરનો ડેટા વિજ્ઞાનિક વિશ્વસનીયતા ધરાવે છે. આ કારણે સીડીમાં રહેલ ડેટા ઉપરથી મરણજનાર તથા તેનુ વાહન અને આરોપી તેમજ તેનું વાહન સ્પષ્ટપણે ઓળખી શકાતું હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ. આરોપી સામેની ચાર્જશીટમાં ૫૧ સાહેદોના નામ જણાવવામાં આવેલ છે.પરંતુ બીજા સાક્ષીઓની જુબાની નોધવામાં આવેલ નથી. આ અંગે સરકાર તરફે જવાબ આપવામાં આવેલ કે, ફક્ત ૧-સાક્ષીની જુબાનીથી આરોપી સામેનો કેસ પુરવાર થતો હોય તો બીજા સાક્ષીની જુબાની લેવી પણ જરૂરી નથી. આરોપીને બનાવ સમયે ઈજા થયેલ હોય અને સીવીલ હોસ્પિટલમાં તે અંગે આરોપી સારવાર લેવા ગયેલ હોય તે પણ સચોટ સાંયોગીક પુરાવો છે, જેના આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવવો જોઈએ. સરકાર તરફેની આ દલીલોના અંતે અધિક સેશન્સ વી.એ.રાણાએ આરોપી ફીરોજ માટલીયાને આજીવન સખ્ત કેદની સજા અને રૂા.૨૫,૦૦૦નો દંડ ફરમાવેલ છે તથા મૃતકના પરીવારજનોને રૂા.૧૦ લાખ વળતર ચુકવવા માટે જિલ્લા કાનુની સેવા સત્તા મડળને ભલામણ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને મુળ ફરિયાદી વતી એડવોકેટ જીતુભાઇ પારેખ રોકાયેલ હતા.

રામપર-બેટી પાસે કાર આંતરી જાહેરમાં મારામારી

# સીએનજી ગેસ ભરવા મામલે થયેલ માથાકૂટ વકરીઃ ફરીવાર કેબ સંચાલકનો પીછો કરી ટોળકીનો હુમલો

**અગાઉ પણ કુવાડવા નજીક આવેલ સીએનજી પંપ પર બંને જૂથ વચ્ચે ધોકા-પાઈપથી મારામારી થતાં સામસામી ફરીયાદ નોંધાઈ'તીઃ જે બાબતનો ખાર રાખી ફરીવાર યુવાન પર પિતા-પુત્રો સહિતના શખ્સોનો હુમલો**

**જાહેરમાં થયેલ મારામારીનો વિડીયો વાયરલઃ એરપોર્ટ પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી**


(તસ્વીર : સરફરાજ પઠાણ)

રાજકોટ. તા.૧૮

રામપર બેટીમાં સીએનજી ગેસ ભરવા મામલે થયેલ માથાકૂટ વકરી હતી અને ફરીવાર કેબ સંચાલકનો પીછો કરી ટોળકીએ જાહેરમાં ધોકા-પાઈપથી હુમલો કરતાં સારવારમાં ખસેડાયો હતો. જાહેરમાં થયેલ મારામારીનો વિડીયો વાયરલ થયો હતો અને બનાવ અંગે એરપોર્ટ પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.



બનાવ અંગે રામપરા બેટી ગામમાં રહેતાં કિશનભાઈ લાલદાસભાઇ દુધરેજીયા (ઉવ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મયુર રેવા બોરસિયા અને રેવા ધના બોરસિયાનું નામ આપી જણાવ્યું હતું કે, હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટેકસી ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. પાંચેક દિવસ પહેલા તેઓ સ્વીફ્ટ ડીઝાયર કાર લઇ કુવાડવા સીએનજી પંપ ખાતે કારમાં ગેસ પુરાવવા માટે ગયેલ ત્યારે ત્યા મયુર બોસરીયા આવેલ અને કાર આડી તેની કાર નાખતા તેની સાથે વચ્ચે બોચાલાચી થયેલ હતી. બાદમાં તે ત્યાથી નીકળી ગયેલ અને કુવાડવા જીજે.૦૩ હોટલ પાસે પહોચેલ ત્યારે મયુર તથા તેના પીતા રેવા બોસરીયા ઘસી આવેલ અને ઝઘડો કરેલ જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવેલ હતી.

ગઇ તા. ૧૬ ના ચારેક વાગ્યાના અરસામાં તેઓ રાજદિપ રાજગોર, અજયભાઈ મોહનભાઈ સહિતના લોકો અજયની સ્વીફ ડીઝાયર કાર લઈ એરપોર્ટ ત્રણ રસ્તાથી રાજકોટ બાજુ જતા હતા, ત્યારે પાછળથી બે સ્વીફ્ટ કાર કાળા કાચ વાળી આવેલ અને અ યુવાનની કારને સાઇડમાં દબાવવા લાગેલ જેથી અજય ડ્રાઇવીંગ કરતો હોય તેને પોતાની કાર બેટી નદીનો પુલ ચડતા જલારામ હોટલ પાસે ઉભી રાખેલ દરમિયાન સ્વીફ્ટ કારમાંથી મયુર બોસરીયા તથા રેવા બોસરીયા અને તેની સાથેના અજાણ્યા પાંચ-છ શખ્સો ધોકા સાથે નીચે ઉતરી ગાળો બોલવા લાગેલ હતાં. ત્યારે તેમનો મીત્ર જયેશ જલારામ હોટલમાં જતો રહેલ ત્યાથી બહાર કાઢી આરોપી ધોકા વડે માર મારવા લાગેલ અને યુવાન પણ ત્યાથી ભાગવા લાગતા મયુરે પકડી લીધેલ અને તેની પાસે છરી હોય જે છરી હાથમાં મારેલ હતી અને સાથેના બીજા અજાણ્યા શખ્સોએ ધોકા વડે હુમલો કરી દિધો હતો અને જતા જતા આ મયુર ધમકી આપવા લાગેલ કે, હવે પછી જો અમારી વચ્ચે આવેલ છો તો તને જાનથી મારી નાખીસ. બાદમાં ત્યાં એકઠાં થયેલ લોકોએ તેઓને ૧૦૮ મારફત સારવારમાં કુવાડવા બાદ અત્રેની સિવીલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. તેમને પગમાં ફેકચર થયેલ હતું.

ઉલ્લેખનીય છે કે, થોડાં દિવસ પહેલાં જ કુવાડવા નજીક આવેલ સીએનજી ગેસ પંપ પર ગેસ ભરવાની લાઈનમાં ઊભાં રહેવા બાબતે બંને જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જે બનાવનો ખાર રાખી ફરીવાર હુમલો કર્યાનું સામે આવ્યું છે.

# ઉમિયા ટી કારખાનામાંથી ચોરી કરનાર મોરબીનો રીઢો તસ્કર રાજકોટમાંથી પકડાયો

## ભક્તિનગર પોલીસ મથકની ટીમે રાજકમલ ફાટક પાસેથી તસ્કર અંકિત વિકાણીને પકડી પાડી રોકડ રૂા.૭ લાખ સહિતનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ. તા.૧૮

જામનગર હાઈવે પર ઉમિયા ટી કારખાનામાંથી રોકડ રૂ.૭ લાખની ચોરી કરનાર રીઢા તસ્કર મોરબીના શખ્સને રાજકોટમાંથી ભક્તિનગર પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડ સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો.



ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયાના માર્ગદશન હેઠળ પીએસઆઈ જે.જે.ગોહિલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના કોન્સ્ટેબલ ક્રીપાલસિંહ ગોહિલ અને મહાવીરસિંહ ચુડાસમાને અંકીત વિકાણી નામનો શખ્સ પોતાનુ બાઈક લઇ થોડીવારમાં રાજકમલ ફાટક તરફથી અટીકા ફાટક તરફ ઢેબર રોડ ઉપર થઈને પસાર થનાર છે, જેના બાઇકમાં આગળ લોખડની વસ્તુ રાખેલ છે, જે ચોરીથી મેળવેલ છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફવોચમાં હતો ત્યારે રાજકમલ ફાટક પાસે ઢેબર રોડ ઉપર એક શખ્સ બાઇકમાં નીકળતો જોવામા આવતા જેને પકડી લઇ બાઇકમાં આગળ ટાકી ઉપર રહેલ લોખડની તીજોરી મળી આવેલ જે તીજોરીનું ઢાકણુ (દરવાજો) અંદરની બાજુ વળેલ અને તુટેલ હોય, જેથી શખ્સને તીજોરી બાબતે પુછતા તેને બે દીવસ પહેલા જામનગર રોડ ઉપર પડધરી ગામ પહેલા આવેલ ઉમીયા ચા નામના કારખાનામાથી તીજોરી ચોરી કરેલ હોવાનું જણાવેલ હતું.

તેમજ તીજોરીમાથી મળેલ રૂપીયા પોતાના ઘરે રાખેલ હોવાની કબુલાત આપતા જેના ઘરે જઇ તપાસ કરતા ઘરેથી ઉમીયા ચા નામના કારખાનામાથી ચોરી કરેલ રોકડ રૂ. ૭ લાખ તેમજ તીજોરી તોડવા માટે ઉપયોગમાં લીધેલ સર-સામાન મળી આવ્યો હતો. જેથી આરોપી પાસેથી બાઈક, તેમજ રોકડ મળી કુલ રૂ.૭.૫૧ લાખનો મુદામાલ કબ્જે કરી તસ્કર અંકિત મહાદેવ વિકાણી (ઉ.વ.૨૪,રહે. લીલાપર રોડ, આવાસ યોજના ક્વાર્ટર્સ, મોરબી) ને પકડી પાડી પડધરી પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

# જંકશન પ્લોટમાં આગાખાન હોસ્ટેલવાળા બિલ્ડીંગની દુકાન અંગે થયેલી અપીલ કોર્ટે ફગાવી

**'આહુજા ક્રિમ કેન્ડી' નામેથી ચાલતી ભાડાપટ્ટાની દુકાન અંગે આગાખાન હોસ્ટેલના સેક્રેટરીએ કેસ કરેલો હતો**

રાજકોટ તા.૧૮

જંકશન પ્લોટમાં આવેલ આગાખાન હોસ્ટેલ વાળા બિલ્ડીંગની દુકાન અંગે થયેલ અપીલ રદ કરવા એડી.ડીસ્ટ્રીકટ કોર્ટે હુકમ કર્યો હતો. કેસની વિગત અનુસાર જંકશન પ્લોટ શેરી નં.૫/૧૫માં આવેલ આગાખાન હોસ્ટેલ વાળા બિલ્ડીંગમાં વેપારી રાધાક્રિશ્ના ગોધુમલજી આહુજા આહુજા ક્રિમ કેન્ડી નામથી આશરે ૪૮ વર્ષથી ભાડુત દરજજે દુકાન વાપરે છે આ દુકાન પેટા ભાડે આપેલ છે, કાયમી પ્રકારનું બાંધકામ કરેલ છે, ભાડુતી જગ્યાને નુકશાન કરવામાં આવેલ છે. આજુબાજુના રહેવાસીઓને તેમજ અન્ય લોકોને ત્રાસ અને હેરાનમતી થાય છે. વપરાશમાં ફેરફાર કરેલ છે. એવા કારણોસર મકાન માલીક આગાખાન હોસ્ટેલનાં એકઝી.સેક્રેટરીએ રાજકોટની સ્મોલ કોઝ કોર્ટમાં ૨૦૦૭ની સાલમાં કેસ દાખલ કર્યો હતો. જેમાં ટ્રાયલ કોર્ટે વર્ષ ૨૦૧૯માં દાવો રદ કર્યો હતો. જેથી આગાખાન હોસ્ટેલનાં સેક્રેટરીએ ડીસ્ટ્રીકટ કોર્ટમાં વર્ષ ૨૦૧૯માં અપીલ દાખલ કરેલ. સદરહુ અપીલની તાજેતરમાં એડી.ડીસ્ટ્રી. કોર્ટમાં સુનાવણી થયેલ.

જેમાં વેપારી રાધાક્રિશ્ના ગોધુમલજી આહુજા વતી તેમના વકીલ અશ્વિન જે. પોપટએ એવી રજુઆત કરેલી કે ટ્રાયલ કોર્ટએ મુળ દાવામાં રજુ થયેલ તમામ પુરાવાનું બારીકાઈથી નિરીક્ષણ કરેલ છે તેમ કે આ દાવો ટ્રસ્ટ વતી કરવામાં આવેલ છે. દાવો રજુ કરનાર વ્યકિત ટ્રસ્ટના એકઝી. સેક્રેટરી છે પરંતુ તેઓને ટ્રસ્ટે દાવો ફાઈલ કરવા માટે કોઈ સતા આપેલ હોય તે અંગે જે જે કારણોસર આ દાવો રજુ કરેલ છે એ આ કેસમાં પુરવાર થયેલ નથી. ભાડુતી દુકાન અંગે કોઈ ભાડા અંગેનો કરાર કરવામાં આવેલ નથી. આથી મકાન માલીક જાણાવે છે એ મુજબ ભાડા કરારની કોઈ શરતોનો ભંગ થયેલ છે એ માની શકાય એમ નથી. આથી ટ્રાયલ કોર્ટે જે જજમેન્ટ આપેલ છે એમાં હસ્તક્ષેપ કરવા જેવું જાણાતું નથી. ભાડુઆતના વકીલની રજુઆતોને ધ્યાનમાં લઈને એડી.ડીસ્ટ્રીકટ જજ ધર્મેન્દ્રસિંગએ આગાખાન હોસ્ટેલ વતી દાખલ થયેલ અપીલ રદ કરવાનો હુકમ કરેલ છે. આ કેસમાં ભાડુઆત વતી એડવોકેટ અશ્વિન જે. પોપટ અને કલ્પેશ એન. વાઘેલા રોકાયેલ હતા.

'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રેયાંશભાઇ શાહના પત્ની

# સ્મૃતિબેન શાહનું નિધન : આજે સવારે નીકળેલી અંતિમયાત્રામાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા

'ગુજરાત સમાચાર' દૈનિકના તંત્રી શ્રેયાંસભાઇ શાહના પત્ની સ્મૃતિબેન શાહનું ગઇકાલ તા. ૧૭ના અમદાવાદ ખાતે નિધન થતાં ઘેરો શોક છવાઇ જવા પામ્યો છે. સ્વ. સ્મૃતિબેન શ્રેયાંસભાઇ શાહની આજે સવારે જી.એસ.ટી.વી. હાઉસ, ઇસ્કોન મંદિરની બાજુએથી અંતિમયાત્રા નીકળી હતી ત્યારે મોટી સંખ્યામાં વિવિધ સમાજના અગ્રણીઓ, પત્રકાર જગતના લોકો જોડાયા હતા. તેમના પાર્થિવ દેવના અંતિમ સંસ્કાર થલતેજ સ્મશાનગૃહ ખાતે કરવામાં આવેલા હતા.



'ગુજરાત સમાચાર'ના લોકપ્રિય મહિલા સાપ્તાહિક 'શ્રી'ના સ્મૃતિબેન શાહ સતત ચાર દાયકા સુધી તંત્રીપદે રહ્યા હતા. તેમણે મેનેજમેન્ટની વિવિધ શાખાઓ માટેની વિશિષ્ટ વ્યવસ્થાપન વિદ્યા તથા આધુનિક પ્રણાલિકામાં તેમનો ફાળો રહ્યો હતો. તેઓ ગુજરાતી પત્રકારત્વના સંચાલક મંડળ સાથે સંકળાયેલા હતા. તેમના નિધનથી પત્રકારત્વ જગતમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

# જૈન શ્રેષ્ઠી અતુલભાઈ ઉદાણીની પુત્રી કૃપાલી અરિહંતશરણ પામ્યા



રાજકોટઃ લાભશંકર રેવાશંકર ઉદાણી પરિવારના અતુલભાઈ નટવરલાલ ઉદાણી, રાજુલબેન ઉદાણીની પુત્રી કૃપાલી (ઉ.૨૫) તે પ્રતીક ઉદાણીની નાની બહેન, જીનલબેનના નણંદ, દિવ્યેશ નટવરલાલ ઉદાણી, અશ્વિનાબેન લલિતકુમાર મહેતા તથા જયશ્રીબેન બીપીનભાઈ અદાણી (કોલ્હાપુર) તથા બીનીતાબેન કમલેશભાઈની ભત્રીજી, હિતેષભાઈ વસંતલાલ મહેતા (વાંકાનેર) વાળાની ભાણેજ તા.૧૭ના ગુરૂવારે ટુંકી માંદગી બાદ અરિહંત શરણ પામેલ છે. સદગતની અંતિમ યાત્રા તા.૧૮ના શુક્રવારે બપોરે ૪ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી કિરણ સોસાયટી, ગેલેકસી ટોકીઝ પાછળથી નીકળશે.

# દિવાલ પડી જવાથી માતા-પુત્રનું મૃત્યુ થયાના બનાવમાં બાંધકામની સાઈટ કોન્ટ્રાકટર જામીન મુક્ત

રાજકોટ, તા. ૧૯

આજીડેમ વિસ્તારમાં સુરભી ઈન્ડસ્ટ્રીઝની બાંધકામની સાઈટમાં દિવાલ પડી જવાથી માતા-પુત્રનું મૃત્યુ નિપજેલના ચકચારી કેસમાં સાઈટના કોન્ટ્રાકટરની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજુર કરી છે.


અંશ ભારદ્વાજ
એડવોકેટ

કેસની વિગત અનુસાર ગઈ તા.૨૭/૧૦/૨૦૨૪ ના રોજ કડિયાકામ કરતા શ્રમિક રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદી સંજયભાઈ ગુડુભાઈ મોહનીયાએ આરોપી ટ્રેકટર લોડરના ચાલક વિશાલ કાંતીભાઈ જાદવ તથા નરેશભાઈ નારણભાઈ ચૌહાણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવેલી કે, આરોપીઓએ લોડર વડે કપચી ખસેડી દિવાલને ધક્કો મારતા દિવાલ પડી જતાં ફરીયાદીના પત્ની સીમાબેન તથા તેના એક વર્ષના પુત્ર સાર્થકનું મોત નીપજ્યું હતું. પોલીસે બી.એન.એસ. કલમ-૧૦૫, ૫૪ મુજબ ગુનો નોંધ્યો હતો. અહીં બાંધકામના વહિવટ કરતા નરેશભાઈ ચૌહાણે બનાવના સ્થળે કોઈ પણ જાતના સુરક્ષાના સાધનો, હેલ્મેટ વગેરે ઉપલબ્ધ રાખવાના હોય તેમ છતા ઉપરોકત સુરક્ષાના સાધનો ન રાખતા આરોપી નરેશભાઈની બેદરકારીના કારણે બનાવ બનેલ છે તેવી હકિકત ફરીયાદી સંજયભાઈ પોતાની ફરીયાદમાં જણાવેલ હતી. આરોપી નરેશભાઈની પોલીસે ધરપકડ કરી હતી. કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું. આરોપી નરેશભાઈએ તેમના એડવોકેટ અંશ ભારદ્વાજ મારફતે સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ બાદ જામીન પર છુટવા માટે જામીન અરજી કરેલ હતી. જેમાં રજુઆત કરેલી કે, બનાવ અંગે આરોપી નરેશભાઈને અંગત જ્ઞાન નથી. બનવાના સમયે કડીયા કારીગરોનો વિશ્રામનો સમય હતો જેથી મરણજનાર સીમાબેન તેઓના પુત્રનું પેટ ભરાવી રહ્યા હતા જેથી વિશ્રામના સમયે સુરક્ષના સાધનો પહેર્યા ન હોય તે સ્વાભાવિક છે. સમગ્ર બનાવ અકસ્માતનો છે.

આ દલીલો સાંભળ્યા બાદ રાજકોટના એડીશનલ સેશન્સ જજ એમ.જે. બ્રહ્મભટ્ટની કોર્ટે આરોપી નરેશભાઈ ચૌહાણને શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, કૃણાલ દવે, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરે રોકાયેલ હતા.


ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. તુષાર પ્રભુદાસ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

દેહથી ભલે વિલય થયા
પણ આત્માથી
સમીપ છો,
દેહ માટીમાં મળે છે પણ
માનવીનું નામ જીવે છે.
આપનું નામ કાયમ અમારા જીવનમાં પ્રેરણાદાયી બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

PM આંગડીયા પરિવાર

ADMEDIA

ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી



સ્વ. તુષાર પ્રભુદાસ માટલીયા
સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

આપનું અસ્તિત્વ અમારી પ્રેરણા હતી,
અને અમારા આદર્શ માર્ગદર્શક હતા,
આપનો સ્નેહભર્યો, લાગણીશીલ, માયાળુ સ્વભાવ,
કુટુંબ ભાવના સદા યાદ રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના... ૐ... શાંતિ... ૐ... શાંતિ

RP આંગડીયા પરિવાર

ADMEDIA

અરિહંતશરણ-પ્રાર્થનાસભા



સ્વ.ચંદ્રેશભાઈ દલસુખભાઈ વોરા
સ્વ.તા.૧૬-૦૪-૨૫
ઉ.વ.૬૬

સ્વ.શ્રી દલસુખભાઈ ઓતમચંદ વોરાનાં સુપુત્ર ચંદ્રેશભાઈ દલસુખભાઈ વોરા તે પૂર્વીબેન (પ્રતીભાબેન)નાં પતિ તથા ધૈરવ, સન્નીનાં પિતાશ્રી તથા મુકેશભાઈ, પરેશભાઈ, ભાવેશભાઈ, ઈલેશભાઈ અને પ્રતિભાબેન અશોકભાઈ મહેતાનાં ભાઈ તથા સ્વ.વ્રજલાલ રાયચંદ મહેતાનાં જમાઈ તા.૧૬-૪-૨૦૨૫ ને બુધવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

-ઃ સદ્‌ગતનું ઉઠમણુ-પ્રાર્થનાસભા ઃ-
તા.૧૯-૪-૨૦૨૫ શનિવાર
ઉઠમણું : સવારે ૧૦.૦૦ ◆ પ્રાર્થનાસભા : સવારે ૧૧.૦૦
વિરાણી વાડી, યુનિટ-૧, કોઠારીયા નાકા, રાજકોટ

વોરા પરિવારનાં જય જિનેન્દ્ર


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલિક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com







# રાજકોટમાં વિતરણ કરાયેલી છાશ પીધા બાદ ૩૦થી વધુને ફૂડ પોઈઝનિંગ

## શહેરના કુંબલીયાપરા અને ભવાનીનગર વિસ્તારની ઘટના, રાત્રે ગુંદાવાડી હોસ્પિટલમાં દર્દીઓ દાખલ થયા

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં વિતરણ કરાયેલી છાશ પીધા બાદ ૩૦થી વધુને ફૂડ પોઈઝનિંગ થઈ ગયું હતું. શહેરના કુંબલીયાપરા અને ભવાનીનગર વિસ્તારની આ ઘટના છે. રાત્રે ગુંદાવાડી હોસ્પિટલમાં દર્દીઓ દાખલ થયા હતા.

મળેલી માહિતી મુજબ રાજકોટના રામનાથપરા નજીક આવેલા ભવાનીનગર અને કુંબલીયાપરા વિસ્તારમાં સાંજે એક ટ્રસ્ટ દ્વારા છાસ વિતરણ કરવામાં આવ્યું હતું. આ છાસ પીધા બાદ બે ત્રણ કલાક પછી લોકોને પેટમાં ગરબડ અને બેચેની અને દુઃખાવો થવા લાગ્યો હતો. જે બાદ ૩૦ થી વધુ લોકોને ઉલ્ટીઓ થવાની સાથે ઝેરી અસર થઈ હતી. જેથી સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. બંને વિસ્તારોમાં ખાનગી ક્લીનીકમાં લોકોની કતારો લાગી હતી. તબીયતમાં સુધારો ન થતાં તત્કાલ આ લોકો ગુંદાવાડી હોસ્પિટલ પહોંચ્યા હતા. અહીં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતાં. તબીબોએ ઘટનાની ગંભીરતા સમજી તત્કાલ ઝેરી અસર થયેલા લોકોની સારવાર શરૂ કરી હતી. મોડી રાત્રે તેમની તબીયતમાં સુધારો આવ્યો હતો. આ દર્દીઓમાં મોટા ભાગે બાળકો અને તરૂણો હતા. (તસવીર સરફરાઝ પઠાણ)




# ચેક રિટર્ન કેસમાં ધર્મિષ્ઠાબેન ગોંડલીયાને એક વર્ષની જેલ સજા

રાજકોટ તા.૧૮

શહેરમાં આવેલી ખોડલ ક્રેડીટ કો-ઓપ. સોસાયટીમાંથી આરોપી ધર્મિષ્ઠાબેન લલીતભાઈ ગોંડલીયાએ રૂા.૪ લાખની લોન લીધી હતી. જે પછી લોનના હપ્તા ચુકવવા ચેક આપ્યો હતો. જે રૂા.૧,૩૯,૨૪૩નો આપ્યો હતો. આ ચેક રિટર્ન થતા મંડળીએ પોતાના વકીલ મારફત લીગલ નોટીસ મોકલી હતી. તેમ છતાં લોનની બાકી રકમ ન ચુકવતા કોર્ટમાં ફરીયાદ દાખલ થઈ હતી. જે કેસ રાજકોટની કોર્ટમાં ચાલી જતા ફરીયાદી મંડળીના વકીલે દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા અને લેખીત મૌખીક દલીલો સાથે વિવિધ કોર્ટના ચુકાદા ટાંકયા હતા. જે ધ્યાને લઈ રાજકોટના અધિક ચીફ જ્યુડી. મેજી.એ આરોપી ધર્મિષ્ઠાબેન ગોંડલીયાને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સજા તેમજ ચેકની રકમ ૩૦ દિવસમાં ન ચુકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરીયાદી મંડળી વતી ધારાશાસ્ત્રી રીતેષ એસ. કટેચા તથા જય કોટેચા રોકાયેલ હતા.






## ઈન્દિરા સર્કલ ખાતે કોંગ્રેસ દ્વારા મૃતકોને શ્રધ્ધાંજલિઃ કેન્ડલ માર્ચ

રાજકોટ સીટી બસ દુર્ઘટનામાં ૪ વ્યકિતઓના મોતના બનાવનાં પગલે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મૃતકોના વારસદારોને ૫૦ લાખનું વળતર ચુકવવા સાથે એજન્સી અને મળતીયા સામે કડક પગલાની માંગ બાદ રાતે ઈન્દિરા સર્કલ ખાતે ચારેય મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પી કેન્ડલ માર્ચ યોજી હતી. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા સહિતના આગેવાનો- કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ધો.૯ ની છાત્રા સાથે ભગવતીપરાના રાહુલે અડપલાં કરી બચકા ભર્યા

## પરીક્ષા પૂર્ણ કરી બહાર નીકળેલી સગીરાને બાઈક પર બેસાડી નરાધમ પોતાના ઘરે લઈ જઈ કૃત્ય કર્યું: એ.ડિવિઝન પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટ.તા.૧૮

ધોરણ-૯ માં અભ્યાસ કરતી સગીરાને શાળાએથી ઉઠાવી પોતાના ઘરે લઇ જઈ ભગવતીપરાના રાહુલે શારીરિક અડપલાં કરી છાતીના ભાગે બચકા ભરી લીધા હતા. જે બનાવ પરીવાર સામે આવતાં તેઓ અવાચક બની ગયાં હતાં. જે બનાવ અંગે સગીરાના પિતાએ એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે મળતી માહિતી અનુસાર ભગવતીપરા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરાના પિતાએ એ ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં ભગવતીપરા વિસ્તારના જયપ્રકાશનગરમાં રહેતા રાહુલ નામના શખ્સનું નામ આપતાં પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમની ૧૪ વર્ષીય સગીર પુત્રી હોસ્પિટલ ચોક નજીક આવેલી શાળામાં ધોરણ-૯ માં અભ્યાસ કરે છે. ગઈકાલે પુત્રી રાબેતા મુજબ દરરોજ લેવા-મુકવા જતી રીક્ષા મારફતે શાળાએ જવા માટે નીકળી હતી. સગીરાને હાલ પરીક્ષા ચાલતી હોય તેણે પરીક્ષાનું પેપર વહેલું પૂર્ણ કરી લીધું હોય તેણી શાળામાંથી વહેલા બહાર નીકળી ગઈ હતી.

દરમિયાન રાહુલ નામનો શખ્સ શાળાની બહાર જ આટાફેરા કરતો હોય તે શખ્સ અગાઉથી જ સગીરાના પરિચયમાં હતો. આટો મારવા જવાનાં બહાને સગીરાને બાઈકમાં બેસાડી પોતાના જય પ્રકાશનગર સ્થિત મકાને લઇ ગયો હતો. જ્યાં આરોપીએ સગીરાના શરીરે હાથ ફેરવ્યો હતો. જેનો સગીરાએ ઇન્કાર પણ કર્યો હતો તેમ છતાં રાહુલે શારીરિક અડપલાં ચાલુ રાખ્યાં હતાં અને સગીરાના છાતીના ભાગે બચકા ભરી લીધા હતા.

આ તરફ સ્કૂલનો સમય પૂરો થયાં બાદ તેડવાં આવેલ રીક્ષાચાલકે અમુક સમય સુધી રાહ જોયા બાદ પણ સગીરા શાળાની બહાર નહિ આવતા તેણે માતાને આ બાબતે જાણ કરી હતી. જેથી પરિજનો શાળા ખાતે દોડી આવ્યા હતા અને સગીરાની ભાળ મેળવવા પ્રયત્નો શરૂ કર્યા હતા. ત્યારે ભોગ બનનારી પેપર વહેલું પૂર્ણ કરી શાળામાંથી બહાર નીકળી ગયાનું જાણવા મળ્યું હતું. દરમિયાન માતા શાળાના ગેટ ખાતે હાજર હતી તે જ સમયે રાહુલ બાઈક પર સગીરાને ઉતારી નાસી ગયો હતો. જે બાદ માતાએ પુત્રીને આ બાબતે પુછાણ કરતા સગીરાએ તમામ હકીકત જણાવી હતી.

જે બાદ સગીરાના પિતા એ.ડિવિઝન પોલીસ મથકે દોડી ગયા હતા અને ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# નટ બોલ્ટના વેપારી સાથે પરેશ લીંબસિયાએ રૂા.૧.૧૪ લાખની છેતરપીંડી આચરી

## અટીકા ફાટક પાસે પ્રભાત નટ બોલ્ટના માલિકને શરૂઆતમાં પેમેન્ટ ચૂકવી વિશ્વાસમાં લીધાં, બાદમાં આરોપીએ ધૂંબો મારી દીધોઃ ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધાયો

રાજકોટ.તા.૧૮

ગોંડલ રોડ પર અટીકા ફાટક પાસે નટ બોલ્ટની દુકાન ધરાવતા અને રાજકોટ તેમજ બહાર ગામના વેપારીઓને સામાન પૂરો પાડતા વેપારી પાસેથી ૧.૧૪ લાખનો માલ લઈ જઈ રાજકોટના શખ્સે પૈસા નહિ આપી છેતરપિંડી કરતા તેમની સામે પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

બનાવ અંગે, નાનામવા રોડ અંબિકા ટાઉનશીપ પાસે મારુતિ એપાર્ટમેન્ટની બાજુ માં શ્રીજી મકાનમાં રહેતા વિનોદભાઈ શામજીભાઈ વાઘેલાએ પોતાની ફરિયાદમાં આરોપી તરીકે પરેશ લીંબાસિયા (પ્રજાપતિ) નું નામ આપતા તેમની સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની કલમ હેઠળ ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

વધુમાં વિનોદભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ અટીકા ફાટક પાસે ઢેબર રોડ કોર્નર પાસે પ્રભાત નટ બોલ્ટ નામની દુકાન ચલાવે છે. ગઈ તા. ૧૭ માર્ચના સવારના સમયે પોતાની દુકાને હાજર હતા ત્યારે તેઓની દુકાનેથી બે ત્રણ વખત છૂટક માલની ખરીદી કરીને લઈ જનાર અને રોકડમાં વ્યવહાર કરતા પરેશભાઈ દુકાને આવ્યા હતા અને તે વખતે તેને જણાવ્યું કે,તમે ચલણમાં માલ આપો છો, તમને શનિવારે ૨૨ માર્ચના રોજ જીએસટીની વિગતો આપીશું ત્યારે સાથે બિલ બનાવી આપજો અને એકસાથે બધા પૈસા આપી દઈશ.

ત્યારબાદ અલગ અલગ સમયે કુલ રૂપિયા ૧.૧૪ લાખનો માલ સામાન પરેશભાઈ લઈ ગયા હતા ત્યારબાદ તેઓને ફોન કરતા તેઓ ફોન ઉપાડતા ન હોય અને દાતાર એન્ટરપ્રાઇઝ રેલનગરમાં તપાસ કરતા ત્યાં પરેશભાઈ નામની કોઈ વ્યક્તિ રહેતી ન હોય તેમજ રીક્ષા વાળાએ જ્યાં માલ ઉતાર્યો ત્યાં માલધારી ફાટકે ચામુંડા નટ બોલ્ટમાં તપાસ કરતા તેમના માલિક દિપકભાઈએ કહ્યું કે આ બધા માલના પૈસા પરેશભાઈને આપી દીધા છે. જેથી આ પરેશએ છેતરપિંડી કરતા ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# લોન પર લીધેલ કિયા સોનેટ કારની બોગસ એનઓસી તૈયાર કરી બારોબાર વેંચી નાંખી

## કાલાવડ રોડ પર રહેતાં ચેતન પરમાર નામના શખ્સનું કારસ્તાનઃ કિયા કંપનીના લીગલ એડવાઇઝરે ફરીયાદ નોંધાવતા એ. ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી

રાજકોટ. તા.૧૮

કાલાવડ રોડ પર રહેતા શખ્સે લોન પર કિયા કાર ખરીદ્યા બાદ કારની લોનના હપ્તા ન ભરી લોન કંપનીનું બોગસ એનઓસી તૈયાર કરી આ કાર અન્ય વ્યક્તિને વેચી દીધી હતી. જે અંગેની જાણ લોન કંપનીને થતા આ મામલે કંપનીના લીગલ ઓફિસર દ્વારા આરોપી વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી સામે છેતરપિંડી, વિશ્વાસઘાત બોગસ દસ્તાવેજ તૈયાર કરવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે અમદાવાદમાં નવા નરોડા વિસ્તારમાં રહેતા ચિરાગકુમાર અશ્વિનભાઈ બારોટ દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ચેતન કનકભાઈ પરમાર (રહે. પ્લોટ નંબર ૮૭, ગ્લોરીયસ ગોલ્ડ, કાલાવડ રોડ, રાજકોટ) નું નામ આપ્યું છે. ચિરાગભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટાટા કેપિટલ લિ. ની કંપનીમાં લીગલ મેનેજર છે. કંપનીની બ્રાન્ચ ઓફિસ રાજકોટમાં ભક્તિનગર સ્ટેશન પ્લોટ પિનાકોલ બિલ્ડીંગમાં ૩૦૨ નંબરની ઓફિસમાં આવેલી છે. કંપની જુદા જુદા પ્રકારની લોન આપવાનું કામ કરે છે.

આરોપી ચેતન પરમારે કંપની પાસેથી કિયા મોટર્સ કંપનીની સોનેટ ગાડી નં. જીજે ૩ એમઈ ૯૪૯૦ પર રૂ.૧૩,૪૫,૦૩૫ ની તા. ૨૦/૧૨/૨૦૨૨ ના લોન લીધી હતી. જે લોનની રકમ ૬૦ હપ્તામાં ચૂકવવાની હતી. આરોપીએ ૧૬ હપ્તાની ભરપાઈ કરી હતી. તા. ૩/૪/૨૦૨૪ સુધી હપ્તા ભર્યા હતા. ત્યારબાદ તેને હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બાદમાં કંપની તરફથી તેને નોટિસ મોકલવામાં આવી હતી. છતાં તેણે કોઈ જવાબ આપ્યો ન હતો. આરોપી ચેતનને કંપનીને રૂ. ૧૧.૫૭ લાખ ચૂકવવાના બાકી હતા.

દરમિયાન આરોપીએ કાર ઉપર લોન ચાલતી હોવાનું જાણતો હોવા છતાં તેણે લોનની રકમ ભરપાઈ કર્યા વગર લોન કંપનીનું બોગસ એનઓસી તેમજ ફોર્મ નંબર ૩૫ બોગસ તૈયાર કરી આરટીઓમાં રજૂ કરી આરટીઓમાં કાર પરનું કંપનીનું હાઈપોર્થીકિશન કઢાવી છગનભાઈ નાથાભાઈ મુંધવાને આ કાર બારોબાર વેચી નાખી હતી. જે અંગેની જાણ કંપનીને થયા બાદ આ મામલે કંપનીના લીગલ ઓફિસર દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. બનાવ અંગે વધુ તપાસ પીએસઆઇ બી.આર.સાવલિયા ચલાવી રહ્યા છે.

### આરોપી સામે રાજકોટ, પાલનપુરમાં પણ છેતરપિંડીના ગુના

રાજકોટ. તા.૧૮

કિયા કંપનીના લીગલ ઓફિસરે વધુમાં જણાવ્યું હતું કે, આરોપી ચેતને લોનના હપ્તા ભરવાનું બંધ કરી દઇ નોટિસનો પણ કોઇ જવાબ ન આપતા કંપનીએ આરટીઓમાં કાર વિગતો કઢાવતા કાર અન્યને વેચી દીધી હોવાનું માલુમ પડયું હતું. તેમજ આરોપી સામે રાજકોટના માલવીયાનગર અને પાલનપુરમાં પણ આ પ્રકારના છેતરપિંડાના ગુના નોંધાઇ ચૂકયા હોવાનું સામે આવ્યું હતું.

## અવસાન નોંધ

**રાજકોટ:** સોની વિનોદરાય કાનજીભાઈ ઘુટલા (અકોલવાડી ગીર વાળા) (ઉ.૭૫)નું તા.૧૬ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૮ને શુક્રવારના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સોસાયટી, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે સાંજે ૪-૩૦થી ૬ સુધી રાખેલ છે. ભરતભાઈ ઘુટલા મો.૯૮૨૫૦ ૭૪૫૧૭.

**રાજકોટ:** સ્વ. દલસુખભાઈ ઓતમચંદ વોરાના પુત્ર ચંદ્રેશભાઈ દલસુખભાઈ વોરા તે પૂર્વીબેન (પ્રતીભાબેન)ના પતિ તથા ધૈરવ, સન્નીના પિતાશ્રી, તથા મુકેશભાઈ, પરેશભાઈ, ભાવેશભાઈ, ઈલેશભાઈ, પ્રતિભાબેન અશોકભાઈ મહેતાના ભાઈ, સ્વ. વ્રજલાલ રાયચંદ મહેતાના જમાઈ તા.૧૬ના અરીહંત શરણ પામેલ છે. ઉઠમણું-પ્રાર્થનાસભા તા.૧૯ના સવારે ૧૦ કલાકે પ્રાર્થનાસભા સવારે ૧૧ કલાકે વિરાણી વાડી કોઠારીયા નાકા ખાતે રાખેલ છે.

**વેરાવળ:** સોની ભરતભાઈ દેવજીભાઈ ઘુચલા (પ્રેસ ફોટોગ્રાફર) નેચરલ સ્ટુડીયો વાળા (ઉ.૬૬) તે સ્વ. દેવજીભાઈ નથુભાઈ ઘુચલાના પુત્ર, ધવલભાઈ ચીરાગભાઈ ઘુચલા, ધારાબેન આનંદકુમાર રાણીંગાના પિતાશ્રીનું તા.૧૬ને બુધવારે અવસાન થયેલ છે. ઉઠમણું તા.૧૮ના ૫થી ૬ શ્રી બીલેશ્વર મહાદેવ મંદિર, શિક્ષક કોલોની વેરાવળ રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. નટવરલાલ લીલાધરભાઈ જોબનપુત્રાના ધર્મપત્ની વિમળાબેન (ઉ.વ.૭૫) તે સ્વ.કેશવલાલ ધરમશીભાઈ સૂચકના સુપુત્રી અને કિર્તિભાઈ, વિરલભાઈ તથા રૂપલબેન મોનીકકુમાર ગોકાણીના માતુશ્રી રક્ષાબેન તથા સોનલબેનના સાસુ, કેયુર, તન્વી અને ચાર્મીના દાદી અને ધૈર્યના નાનીમાં તા.૧૭ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી શુક્રવાર તા.૧૮ ના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ ગીતા મંદિર, જંકશન પ્લોટ ખાતે રાખેલ છે.

**જુનાગઢ:** કુતિયાણા નિવાસી, હાલ જુનાગઢ, સ્વ. લક્ષ્મીચંદ ભોવાનભાઈ શાહનાં નાના દિકરા ભાઈ સંદીપભાઈ એલ.શાહ (ઉ.વ.૮૦) તે પ્રતિમાબેનનાં પતિ, હેમલભાઈ, હર્ષલભાઈના પિતાશ્રી, અનંતરાય એલ.શાહ (બેંગ્લોર), પ્રમોદરાય એલ.શાહ (રાજકોટ), હરિબેન, પ્રભાબેન, સવિતાબેન, ઈન્દુબેન, જયોત્સનાબેન, સરલાબેનનાં લઘુબંધુનું તા.૧૮ને શુક્રવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું/પ્રાર્થનાસભા તા.૧૯ ને શનિવારે, સાંજે ૫થી૬ કલાક દરમ્યાન ભુતનાથ મહાદેવ મંદિર, સત્સંગ હોલ, ભુતનાથ મહાદેવ મંદિર, જુનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જામનગર નિવાસી હાલ રાજકોટ સ્વ.રસિકલાલ માણીલાલ ટોળીયાના પુત્ર જયેન્દ્રભાઈ (ઉ.૭૫) તે સ્વ. જયોતીન્દ્રભાઈ, દિલીપભાઈ, જાગૃતિબેનના ભાઈ તથા સ્વ. દલસુખરાય વનમાલી શાહ ઉપલેટા વાળાના જમાઈ, સંકેતભાઈ, તોરલબેનના પિતાશ્રી, ધર્મેશભાઈ દોશી તથા નિકિતાબેનના સસરા તા.૧૮ને શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૯ને શનિવાર સવારે ૧૦-૩૦ કલાકે ૠષભદેવ ઉપાશ્રય, ૧ તિરૂપતિનગર મેઈન રોડ, કેન્સર હોસ્પિટલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સુદાન નિવાસી સ્વ.શાંતીલાલ એન. ગાંધીના પુત્ર સ્વ.ડો. રૂપેશભાઈ ગાંધી (હાલ રાજકોટ) તે રીનાબેનના પતિ અને પાવનનાં પિતાશ્રી તથા શૈફાલીબેનના ભાઈ, ઉપલેટા નિવાસી મહાસુખભાઈ વાલાણીનાં જમાઈ તા.૧૮ને શુક્રવારે અરિહંત શરણ પામેલ છે. ઉઠમણું તા.૧૯ના બપોરે ૪-૩૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

# રાજકોટમાં અભ્યાસ કરતી તરૂણી પર ચાલું બસે દુષ્કર્મ

## મૂળ પોરબંદર પંથકની તરૂણી જે હોસ્ટલમાં રહેતી ત્યાં કામ કરતાં શખ્સ સાથે પરીચય થયો 'તોઃ જે બાદ તે સુરત ચાલી ગઈ હતી, વતન ફરતી હતી ત્યારે સ્લીપર કોચમાં ઘુસેલા શખ્સે દેહ ચૂંથ્યોઃ પોરબંદર પોલીસમાં ઝીરો નંબરથી ફરીયાદ દાખલ થયાં બાદ સુરત પોલીસે ગીર સોમનાથના શખ્સની શોધખોળ આદરી

રાજકોટ. તા.૧૮

મિત્રતા, મદદ, લગ્ન કરવા સહિતના અનેક બહાનાં હેઠળ વિકૃત સગીરાઓ, બાળાઓ, યુવતિઓ, છાત્રાઓ અને પરિણીતાઓને પણ ફસાવીને દુષ્કર્મ આચરી લેતાં હોવાના બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે વાલીઓ માટે એક લાલબત્તી સમાન બનાવ સામે આવ્યો છે. જેમાં એક છાત્રાને મિત્રએ મિત્રતામાં ફસાવી બાદમાં ચાલુ બસે બળાત્કાર ગુજારી લીધો હતો. જે બાદ તરૂણીએ પોતાના વતન પોરબંદર પહોંચી પરિવારને વાત કરતાં પરિવારજનો ચોંકી ગયાં હતાં અને તુરંત પોરબંદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ બનાવ સુરત પોલીસના મહિધપુર પોલીસ મથક હેઠળ આવતો હોવાથી ફરીયાદ ત્યાં ટ્રાન્સફર કરી હતી અને પોલીસે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.



બનાવની મળેલ વિગત મુજબ, પોરબંદરની કિશોરી રાજકોટની સ્કૂલમાં અભ્યાસ કરતી હતી અને હોસ્ટેલમાં રહેતી હતી. ત્યારે હોસ્ટેલમાં કામ કરતો વિજય કરશન બારડ ( રહે.ગીર દેવડી ગામ, ગીર સોમનાથ) કિશોરી સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ કિશોરી વધુ અભ્યાસ માટે સુરત આવી ગઈ હતી. જે બાદ પાછળ પાછળ આરોપી વિજય પણ સુરત આવતો જતો હતો. તાજેતરમાં કિશોરી વતન જવાની જાણ થતા વિજય સુરત આવ્યો હતો. સાંજે કિશોરી ખાનગી સ્લીપર કોચ બસમાં બેઠી હતી અને વિજય પણ તે બસમાં બેઠો હતો. વિજય અને કિશોરી બંને બાજુ બાજુમાં બેઠા હતા. રાત્રે વિજયે કિશોરી પર બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું અને આ અંગે કોઈને કહીશ તો હું મરી જાઈશ અને મારા મારવાનો આરોપ તારી ઉપર આવશે કહી ધમકી આપી હતી.

પરંતુ સગીરાને પોતાની સાથે ખોટું થઈ ગયું હોઈ જેથી પોરબંદર પહોંચી કિશોરીએ માતાને પોતાની સાથે જે કંઈ ઘટના ઘટી તેની સમગ્ર હકિક્ત જણાવતાં માતા સહિતના પરિવારજનો ચોંકી ગયા હતાં અને પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. પોરબંદર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર અને એક્ટ્રોસીટીનો ગુનો દાખલ કર્યો હતો. બનાવ મહિધરપુરા પોલીસની હદમાં થયો હોવાથી ફરિયાદ હવે મહિધરપુરા પોલીસમાં ટ્રાન્સફર કરવામાં આવતાં વિશેષ તપાસ ત્યાંની પોલીસે શરૂ કરી હતી.

# સગીરાના અપહરણ પોકસો કેસમાં આરોપી આસીફ ચૌહાણ નિર્દોષ

## દોઢ માસમાં જ કેસનો ચુકાદો

રાજકોટ તા.૧૮

સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં કોર્ટ આરોપી આસીફ રજાક ચૌહાણને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર તા.૩/૩/૨૫ના રોજ ભક્તિનગર પોલીસ મથકે ફરિયાદીએ પોતાની સગીરવયની દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી આરોપી અને ભોગ બનનારને શોધી કાઢયા હતા. આરોપીની ધરપકડ કરી ગુનામાં પોકસોની કલમનો ઉમેરો થયો હતો. પોલીસે ચાર્જશીટ રજુ કરતા કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં ફરિયાદ પક્ષે સાહેદોને તપાસવામાં આવેલ તેમજ ડોકયુમેન્ટરી પુરાવા રજુ કરવામાં આવેલ આ કામમાં અતિ મહત્વના ગણાતા ફરિયાદી તથા સરકારી સાહેદોએ જુબાની આપેલ પરંતુ આરોપીના વકીલે આરોપીના બચાવમાં તપાસતા હકીકત રેકોર્ડ ઉપર આવેલ તથા ઘણો બધો વિરોધાભાસ રહેલ હોય જેથી ફરિયાદ પક્ષ કેસને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તથા આરોપી તરફે રોકાયેલ વકીલે કરેલ રજુઆતો દલીલો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓ ધ્યાનમાં લઈ આ કામના આરોપી આસીફ રજાકભાઈ ચૌહાણને રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગીરીશ જે.વારગીયા તથા સુરેશ જે.વારંગીયા રોકાયેલ હતા.

# બહેને પૈસા આપવાની ના પાડતાં ભાઈએ સ્કુટીમાં તોડફોડ કરી મારી નાંખવાની ધમકી આપી

## રામનાથપરામાં ગરૂડ ગરબી પાસેનો બનાવઃ એ. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૮

રામનાથપરામાં ગરૂડ ગરબી પાસે રહેતી મહિલાએ પૈસા આપવાની ના પાડતાં તેના સગા ભાઈએ સ્કુટીમાં તોડફોડ કરી મારી નાંખવાની ધમકી આપતા એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રામનાથપરામાં ગરૂડ ગરબી પાસે જુમ્મા મસ્જિદ રોડ પર રહેતી સાહીસ્તા અબ્દુલ રસીદભાઇ ઠેબા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહમદ હુસેન અબ્દુલ રસીદ ઠેબાનું નામ આપી જણાવ્યું હતું કે, તેણી તેના માતા તથા ભાઇ મોહમદહુસૈન અબ્દુલ સાથે રહી ઘરકામ કરે છે.

ગઈકાલે બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ તેણી ઘરે હતી ત્યારે ભાઈ મોહમદહુસૈન ઘરે આવેલ અને જમીને તેણી પાસે પૈસા માંગવા લાગેલ જેથી તેમને કહેલ કે, મારી પાસે પૈસા નથી જેથી તે ઉશ્કેરાઇ ગયેલ અને કહેવા લાગેલ કે, મને પૈસા આપો નહી તો તમને જાનથી મારી નાંખીશ તેમ કહી રસોડામા રહેલ ઘરવખરીનો સામાન ફેકવા લાગેલ અને ફળિયામાં પડેલ સ્કુટી પેપમાં લાકડી તથા પથ્થર વડે મારવા લાગેલ અને તોડી નાખી આશરે રૂ.૧૨ હજારનું નુકશાન પહોંચાડેલ હતું.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એચ.એન. જેઠવા અને સ્ટાફે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

## ટેરિફ વોરના ગભરાટનો કડાકો સંપૂર્ણ રિકવર કરી લેનાર ભારતીય શેરબજાર વિશ્વનું પ્રથમ

# એડવાન્ટેજ ઈન્ડિયા : શેરબજારમાં પાંચ વર્ષની સૌથી મોટી અઠવાડિક તેજી

### ત્રણ દિવસનાં ટુંકા સપ્તાહમાં સેન્સેકસ ૩૩૯૫ પોઈન્ટ ઉંચકાયો; ફેબ્રુઆરી ૨૦૨૧ પછીનો સર્વોચ્ચ ઉછાળોઃઈન્વેસ્ટરોની સંપતિમાં ૧૮.૦૫ લાખ કરોડની વૃધ્ધિ

### વિદેશી સંસ્થાઓની ત્રણ દિવસમાં ૧૪૬૫૦ કરોડની નેટ ખરીદીથી પલ્ટાયો મૂડઃ ટેરિફ રાહત,વ્યાજદર ઘટાડા નોર્મલ ચોમાસાની આગાહીથી સારી અસર

રાજકોટ તા.૧૮

અમેરિકાનાં ટેરિફ-ટ્રેડવોરને પગલે દુનિયાભરનાં શેરબજારોમાં મોટી ઉથલપાથલ મચેલી છે. રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની મુદત અપાતા વૈશ્વિક શેરબજારોમાં સારી રિકવરી આવી ગઈ છે અને તેમાં ભારત મેદાન મારી ગયુ છે. ટેરિફના ગભરાટમાં કડાકો સર્જાયા બાદ સંપૂર્ણ રિકવરી મેળવી લેનાર ભારત વિશ્વનું પ્રથમ અને કદાચ એકમાત્ર શેરબજાર છે.

’છેલ્લા ચાર જ દિવસમાં ઈન્વેસ્ટરોની સંપતિમાં અંદાજીત ૨૫ લાખ કરોડની વૃધ્ધિ થઈ છે. છેલ્લા પાંચ વર્ષોની સૌથી મોટી અઠવાડીક તેજી થઈ છે. આ તેજી આગળ ધપશે કે કેમ તે વિશે જાણકારોનાં ભિન્ન મત રહ્યા છે.

શેરબજાર માટે ચાલુ સપ્તાહમાં માત્ર ત્રણ જ વિકાસનાં ટ્રેડીંગ સેશન હતા.ગત સોમવારે આંબેડકર જયંતિની રજા હતી અને આજે ગુડફ્રાઈડે નિમિતે બંધ હતું. મંગળ, બુધ અને ગુરૂ એમ ત્રણ દિવસ કામકાજ થયા હતા. ત્રણેય દિવસમાં જબરજસ્ત તેજી જોવા મળી હતી. આ પૂર્વે ગત શુક્ર સપ્તાહના અંતિમ દિવસે પણ જોરદાર ઉછાળો નોંધાયો હતો. ચાર દિવસનાં ઉછાળાને ગણતરીમાં લેવામાં આવે તો ઈન્વેસ્ટરોની સંપતિમાં અંદાજીત ૨૫ લાખ કરોડનો વધારો થયો છે. જયારે ચાલુ સપ્તાહના ત્રણ ટ્રેડીંગ સેશનમાં સંપતિમાં ૧૮ લાખ કરોડનો



વધારો,થયો છે.

આ દરમ્યાન સેન્સેકસમાં ૩૩૯૫ પોઈન્ટ તથા નિફ્ટીમાં ૧૦૨૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

સેન્સેકસ તથા નિફ્ટી ત્રણ દિવસના ટુંકા સપ્તાહમાં સરેરાશ ૪.૫ ટકાનો ઉછાળો સુચવતા હતા. જે ફેબ્રુઆરી ૨૦૨૧ પછીનો સૌથી મોટો અઠવાડીક ઉછાળો બન્યો હતો..

શેરબજાર છેલ્લા દિવસોમાં તેજીના અસલી રંગમાં આવી ગયુ છે. તે પાછળ અનેકવિધ કારણો જવાબદાર રહ્યા છે.અમેરિકામાં ચીન સિવાયના દેશો પર રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની મુદત જાહેર કરતા આ દરમ્યાન ટ્રેડ ડીલ શકય બની જવાના આશાવાદથી સૌથી મોટી રાહત થઈ જ, હતી.

આ સિવાય વ્યાજદરમાં ઘટાડો, મોંઘવારીમાં રાહત, ચોમાસુ નોર્મલથી પણ વધુ સારૂ રહેવાની આગાહી જેવા કારણો પણ ટેકારૂપ બન્યા હતા.ચોમાસું સારૂ થવાના સંજોગોમાં ભારતીય આર્થિક વિકાસની કુચ યથાવત રહી શકે છે. આ સિવાયનું એક મોટુ કારણ વિદેશી સંસ્થાઓની લેવાલીનું હતું કેટલાંક મહિનાઓથી જંગી વેચાણ કરી રહેલી વિદેશી સંસ્થાઓએ સળંગ ત્રણ દિવસમાં ૧૪૦૦૦ કરોડથી વધુની ખરીદી કરતા સારી અસર હતી. શેરબજારની વર્તમાન તેજી જળવાશે કે કેમ તે વિશે શેરબ્રોકરોનાં ભિન્ન સુર છે. એક વર્ગ એવુ માને છે કે તેજી રહે તો પણ વન-વે નહિં હોય અને વૈશ્વિક ઘટનાક્રમો આધારીત ઉપથપાથલ ચાલી રહે તેમ છે.

## હૈદરાબાદની ફલાઈટ ટેક ઓફ થયા બાદ મેડિકલ ઈમરજન્સીના લીધે પરત ફરીઃ તાત્કાલિક લેન્ડિંગ

### ફલાઈટમાં રહેલા મહિલા પેસેન્જરનું બ્લડ પ્રેશર વધી જતા ઈમરજન્સી લેન્ડિંગઃ મહિલાને ગોકુલ હોસ્પિટલ ખસેડાયા

રાજકોટ તા.૧૮

રાજકોટનાં હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આજે હૈદરાબાદની ફલાઈટ ટેક ઓફ થયા બાદ ફલાઈટમાં બેઠેલા એક મહિલા મુસાફરને બ્લડ પ્રેશર વધી જતાં તાત્કાલીક મેડીકલ સેવાની જરૂર જણાતા તુરત જ ફલાઈટને પરત રાજકોટ હિરાસર એરપોર્ટમાં ઈમરજન્સી લેન્ડીંગ કરાવી મહિલાને ગોકુલ હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.




હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આજે બપોરની ડેઈલી હૈદરાબાદની ફલાઈટ જીઈ-૬૮૨૪ ટેક ઓફ થયા બાદ થોડી મીનીટોમાં જ ફલાઈટમાં મુસાફરી કરી રહેલા મહિલા દર્દી સાગરાહારીકાને બ્લડ પ્રેશર વધી જતા તબીયત લથડતા મેડીકલ ઈમરજન્સીને પગલે કેપ્ટને તુરત જ હિરાસર કંટ્રોલરૂમનો સંપર્ક કરી ફલાઈટને પરત લાવી ઈમરજન્સી લેન્ડીંગ કરાવ્યુ હતું. ફલાઈટમાં રહેલા મહિલા દર્દી સાગરાહારીકા ગોકુલ હોસ્પિટલની એમ્બ્યુલન્સની મદદથી ગોકુલ હોસ્પિટલ ખસેડાયા હતા. જયાં તેમને સારવાર આપવામાં આવી હતી.

મહિલા મુસાફરની તબીયત લથડતા ઈન્ડીગો હૈદરાબાદ બાદ ટેક ઓફ થયા બાદ પરત હીરાસર ઈમરજન્સી લેન્ડીંગ કરી મહિલા દર્દીને ઉતારી હૈદરાબાદ જવા ફરી ટેક ઓફ થઈ હતી.

## એક સપ્તાહ તાપમાનમાં આંશિક રાહતઃ પારો ૪૦.૫ થી ૪૩.૫ ડિગ્રીની રેન્જમાં રહેશે

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.૨૫ એપ્રિલ સુધીની આગાહીઃ તા.૨૨-૨૩ ગરમી વધુ હશે

રાજકોટ તા.૧૮

રાજકોટ સહિતના રાજયના અનેક સેન્ટરોમાં ચામડી દઝાડતી ગરમીના દોરમાં હવે એક સપ્તાહ આંશિક રાહત રહેશે અને તા.૨૫ એપ્રિલ સુધી તાપમાન ૪૦.૫ થી ૪૩.૫ ડીગ્રીની રેન્જમાં રહેવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે ગત આગાહીમાં સુચવાયા કરતા તાપમાન એકાદ ડીગ્રી નીચુ હતું છતાં નોર્મલ કરતાં ૧ થી ૩ ડીગ્રી વધુ હતું. રાજકોટમાં ૪૨.૯ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ૩ ડીગ્રી વધુ હતું.ભુજનું ૪૧.૪ ડીગ્રી તાપમાન પણ નોર્મલ કરતાં ૩ ડીગ્રી વધુ હતું. આ સિવાય અમરેલી ૪૨.૫ તથા અમદાવાદ ૪૧.૮ ડીગ્રી નોર્મલ કરતા બે ડીગ્રી વધુ હતું. ગાંધીનગરમાં ૪૧ ડીગ્રી તથા ડીસામાં ૪૦.૨ ડીગ્રી હતા તે નોર્મલ કરતાં એક ડીગ્રી વધુ હતું.



તા.૧૮ થી ૨૫ એપ્રિલ સુધીની આગાહીમાં તેઓએ કહ્યું કે આ દરમ્યાન તાપમાનનો પારો ૪૦.૫ ની ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. મુખ્યત્વે તા.૨૨ અને ૨૩ મીએ પારો ઉંચો ઉપલી રેન્જમાં રહેશે. અને બાકીનાં દિવસોમાં નીચલી અથવા વચલી રેન્જમાં રહેવાની સંભાવના છે. હાલ નોર્મલ તાપમાન ૩૯.૫ ડીગ્રી છે.જે ડીસા તથા ભુજમાં ૩૯ ડીગ્રી તથા અમરેલીમાં ૪૦ ડીગ્રી છે.

આગાહીનાં સમયગાળામાં પવન મુખ્યત્વે પશ્ચિમ તથા ઉતર પશ્ચિમનાં ફુંકાશે. તા. ૧૮ થી ૨૦ પવનની ઝડપ ૧૨ થી ૨૫ કી.મી. જેટલી વધુ રહેશે.જયારે ઝાટકાના પવન ૨૫ થી ૩૫ કીમીના રહેશે. ત્યારબાદ પવનનુ જોર ઘટીને ૮ થી ૧૫ કીમીનું થશે. ઝાટકાનાં પવનની ઝડપ ૧૫ થી ૨૫ કીમી રહેશે. આકાશ સ્વચ્છ જ રહેશે. છતાં બે દિવસ કયારેક છુટાછવાયા વાદળો જોવા મળી રહ્યા છે.

### આપણી લાગણીઓની સ્વાસ્થ્ય પર શું અસર પડે છે

## ભયથી કિડની ખરાબ થાય : ગુસ્સાથી લીવર બગડે !!

### સુખ, ક્રોધ, ભય, ચિંતા, ઉદાસી આ બધુ આપણા મન પર જ નહીં શરીરના વિવિધ ભાગોને અસર કરે છે

નવી દિલ્હી : આજની ભાગદોડવાળી જીંદગીમાં જ્યાં આપણે આપણી જાતને સમય આપી શકતાં નથી. આનાથી આપણી અંદર ઘણી બધી લાગણીઓ ઉભી થઈ છે. આવી સ્થિતિમાં આપણું શરીર પણ ઘણી રીતે પ્રતિક્રિયા આપે છે. આપણને લાગે છે તેમ આપણું શરીર પણ પ્રતિભાવ આપે છે. સુખ, ક્રોધ, ભય, ચિંતા, ઉદાસી, આ બધું આપણા મન પર જ નહીં પરંતુ આપણા શરીરના વિવિધ ભાગોને પણ અસર કરે છે.



જો તમે ઘણા લાંબા સમયથી તમારી અંદર કોઈ પણ વાત કે લાગણીઓને રાખી હોય તો તે આપણા અંગોને નબળા પાડી શકે છે. આ આપણને ગંભીર રીતે બીમાર કરી શકે છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે આપણી લાગણીઓ આપણને અસર કરી શકે છે ? આ માટે અમે ડો.નીતુ તિવારી (સિનિયર રેસિડેન્ટ, એમડી સાઈકિયાટ્રિસ્ટ, એમબીબીએસ, નોઇડા ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ) સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે આપણી ભાવનાઓ આપણા શરીરનાં અંગોને આ રીતે અસર કરે છે.

**ક્રોધ- લીવર**

આજકાલ લોકો ખૂબ જ ઝડપથી ગુસ્સે થઈ જાય છે. ખરેખર તો આ ભાગદોડ ભરેલી જીંદગીમાં લોકોમાં એટલી બધી નિરાશા જોવા મળે છે કે લોકો નાની નાની વાતો પર પણ તરત જ ગુસ્સે થઇ જાય છે. જ્યારે આપણને વધારે ગુસ્સો આવે છે, ત્યારે તેની સીધી અસર આપણા લીવર પર પડે છે. જેનાથી માથાનો દુખાવો, ચીડિયાપણું, પાચનની સમસ્યા અને હાઈ બ્લડ પ્રેશર થઈ શકે છે.

**ડર- કિડની**

સતત ભય કે ગભરામણ કિડની પર અસર કરે છે. તેનાથી થાક, કમરનો દુખાવો, અનિંદ્રા અને વારંવાર પેશાબ પણ થઈ શકે છે.

**દુઃખ - ફેફસાં**

જો તમે લાંબા સમય સુધી દુઃખી છો, તો તેની અસર ફેફસાં પર પડે છે. આવી સ્થિતિમાં, તમને શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં ભારેપણું અને નબળાઇ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

**ચિંતા - પેટની ગડબડ**

દરેક નાની નાની વસ્તુની ચિંતા કરવાથી પેટની સમસ્યા થાય છે. જેનાથી ભૂખ ઓછી લાગવી, ખાવાનું અપચો અને પેટમાં ભારેપણું જેવી સમસ્યાઓ થઈ શકે છે.

**ઉદાસી - હૃદય**

લાંબા સમય સુધી ડિપ્રેશનમાં રહેવાથી આપણા હૃદયનાં સ્વાસ્થ્ય પર અસર પડે છે. જેનાં કારણે હૃદયનાં ધબકારા અનિયમિત થઈ શકે છે, થાક અને નબળાઈ લાગી શકે છે.

**ઈર્ષ્યા - યકૃત અને પિત્તાશય**

જો તમને કોઈના માટે ઈર્ષ્યાની લાગણી થતી હોય તો તેની અસર લીવર અને પિત્તાશય પર પણ પડે છે. તેનાથી પાચનક્રિયા બગડી શકે છે અને મન અશાંત થઈ શકે છે.

**કેવી રીતે બચવું ?**

મન પ્રસન્ન હોય છે ત્યારે શરીર પણ સ્વસ્થ હોય છે. તમારે તમારી લાગણીઓને દબાવીને નહીં, પણ સમજીને વ્યક્ત કરતાં શીખવું જોઈએ. ગુસ્સો, ભય, ચિંતા અને ઉદાસીને દિલમાં રાખવાથી સમસ્યાઓ વધી શકે છે. જ્યારે, હસતાં હસતાં, મુક્તપણે જીવવાથી અને સાચા દિલથી વાત કરવાથી જીવનને સુંદર અને સ્વસ્થ બનાવી શકાય છે. ગુસ્સાને શાંતિથી નિયંત્રિત કરો, ડરો છો તો કોઈની સાથે વાત કરો અને જો તમે ચિંતિત છો, તો યોગ અથવા ધ્યાન કરી શકો છો.

## વિસાવદર-કડી બેઠક કોંગ્રેસ એકલા હાથે લડશે

### પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની જાહેરાતઃ‘આપ’ દ્વારા ઉમેદવાર જાહેર કરવા સામે નારાજગીઃ પ્રભારી મુકુલ વાસનિકે પણ બેઠક યોજી

રાજકોટ તા.૧૮

ગુજરાત કોંગ્રેસનાં નવસર્જનની કવાયત વચ્ચે પાર્ટીમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સમગ્ર નેતાગીરી એકટીવ હોય તેમ પ્રભારીથી માંડીને પ્રદેશ પ્રમુખ પાર્ટીમાં પ્રાણ ફુંકવાની મહેનતમાં લાગી ગયા છે.આજે કોંગ્રેસની રાજકીય બાબતોની કમીટીની બેઠક યોજાઈ હતી. તેમાં વિસાવદર તથા કડી બેઠકની પેટા ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય લેવાયો હતો.આમ આદમી પાર્ટીએ ગઠબંધનની પરવા કર્યા વિના ઉમેદવાર જાહેર કરી દેતા કોંગ્રેસ એકલા હાથે ઝંપલાવશે.




રાજકીય બાબતોની કમીટીની બેઠક બાદ કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહીલે જણાવ્યું હતું કે બેઠકમાં પાર્ટીનાં નવસર્જન સંબંધી કાર્યક્રમો તથા કાર્યકરોના સુચનો પર ચર્ચા થઈ હતી. આ સિવાય વિસાવદર તથા કડી બેઠક માટે યોજાનારી પેટા ચૂંટણી વિશે પણ ચર્ચા થઈ હતી. કોંગ્રેસ અને આપનું રાષ્ટ્રીય સ્તરે ગઠબંધન હોવા છતા આપ દ્વારા ઉમેદવાર જાહેર કરાયાનાં મુદ્દે ચર્ચા થઈ હતી અને પેટા ચૂંટણીની બન્ને બેઠકો એકલા હાથે લડવાનું નકકી કરવામાં આવ્યું હતું. ગઠબંધનનો ધર્મ નિભાવાયો નથી. ભુતકાળના ઈતિહાસને ધ્યાને રાખીને પેટા ચૂંટણીમાં એકલા હાથે ઝંપલાવવાનું નકકી કરવામાં આવ્યું છે.

બીજી તરફ કોંગ્રેસનાં પ્રભારી મુકુલ વાસનીકે પણ પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરી હતી. શકિતસિહ ગોહીલ, અમીત ચાવડા, જગદીશ ઠાકોર, સિદ્ધાર્થ પટેલ, ભરતસિંહ સોલંકી, જીજ્ઞેશ મેવાણી, શૈલેષ પરમાર વગેરે હાજર હતા. નવા જીલ્લા પ્રમુખોની પસંદગી પ્રક્રિયા માટે નિરિક્ષકો મોકલવા સહીતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે. રાષ્ટ્રીય નિરિક્ષકોની જીલ્લાવાર ફાળવણી થઈ જ ગઈ છે. પ્રદેશ નિરિક્ષકોના શિડયુલ હવે નકકી થશે. ૨૩ એપ્રિલથી ૮ મે સુધી નિરિક્ષકો કયારે અને કયા જીલ્લામાં જશે તે વિશે ચર્ચા થઈ હતી. ૩૧ મે સુધીમાં સંગઠન નિમણુંકો પૂર્ણ થવાનું શિડયુલ રાહુલ ગાંધીએ જાહેર કર્યાનું ઉલ્લેખનીય છે.

## ઈલે.બસ અને ડ્રાઈવરના ફીટનેસ સર્ટી. રજુ કરવા વિશ્વમ એજન્સીને ફટકારાતી નોટીસ

રાજકોટ તા.૧૮

વિશ્વમ સીટી બસ ઓપરેશન પ્રા.લી. (વિશ્વમ એજન્સી) દ્વારા સીટી બસ ઓપરેશન અંતર્ગત સપ્લાય કરવામાં આવતી ઈલે. બસ દ્વારા ગત તા.૧૬ એપ્રીલના રોજ શહેરના ઈન્દીરા સર્કલ પાસે થયેલ ગમખ્વાર અકસ્માતમાં ચાર વ્યકિતના મોત નિપજેલ હતા અને અન્ય ચાર નાગરિકોને ઈજા પહોંચેલ હતી.



અકસ્માતની આ ગંભીર ઘટનાને ધ્યાને લઈ ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તથા શહેરના નાગરિકોની જાનમાલની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલાના ભાગ રૂપે ઈલે. બસ અને ડ્રાઈવરના ફીટનેશ સર્ટીફીકિટ રજુ કરવા માટે વિશ્વમ એજન્સીને નોટીસ આપવામાં આવી છે.

## ટેસ્લાના પ્રમુખ મસ્ક સાથે પીએમ મોદીની ફોન પર વાતચીતઃ ‘ટેસ્લા’ મુદે ચર્ચા થયાની અટકળો



### અમેરિકાના ધનાઢ્ય એલન મસ્ક ભારતમાં ટેસ્લા કારનું ઉત્પાદન કરવા માંગે છે ત્યારે વડાપ્રધાનની આ વાત ઘણી સૂચક

નવી દિલ્હી તા.૧૮

વડાપ્રધાન મોદીએ ટેસ્લાના મુખિયા એલન મસ્ક સાથે ફોન પર વાતચીત કરીહતી, જેમાં ટેકનોલોજી અને ઈનોવેશન પર ચર્ચા કરી હતી. એકબાજુ ટેસ્લાના પ્રમુખ ભારતમાં ટેસ્લા કારનો પ્લાન્ટ નાખવાની યોજના બનાવી રહ્યા છે ત્યારે પીએમ મોદીએ મસ્ક સાથે ચર્ચા કરી હતી.

વડાપ્રધાન મોદીએ સોશ્યલ મીડીયા પર જણાવ્યું હતું કે અમે ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં સહયોગની અપાર સંભાવનાઓ પર ચર્ચા કરી હતી. ભારત આ ક્ષેત્રોમાં અમેરિકાની સાથે પોતાની ભાગીદારીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

વડાપ્રધાને આ અંગે સોશ્યલ મીડીયા પર એક પોસ્ટથી માહિતી આપી છે. વડાપ્રધાને પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે આ વર્ષની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં અમારી બેઠક દરમિયાન સામેલ કરાયેલા વિષયો સહિત વિભિન્ન મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. અમે ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રોમાં સહયોગની અપાર સંભાવના પર ચર્ચા કરી હતી. ભારત આ ક્ષેત્રોમાં અમેરિકાની સાથે પોતાની ભાગીદારી આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે ટેસ્લાના પ્રમુખ એલન મસ્ક ભારતમાં ટેસ્લાની કારનું ઉત્પાદન કરવા માંગે છે ત્યારે વડાપ્રધાન મોદીની એલન મસ્ક સાથેની ટેલિફોનિક વાત સૂચક છે.

## રોહિત શર્મા માટે નિવૃતિનો સમય આવી ગયો છેઃ સેહવાગની સલાહ

નવી દિલ્હી : આઈપીએલ ૨૦૨૫માં રોહિત શર્માની શરૂઆત સારી રહી ન હતી. જો કે છેલ્લી ત્રણ ઈનિંગમાં તેણે હજુ પણ કેટલાક રન બનાવ્યાં છે, પરંતુ મોટી ઈનિંગ રમી શક્યો નથી. પ્રથમ મેચમાં શૂન્ય, બીજી મેચમાં ૮, ત્રીજી મેચમાં ૧૩, ચોથી મેચમાં ૧૭, પાંચમી મેચમાં ૧૮ અને હવે છઠ્ઠી મેચમાં ૨૬ રન બનાવ્યા હતાં. મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વખત આઈપીએલમાં ચેમ્પિયન બનાવનાર રોહિત શર્માનો બેટથી સતત ખરાબ રન ચાલી રહ્યો છે. પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે હવે કહ્યું છે કે હવે તેમનાં જવાનો સમય આવી ગયો છે.



સનરાઇઝર્સ હૈદરાબાદ સામે પ્રભાવક ખેલાડી તરીકે આવેલાં રોહિત શર્માએ ૧૬ બોલમાં ૨૬ રન બનાવ્યાં હતાં. તેને પેટ કમિન્સે આઉટ કર્યો હતો. અત્યાર સુધી આઈપીએલની ૬ ઈનિંગમાં રોહિત શર્માએ ૧૪થી ઓછી એવરેજથી ૮૨ રન બનાવ્યા છે. વિરેન્દ્ર સેહવાગે રોહિતને પોતાનો વારસો બચાવવા અંગે ચેતવણી આપી હતી અને એમ પણ કહ્યું હતું કે કદાચ તેના માટે ફોર્મેટથી દૂર જવાનું વિચારવાનો સમય આવી ગયો છે.

ક્રિકબઝ પર બોલતાં સેહવાગે કહ્યું કે ‘‘જો તમે છેલ્લાં ૧૦ વર્ષમાં રોહિતના આઈપીએલ નંબરો પર નજર નાખો તો, તેણે માત્ર એક જ વાર ૪૦૦ થી વધુ રન બનાવ્યાં છે. તેથી તે એવી વ્યક્તિ નથી કે જે વિચારે છે કે તેણે ૫૦૦ કે ૭૦૦ રન બનાવવાની જરૂર છે. જો તે વિચારે છે, તો તે તે કરી શકે છે. જ્યારે તે ભારતીય કેપ્ટન બન્યો ત્યારે તેણે કહ્યું હતું કે તે એવો ખેલાડી બનવા માંગે છે જે પાવરપ્લેનો ફાયદો ઉઠાવવા માંગે છે અને તકોનો ભરપૂર ઉપયોગ કરવા માંગે છે, તેથી તે એકલા હાથે તમામ બલિદાન આપવા માંગે છે, પરંતુ તે એ હકીકત પર વિચાર કરી રહ્યો નથી કે દિવસના અંતે જ્યારે તે સારું પ્રદર્શન કરી રહ્યો નથી, તેથી તે તમારો વારસો છે જેને નુકસાન થઈ રહ્યું છે

‘‘તેના માટે જવાનો સમય આવી ગયો છે અને તે નિવૃત્ત થાય તે પહેલાં, તમે ચાહકોને તમને યાદ રાખવા માટે કંઈક આપવા માંગો છો, નહીં કે એવી ક્ષણો કે જેનાથી તેઓ વિચારે છે કે તેઓ શા માટે તેને છોડી રહ્યાં નથી. ૧૦ બોલ વધારાના લો, પરંતુ ઓછામાં ઓછા રન તો વધુ બનાવો. તે ઘણી વખત બેક ઓફ ધ લેન્થ બોલ પર પુલ શોટ રમતી વખતે આઉટ થાય છે. તેથી તેણે નક્કી કરવું જોઈએ કે એક ઇનિંગ્સમાં તે પુલ શોટ બિલકુલ નહીં રમે, પરંતુ તેને આ વાત કોણ સમજાવશે? ત્યાં કોઈક હોવું જોઈએ જે તેને સામાન્ય ક્રિકેટ રમવાનું કહે છે. જ્યારે હું ત્યાં હતો ત્યારે સચિન, દ્રવિડ કે ગાંગુલી મને સામાન્ય ક્રિકેટ રમવાનું કહેતા હતા.

## ગમે તે ભોગે ગેરકાયદે વસાહતીઓને કાઢવા ટ્રમ્પ તૈયારઃ હવે મેડિકલ ડેટાબેઝથી ઓળખ મેળવશે

અમદાવાદઃ અમેરિકામાં રહેતા એક કરોડથી પણ વધુ અનડોક્યુમેન્ટેડ લોકોમાંથી દસથી બાર ટકા લોકોના ફાઈનલ રિમૂવલ ઓર્ડર ઈશ્યૂ થઈ ગયા છે, પરંતુ જેમનું ડિપોર્ટેશન ફાઈનલ છે તેવા મોટાભાગના લોકો અમેરિકાની સરકારની પહોંચની બહાર છે અને તેમને ટ્રેસ કરવા માટે ટ્રમ્પ સરકાર એક પછી એક નવા દાવ ખેલી રહી છે. હવે એવું જાણવા મળી રહ્યું છે કે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સી તેમજ ઈમિગ્રેશન ઓફિશિયલ્સને સેન્સિટિવ મેડિકેર ડેટાબેસનો એક્સેસ આપવા માટે પણ કવાયત શરૂ કરવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર સેન્ટર્સ ફોર મેડિકેર એન્ડ મેડિકેડ સર્વિસિસ એટલે કે ઈખજ પાસે અમેરિકામાં રહેતા મોટાભાગના લોકોની પર્સનલ મેડિકલ ઈન્ફોર્મેશન ઉપરાંત તેમના એડ્રેસ સહિતની માહિતી છે, જેનો ICEને એક્સેસ આપવા માટે ટ્રમ્પ સરકાર પ્રયાસો કરી રહી છે. આ ડેટા માટે હજુ ગયા મહિને જ ICEએ CMSને રિક્વેસ્ટ મોકલી હતી જેમાં ઈલોન મસ્કની ડોજ ટીમને પણ સામેલ કરવામાં આવી હતી. અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને શોધવા માટે તેમના સોશિયલ સિક્યોરિટી નંબરથી મેડિકેર સિસ્ટમમાં




### ઈમિગ્રેશન વિભાગને મેડિકલ ડેટાબેઝ સોંપવા તૈયારીઃ સરનામા શોધીને ધરપકડ કરશે

ઉપલબ્ધ ડેટા દ્વારા તેમનું એડ્રેસ પણ ICE મેળવવા માગે છે.

બીજી એક મહત્વની વાત એ પણ છે કે અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને મેડિકેરનો લાભ ના મળતો હોવાથી CMSનો ડેટા ICEને કેટલો કામમાં લાગશે તે પણ એક સવાલ છે. જોકે, યુએસમાં ઈલીગલી રહેતા ગુજરાતીઓનું માનીએ તો જો કોઈ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટને જીવલેણ બીમારી થઈ હોય કે પછી તેને ઈન્ટેન્સિવ મેડિકલ કેરની જરૂર હોય તો અમુક કેસમાં તેને ઈન્શ્યોરન્સ મળી પણ જતો હોય છે કે પછી કમસે કમ હોસ્પિટલ પાસે તેનો તમામ રેકોર્ડ રહેતો હોય છે.

આ સિવાય ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સીને અમેરિકામાં રહેતા લોકો ક્યાં કામ કરે છે અને તેમનું ઠેકાણું કયું છે તેની માહિતી ધરાવતા ડેટાબેસનો એક્સેસ પણ આપી દેવામાં આવ્યો છે. જેનો હેતુ ખરેખર તો માસ ડિપોર્ટેશનને જ ઝડપી બનાવવાનો છે. આ ડેટાબેસ ડિપાર્ટમેન્ટ ઓફ હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ, સોશિયલ સિક્યોરિટી એડમિનિસ્ટ્રેશન અને IRS પાસે ઉપલબ્ધ છે, જેમાં તમામ માઈગ્રન્ટ્સના સ્ટેટસ અને તેમની પ્રાઈવેટ ઈન્ફોર્મેશનનો સમાવેશ થાય છે.

અમેરિકામાં પોતાને લીગલ થવાનો ચાન્સ મળશે તેવું માનીને જ લાખો ઈલીગલ ઈમિગ્રન્ટ્સ ટેક્સ પણ પે કરતા હતા પરંતુ હવે IRS પાસેથી તેનો ડેટા મેળવી ટ્રમ્પ આવા પ્રામાણિક લોકોને પણ પકડીને ડિપોર્ટ કરવા માગે છે.

અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને સેલ્ફ ડિપોર્ટેશન લેવા માટે મજબૂર કરવા ડોનાલ્ડ ટ્રમ્પ તેમના પર દિવસેને દિવસે પ્રેશર વધારી રહ્યા છે, યુએસમાં હવે વર્કપ્લેસ પર રેડ પડવાનું પ્રમાણ વધી રહ્યું છે અને રૂટિન ટ્રાફિક ચેક દરમિયાન પણ લોકોના આઈડી ચેક કરવામાં આવી રહ્યા છે જેમાં ઘણા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી રહી છે. હાલમાં જ મેસાચ્યુસેટ્સમાં બનેલી એક ઘટનામાં ICE દ્વારા અટકાવાયેલા એક અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટે કારનો દરવાજો ખોલવાનો ઈનકાર કરી દેતા કાચ ફોડીને તેને બહાર કાઢવામાં આવ્યા બાદ અરેસ્ટ કરી લેવાયો હતો.

## સોનામાં સતત વધારોઃ આજે રૂા. ૬૦૦ નો ઉછાળો

રાજકોટ, તા.૧૮

આજે સોના ચાંદીના ભાવમાં ફરી વધારો નોંધાયો છે.આજે સોનામાં રૂ. ૬૦૦ અને ચાંદીમાં રૂ. ૪૦૦ નો વધારો થયો છે. તેની સાથેજ સોનાનો ભાવ પહેલી વાર ૯૮૬૫૦ એ પહોંચ્યા છે. ચીને અમેરિકન બોઇંગની ખરીદી એકાએક બંધ કરવાનો આદેશ કરતાં ટ્રેડ ટેન્શન વધતાં સોનું-ચાંદી વર્લ્ડ માર્કેટમાં મજબૂત રહ્યા હતા.

છેલ્લા કેટલાક મહિનાઓમાં સોનાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે અને તાજેતરમાં જ તે ૩૩૦૦ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. આના મુખ્ય ચાર કારણો છે. માંગમાં વધારો, ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ, વેપાર તણાવ અને ફુગાવો અને આર્થિક મંદીનો ભય.

રશિયા-યુક્રેન યુદ્ધ અને ઇઝરાયેલ-પેલેસ્ટાઇન સંઘર્ષ જેવી ઘટનાઓએ વિશ્વભરમાં અનિશ્ચિતતા વધારી દીધી છે. આ કારણે રોકાણકારો અને મધ્યસ્થ બેન્કો સોનાને સુરક્ષિત અસ્કયામત તરીકે ખરીદી રહ્યાં છે. અમેરિકાએ તાજેતરમાં આયાત ડ્યૂટીમાં વધારો કર્યો છે, જેનાં કારણે વૈશ્વિક વેપાર પર અસર પડી છે અને આર્થિક મંદી અને ફુગાવાનો ભય વધ્યો છે. તેનાથી પણ સોનાની માંગ વધી છે. આગામી સમયમાં અક્ષય તૃતીયાનો તહેવાર આવી રહ્યો છે. જેમાં મોટા પ્રમાણમાં સોનાની ખરીદી થાય છે પરંતુ આ વર્ષે ભાવ વધારો હોવાથી બજારમાં નિરસતા જોવા મળી રહી છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૨૦-૨૩૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૭૦-૨૩૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૦-૨૨૮૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૦-૨૨૩૦ |
| પામોલીયન તેલ | ૨૦૮૦-૨૦૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૪૦-૨૦૭૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૩૦૦-૨૩૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૮૦-૨૧૯૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૮૬૫૦(+૬૫૦) |

| ચાંદી |
|---|
| ૯૮૨૦૦(+૪૦૦) |

# ચાર વર્ષની બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં બોલપેન ઘુસાડાઈ, દિવસો થયા છતાં ફરિયાદ નહીં

**રેલનગરની ઈન્ટરનેશનલ સ્કૂલમાં બનેલો બનાવ, બાળકીને ગુપ્તાંગમાંથી પરું નીકળતા માતાને જાણ થઈ : મેટર દબાવી દેવા ધમપછાડા**



**બાળકીના પિતા પીજીવીસીએલના અધિકારી, પોલીસ સામે નારાજગી વ્યક્ત કરી : માતા ફરિયાદ નોંધાવવા તૈયાર પણ હજુ FIR નોંધાઈ નથી**

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. માત્ર ચાર વર્ષની બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં બોલપેન અથવા એવી કોઈ વસ્તુ ઘુસાડી દેતા બાળકીને ગુપ્તાંગમાંથી પરુ નીકળતા માતાને જાણ થઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે, રેલનગરની એક ઈન્ટરનેશનલ સ્કૂલનો આ બનાવ છે. દિવસો થયા છતાં પોલીસે હજુ સુધી કોઈ ફરિયાદ લીધી નથી. સૂત્રોએ જણાવ્યું કે, સમગ્ર મેટર દબાવી દેવા ધમપછાડા થઈ રહ્યા છે.

આ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત એવી છે કે, ૪ વર્ષની બાળકી તેના પરિવાર સાથે રેલનગર વિસ્તારની એક સોસાયટીમાં રહે છે. પિતા પીજીવીસીએલમાં અધિકારી છે. હજુ ગયા વર્ષે જૂન મહિનામાં આ માસુમ બાળકીને કેજી નર્સરીમાં બેસાડવા માતા પિતાએ નક્કી કર્યું. દીકરીને કોઈ સારી સ્કૂલમાં ભણાવવી હોવાથી રેલનગરમાં જ આવેલી એક ઈન્ટરનેશનલ સ્કૂલના ઈંગ્લીશ માધ્યમાં કેજી નર્સરીમાં બાળકીનું એડમીશન કરાવ્યું હતું. તગડી ફી ભરી હતી. આ દરમ્યાન ગત તા. ૧૧ના રોજ બાળકી સ્કૂલેથી ઘરે આવી ત્યારે પોતાના માતાને કહ્યું કે, મને પીપીની જગ્યાએ દુખે છે. ગરમીના કારણે બળતરા થશે હશે. તેમ વિચારી માતાએ કાંઈ ખાસ ધ્યાન આપ્યું નહીં. બીજા દિવસે ફરી સ્કૂલેથી આવી બાળકીએ પેશાબની જગ્યામાં ખૂબ દુ:ખાવો થતો હોવાની ફરિયાદ કરી. જેથી માતાએ નીરખીને જોતા બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં પરુ જેવો ચીકણો પદાર્થ નીકળતો હતો. કંઈક અજુગતું થયું છે. તેવો વ્હેમ જતા માતાએ તુરંત બાળકીના પિતાને જાણ કરી પતિ પત્ની નજીકની ખાનગી હોસ્પિટલમાં બાળકીને લઈ ગયા. જ્યાં ડોકટરે તપાસતા બાળકી સાથે અજુગતું થયું હોવાની શંકા સાચી ઠરી હતી. બાળકીને તેની સ્કૂલમાં સાથે ભણતા અન્ય વિદ્યાર્થીઓ, ટીચર, શિક્ષક, સ્ટાફના ફોટા બતાવી કોણે તેને પીપીની જગ્યાએ લગાવ્યું એ પૂછતાં બાળકીએ એક ટીચરના ફોટા પર હાથ મુક્યો હતો. ખાનગીમાં સારવાર બાદ બાળકીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તા.૧૬/૪ના રોજ ડોકટરે એમએલસી જાહેર કરતા મામલો પ્રધુમનનગર પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે નિવેદન લીધું હતું. બસ પછી એફઆઈઆર નોંધી નહોતી. સૂત્રોએ જણાવ્યું કે, સ્કૂલના સીસીટીવી ચેક કરાયા હતા પણ કંઈ મળ્યું નહોતું. પિતાનો આક્ષેપ છે કે માત્ર એક જ દિવસના સીસીટીવી બતાવ્યા છે. પિતાએ જણાવ્યું કે, અમે બાળકીને પૂછીએ કે તને નીચેની જગ્યાએ બોલપેન મારી છે? તો બાળકી હા પાડે છે. પોલીસ કંઈ કરતી નથી. મેટર દબાવવા પ્રયાસ થયો છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે.

### પીઆઈએ હજુ બાળકીનું કાઉન્સિલિંગ પણ નથી કરાવ્યું

ઓફિશીયલી જોઈએ તો તા. ૧૬થી પોલીસને બનાવની જાણ થઈ. પણ હજુ સુધી પ્રધુમનનગર પીઆઇએ બાળકીનું કાઉન્સિલિંગ કરાવ્યું નથી. ચાર વર્ષની માસુમ બાળા સાથે કંઈક અજુગતું થયું છે તે જાણવા છતાં પોલીસ તેની ફરજ ચુકી રહ્યું હોય તેમ જણાઈ છે.

### અમારે ફરિયાદ કરવી છે પણ પોલીસે ખોટી રીતે અમારી પાસે લખાણ લઈ લીધું : બાળકીના પિતા

બાળકીના પિતાએ કહ્યું કે, બાળકીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી બાળકોના વિભાગમાં આજે પણ તેની સારવાર ચાલુ છે. અમારે ફરિયાદ કરવી છે. કાયદેસર એફઆઈઆર નોંધાવી છે. અમે હોસ્પિટલમાં દાખલ થયા તેના પહેલા દિવસે જ નિવેદન આપેલ છે. પણ પોલીસે ફરિયાદ નોંધી નહોતી. ઉલ્ટાનું અમારી પાસે ખોટી રીતે એવું લખાણ લઈ લીધું કે અમારે એફઆઈઆર કરવી નથી. ખરેખર અમે અત્યારે પણ એફઆઈઆર નોંધાવવા તૈયાર છીએ.

# રેશનીંગ દુકાનોની રૂટીન તપાસમાં સામાન્ય ક્ષતિને રાઈનો પહાડ બનાવતું પુરવઠા વિભાગ

**ક્ષુલ્લક ભુલોમાં તોતીંગ દંડ સાથે ખાતાકીય તપાસો કરી વેપારીઓને કરાતી હેરાનગતિથી એફ.પી.એસ. એસોસીએશન લાલઘુમ : પુરવઠા વિભાગ સામે વિરોધ પ્રદર્શનનું એલાન**

રાજકોટ, તા. ૧૮

ગરીબ અને મધ્યમવર્ગીય લાભાર્થીઓને અનાજ કઠોળ ખાંડ તેલ નમક વગેરે જણસીઓ વિતરણ કરવાનુ કામ વ્યાજબી ભાવના દુકાનદારે ખુબ જ નજીવા કમિશનથી કરી રહ્યા છે અને આ કામગીરી જિલ્લા પુરવઠા કચેરીની સીધી દેખરેખ નીચે હોય છે સસ્તા અનાજની દુકાનની તપાસણી અધિકારી દ્વારા આકસ્મિક કે રૂટિન તપાસણી સ્થળ ઉપર જઇને કરવામાં આવે છે ત્યારે ટેક્નિકલ કે ક્ષુલ્લક બાબતો જોવા મળતા મળેલ ક્ષતીનો ઈરાદાપૂર્વક રાય નો પહાડ બનવવામાં આવે છે અને ખાતાકીય કેસો કરવામાં આવે છે અને આ તપાસણી અધિકારીઓ સરકારના ઠરાવો પરિપત્રો સૂચના નો માત્ર એકતરફી અમલ કરી નિર્દોષ દુકાનદારો ને દંડિત કરીને આત્મસંતોષ લેતા હોય છે અને આ કામગીરીમાં ખરેખર દોષિતો તો આર્થિક વ્યવહાર કરીને છટકી જતા હોય છે પરંતુ નિર્દોષ દુકાનદારો સામાન્ય બાબતે દંડતા હોય છે સરકારની કોઈપણ કામગીરી જો પારદર્શક વહીવટી અને નિયમનુસાર હોય તો એમાં કોઈને શંકા ના હોય પરંતુ આખરે તપાસણી અધિકારીએ સરકારના ઠરાવ પરિપત્રો સૂચનાનું પાલન કરવું જ જોઇએ જે જિલ્લામાં કરવામાં આવતું નથી સસ્તા અનાજના દુકાનની આકસ્મિક તપાસણી સમયે મળી આવતી ટેક્નિકલ કે ક્ષુલ્લક ભૂલ બાબતે ખાતાકીય કેસ ના કરવા બાબતે ગુજરાત સરકાર દ્વારા ૨૨/૯/



૧૯૮૯ નો ખાસ ઠરાવ પસાર કરવામાં આવેલ. છે જેની જોગવાય નો તપાસણી અધિકારી ભગ કરી રહ્યા છે તપાસણી સમયે મળી આવતી જથ્થાની ઘટ મા દોઢથી બે ટકા સુધીની વેચાણ આધારિત ઘટ મજરે આપવાની સ્પષ્ટ જોગવાય છતાં તપાસણી અધોકારી આવી ઘટ મજરે આપ્યા વગર ખાતાકીય કેશો કરે છે અને આવા કેસ ચલાવનારા જિલ્લા પુરવઠા અધિકારી પણ દુકાનદાર ના ખુલાસા ગ્રાહ્ય રાખતા નથી કે સરકારના ઠરાવ ની જોગવાઈ નો અમલ. કરતા નથી અને દુકાનદારોને મસ મોટા દંડ આપી રહ્યા છે આ અંગે એસો તરફથી અનેકવાર રજૂઆત છતાં પોતાની મનમાની કરી રહ્યા હોય રાજ્ય એસો ને રજૂઆત મળતા આ અંગે સરકારશ્રી મા પત્ર લખવામાં આવ્યો છે અને યોગ્ય ઉકેલ નહીં આવે તો જિલ્લા પુરવઠા વિભાગ સામે દુકાનદારો દ્વારા ઘરણા પ્રદર્શન કરવામાં આવશે તેમ મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવેલ છે.

તાલુકાના એક દુકાનદાર ની આકસ્મિક. તપાસણી બાબતે ટેક્નિકલ ક્ષતી અને જથ્થામાં. ૧૭ કિલો જેવી નજીવી ઘટ કે જે ૨૨/૯/૮૯ ના ઠરાવ મુજબ મજરે આપવા પાત્ર હોવા છતાં જિલ્લા. પુરવઠા અધિકારી દ્વારા દુકાનદાર ને કારણદર્શક નોટિસ આપી દુકાનદારનો ખુલાસો માન્ય રાખવાના બદલે તેની પરવાનાં ની સંપૂર્ણ રકમ જપ્ત કરી અને ઘટ પડેલ. જથ્થાની બહુ મોટી રકમ વસુલતો અન્યાયથી હુકમ કરવામાં. આવેલ છે અને આ. અધિકારી દ્વારા અનેક કિસ્સામાં આ. ઠરાવની જોગવાઈ વિરૂધમાં કામગીરી કરવામાં આવેલ. હોય દુકાનદારો મા. રોષ વ્યાપી રહ્યો છે આ બાબતે જો યોગ્ય કરવામાં. નહીં આવે તો. તમામ દુકાનદારો આંદોલાત્મક કાર્યક્રમો આપશે જેના પરિણામે વિતરણ વ્યવસ્થા પણ ખોરવાય શકે છે.

# ન્યારી નદીમાં પિતાની નજર સામે જ પુત્રનું ડુબી જતા મોત : મૃતદેહ મળ્યો

**રૈયાધારનો યુવાન પિતા-મિત્રો સાથે ન્યારી નદીમાં ન્હાવા જતા ડુબી ગયો**



રાજકોટ, તા. ૧૮

રાજકોટની ભાગોળે લોધીકા વિસ્તારમાં ન્યારી નદીમાં ન્હાવા પડેલા રૈયાધાર વિસ્તારનાં યુવાનનું ડુબી જતા મોત થયું હતું. આ બનાવની કરૂણતા એ છે કે પિતાની નજર સામે પુત્રનું મોત થયું હતું.

બનાવની પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટના રૈયાધાર રામાપીર ચોકડી પાણીના ટાંકા સામે રહેતા અને મજુરી કામ કરતો યુવાન અજય રાજુભાઇ સમેચા દેવીપૂજક (ઉ.વ.૨૫) તેમના પિતા રાજુભાઇ અને મિત્રો સાથે લોધીકા નજીક ન્યારી નદીમાં ન્હાવા પડયા હતા. ત્યારે એકાએક અજય પાણીમાં ડુબી જતા લોધીકા પોલીસને જાણ કરતા ફાયર બ્રિગેડની મદદથી પાણીમાં ડુબી ગયેલા અજયના મૃતદેહને બહાર કાઢયો હતો અને પી.એમ. માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

આ ઘટનાની જાણ થતા બનાવ સ્થળે લોકોનો મોટો સમુદાય એકઠો થયો હતો. લોધીકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્દિરા સર્કલ પર થયેલ જીવલેણ અકસ્માતમાં

# ટ્રાફિક પોલીસ પર ટપલી દાવ કરનાર ટોળામાંથી ચોથા આરોપીની ધરપકડ

**અગાઉ ત્રણ આરોપી પકડાયા બાદ રૈયાધારના લક્ષ્મણ ભૂંડિયાને દબોચ્યો: યુનિ. પોલીસની કાર્યવાહી**

રાજકોટ. તા.૧૭

રાજકોટમાં મોતના તાંડવમાં ઇન્દિરા સર્કલ પાસે યમદૂત બની ઘસી આવેલ સીટી બસના ચાલકે સાતેક વાહનોને હડફેટે લઈ ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દિધા હતાં, જે બનાવમાં પોલીસ પર ટપલી દાવ કરનાર ટોળા સામે પણ ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીની શોધખોળ આદરી ત્રણ શખ્સોની અટકાયત કર્યા બાદ વધું એક શખ્સની ધરપકડ કરી હતી.

બનાવ અંગે રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતાં અજયભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ.૪૦) એ યુની. પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ટોળામાં રહેલ ૧૫ થી ૨૦ લોકોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ફરજ પર ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ ઈન્દીરા સર્કલ પાસે ટ્રાફિક નિયમનની કામગીરી કરતા હતા, તે દરમ્યાન સવારના આશરે દસેક વાગ્યાના અરસામાં કોટેચા ચોકથી આકાશવાણી ચોક તરફ જવાનું સિગ્નલ ખુલતા તે બાજુની સાઈડ ઉપર ઉભી ટ્રાફિક નિયમન કરતા હતા. તે દરમ્યાન એક આરએમસીની સીટી બસ ૪. GJ-03-BZ-0466 ની પુરપાટ ઝડપે કોટેચા ચોકથી સિગ્નલ ખુલતા અચાનક આવી જતા બસના ચાલકે રસ્તાના રાહદારીઓ, બાઈક ચાલકો તથા કાર ચાલકો કે જેઓ આગળની સાઈડ યુનિવર્સિટી રોડ તરફ જતા હતા ત્યારે તેઓને અડફેટે લઈ તેઓની ઉપરથી બસ ચલાવી દેતા અચાનક ત્યાં અકસ્માત સર્જાયો હતો.

જે બનાવ ગંભીર હોય, થોડીક વારમાં જ લોકોના ટોળા ભેગા થઈ જતા તેઓ ટ્રાફિક નિયમન કરી પ્રથમ કોલ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન કરેલ અને વધુ પોલીસ ફાળવવા જણાવેલ હતું. તેમજ રાહદારીઓમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલ હતો, તેમજ સીટી બસના ચાલકે સાત થી આઠ રાહદારીઓને હડફેટે થઈ લીધેલ હોય, જેથી માણસો તેઓની કાબુ બહાર થતા પ્રથમ તેઓની ફરજ હતી કે, ત્યાં ટોળુ વિખેરવું તેમજ ટોળાને કન્ટ્રોલ કરવાની કામગીરી દરમ્યાન ૧૫ થી ૨૦ અજાણ્યા માણસોના ટોળાએ છુટા પથ્થરના ઘા મારી કોર્પોરેશનની સીટી બસના કાચ તોડ ફોડ કરવા લાગેલ હતાં.

બાદમાં બસનો દરવાજો ખોલી જે ટોળાએ બસના ડ્રાયવરને સીટ ઉપરથી ખેંચીને નીચે ઉતારી રોડ ઉપર માર મારવા લાગતા, તે દરમ્યાન તેઓએ ટોળાની વચ્ચે પડી ટોળાને વિખેરાઈ જવા સુચના કરેલ હતી, તેમ છતા ટોળું વિખેરાયેલ નહી અને માર મારવાનું ચાલુ રાખેલ જેથી તેઓએ ડ્રાયવરને વધુ મારમાથી છોડાવેલ હતો, ડ્રાયવરને ઈજા થયેલ હોય, જેથી ૧૦૮ મારફત સરકારી હોસ્પી. ખાતે સારવાર માટે મોકલી આપેલ હતો.

બાદમાં બીજી ૧૦૮ આવતા ટોળાને હટવા માટે જણાવેલ અને સાઇડમાં જવાનું કહેતાં ટોળું તેમની ઉપર ઉશ્કેરાઈ ગયેલ અને તે ટોળામાના કેટલાક શખ્સો તેમની સાથે ઝપાઝપી અને ગાળા ગાળી કરી જણાવવા લાગેલા કે, ડ્રાયવરને અમોને કેમ ન સોંપ્યો ? અને એમ્બ્યુલન્સમાં કેમ મોકલી દીધો ? તેમ કહી ટોળાના માણસો હલ્લા બોલ કરી પોલીસ વાળા ભાઈએ જ બસ ડ્રાયવરને બચાવેલ છે, તેમ કહી કેટલાક શખ્સોએ પોલીસ વાળાને મારો મારો તેમ કહી બુમો પાડવા લાગેલા અને ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ હાથાપાઈ કરવા લાગેલા હતાં.

ટોળું બેફામ થઈ અને સ્થિતિ કાબુ બહાર જતા ટોળાના માણસો વધુ માર મારવા પ્રયત્ન કરતા સંજોગો વસાત તેઓ ત્યાથી બચવા બીઆરટીએસ રૂટ ઉપર ભાગેલ અને અમુક શખ્સો તેમની પાછળ દોડેલ હતા, જેથી ટોળાના મારથી બચવા કે.કે.વી. પોઈન્ટ ઉપર પહોંચેલ હતા, જે અંગે બનાવની હકીકત ત્યાના ફરજ પરના હાજર કર્મચારીને કરતાં તેઓએ તુરંત બનાવ સ્થળે વધુ પોલીસ ફોર્સ મોકલી આપવા કંટ્રોલમાં જાણ કરેલ હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ફરજમાં રૂકાવટ, સરકારી વાહનમાં તોડફોડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે આરોપીને પકડવા તજવીજ આદરી હતી. જેમાં પહેલાં મનીષ ઉર્ફે માન કાળુ સભાડ ભરવાડ (ઉ.વ.૧૯, રહે. રૈયાધાર સ્લમ કવાટર્સ મ.પરા જશોદાચોક ઠાકરમંદિર પાછળ), કરણ કિશોર વિશ્વકર્મા (ઉ.વ.૨૪, રહે.ઇન્દિરાસર્કલ અજંતા કોમ્પલેક્ષ નીચે ઓરડીમા) અને મહેશ પ્રાણલાલ શાહ (ઉ.વ.૬૨, રહે.બાલમુકુંદ સોસાયટી શેરી નં.૦૨ નિમર્લા રોડ) ને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

જે બાદ યુની. પોલીસ મથકના પીઆઈ હરેશ પટેલ અને ટીમે વધું એક આરોપી લક્ષ્મણભાઈ પોલા સિંઘવ ભૂંડીયા (ઉ.વ.૧૮, રહે- રેયાધાર સ્લમ ક્વાર્ટર- ૭૧૩) ની ધરપકડ કરતાં ટોળામાંના કુલ ચાર આરોપી ઝડપાયા હતાં.

# ચોરીમાં ગયેલ રોકડ રૂ.૨.૨૫ લાખ, ચાર બાઈક અને ૩૮ મોબાઈલ મૂળ માલિકોને પરત કરાવતી પોલીસ

**એસપી હિમકરસિંહના અધ્યક્ષ સ્થાને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો: મેટોડા પોલીસ મથકના પીઆઈ એસ.એચ.શર્મા અને ટીમની કામગીરી**




રાજકોટ,તા.૧૮

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ એસપી હિમકર સિંહના અધ્યક્ષ સ્થાને અરજદારોની ચોરીમા ગયેલ રોકડ રકમ રૂ.૨,૨૫,૭૦૦, બાઈક ૦૪ તેમજ મોબાઇલ ૩૮ મળી કુલ રૂ.૧૧,૦૭,૯૬૦ નો મુદ્દામાલ શોધી મુળ માલીકોને મેટોડા જીઆઇડીસી પોલીસે પરત કરાવ્યા હતાં.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહ સાહેબ તથા ગોંડલ ડીવીઝનના ડીવાયએસપી કે.જી.ઝાલા દ્વારા તમામ પોલીસ અધિકારીઓને પ્રજા સાથે સોહાર્દપુર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તેટલી મદદ કરી તેમની ખોવાયેલ કિંમતી ચીજ વસ્તુને શોધી ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત પરત કરવાની ખાસ સુચના કરવામાં આવેલ હોય જે બાબતે ગઈકાલે એસપી હિમકર સિંહના અધ્યક્ષ સ્થાને ડીવાયએસપી કે.જી.ઝાલા અને મેટોડા પીઆઈ એસ.એચ.શર્મા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા મેટોડા G.I.D.C. પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.



આ કાર્યક્રમમાં અરજદારોનાં ખોવાયેલા/ચોરાયેલા રોકડા રૂપિયા તથા બાઈક અને મોબાઇલ ફોન હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ સોર્સ મારફતે શોધી, ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા રૂ.૨,૨૫,૭૦૦ તથા, બાઈક નંગ-૦૪ રૂ.૧,૬૦,૦૦૦ તથા અલગ અલગ મોબાઇલ ફોન નંગ-૩૮ રૂ ૭,૨૨,૨૬૦ મળી કુલ રૂપિયા રૂ.૧૧,૦૭,૯૬૦ નો મુદ્દામાલ મુળ માલીકોને પરત અપાવી તેરા તુજકો અર્પણ કરી પોલીસ પ્રજાની મિત્ર છે એ સુત્રને સાર્થક કરેલ છે.

# રાજકોટમાં તાપમાન ઘટ્યુ... પરંતુ લૂનો પ્રકોપ

**૪૧.૪ ડિગ્રી તાપમાનઃ બપોરે ૨૦ કી.મી.ની ઝડપે દઝાડતી આગ ઝરતી લૂ**

રાજકોટ તા.૧૮

રાજકોટ શહેરમાં આજે બપોરે તાપમાન ઘટવા પામ્યુ હતું. પરંતુ, આકરી લુંનો પ્રકોપ યથાવત રહેવા પામ્યો હતો. સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૪ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે, હવામાં ભેજ ૨૩ ટકા રહ્યો હતો અને બપોરે પવન ઝડપ ૨૦ કી.મી. પ્રતિકલાક રહેવા પામી હતી.

બપોરે ૨૦ કી.મી.ની ઝડપે આગઝરતી લૂ ફુંકાતા નગરજનો અકળાયા હતા.

દરમ્યાન આજે સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૮ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૪ ડીગ્રી રહેવા પામ્યુ હતું. જયારે, આજે સવારે હવામાં ભેજ ૭૬ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૪ કી.મી. રહેવા પામી હતી.

# રેલનગરમાં સીટી બસના ડ્રાઈવરના એટેક સમયે મહિલાના મોતમાં સહાય કેમ નહીં ?

**મૃતક મહિલાના વૃધ્ધ પતિએ સહાયની માંગ ઉઠાવી**

રાજકોટ, તા. ૧૮

રાજકોટના સીટી બસ અકસ્માતનું ગત વર્ષ ડિસેમ્બરમાં ડ્રાઇવરને એટેક આવતા મહિલાનું મોત થયેલ તે બનાવમાં વળતર આપવા માંગ ઉઠી છે.

તા.૧૬-૪-૨૫ના રોજ કોટેચા ચોકથી ઇન્દીરા સર્કલ વિસ્તારમાં ડ્રાઇવરની બેદરકારીના કારણે ચાર લોકોના મૃત્યુ થયા. લોકરોષ ફાટી નીકળ્યો, ડ્રાઇવરની બેદરકારી અને કોન્ટ્રાકટરની લાલીયાવાડીથી થયેલ અકસ્માતમાં મહાનગરપાલિકાએ તાત્કાલીક અસરથી મૃતકને રૂા. ૧૫ લાખ સહાય જાહેર કરેલ અને ઇજાગ્રસ્તને રૂા. ૨-૨ લાખની સહાય જાહેર કરેલ. પણ અગાઉ તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રેલનગર મેઇન રોડ પર સાંજના સમયે ચાલુ બસે વયોવૃધ્ધ બસના ડ્રાઇવરને એટેક આવતા અકસ્માત થયેલ. જેમાં સાંજના સમયે અમોના પત્ની સંગીતાબેન ગંગારામ માકડીયા શાકબકાલુ લેવા જતા અકસ્માત થયેલ અને તેમાં તેમનો જીવ ગયેલ તો ત્યારે પણ તે વિસ્તારમાં લોકરોષ ફાટી નીકળ્યો હતો તો ત્યારે મહાનગરપાલિકાએ સહાય કેમ જાહેર ન કરી ?

અકસ્માત તો થયો છે, માણસોના જીવ પણ ગયા છે ફરક એટલો કે અહીં ડ્રાઇવરની બેદરકારીથી ચાર જણાના જીવ ગયા છે અને રેલનગર વિસ્તારમાં વયોવૃધ્ધ (૬૮વર્ષના) ડ્રાઇવરને ચાલુ નોકરીએ હાર્ટએટેક આવતા બસમાં જ મૃત્યુ થયેલ અને બસ પરનો કાબુ ન રહેતા નિર્દોષ સંગીતાબેનનું મૃત્યુ થયેલ. તો એક ને ખોળ અને બીજાને ગોળએ વૃતિ કયા સુધી ચાલતી રહેશે ? સંગીતાબેન અને તેમના પતિ ગંગારામ ઘરકામ ઉપરાંત બેસી ડ્રેસ મટીરીયલનો વેપાર કરતા હોય તે ઘરમાં એક આધાર સ્તંભ પણ હતા. જેથી બસ ડ્રાઇવરના કુદરતી મૃત્યુના કારણે નિર્દોષ મહિલાનો જીવ ગયો અને પરિવાર ખંડિત થયો અને મારી આર્થિક કમ્મર તુટી ગઇ, મારા પુત્ર અને પુત્રી મા વગરના થઇ ગયા હવે મારી ઘર સંભાળવું કે રોજીરોટી કમાવવા કયા જવું ? આમ, તમામ વિગતને ધ્યાનમાં લઇ આ કિસ્સામાં પણ મહાનગરપાલિકા સાનુકુળ વલણ અપનાવી માનવતા દાખવી તાત્કાલીક સહાય કરે તેવી ગંગારામ માકડીયાએ માંગણી કરી કમિશ્નરને રજુઆત કરી છે.

પહેલા તમારે ત્યાં લઘુમતીઓના રક્ષણ પર ધ્યાન આપો

# પશ્ચિમ બંગાળમાં લઘુમતીના અધિકાર મુદે બોલનાર બાંગ્લાદેશને ભારતે રોકડુ પરખાવ્યુ



નવી દિલ્હી તા.૧૮

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ અને કેટલાક અન્ય જગ્યાઓમાં થયેલી હિંસાને લઈને પડોશી દેશ બાંગ્લાદેશે વાંધાજનક ટિપ્પણી કરતા ભારતે સંભળાવી દીધુ હતું કે પહેલા બાંગ્લાદેશમાં લઘુમતીના અધિકારોની રક્ષા પર ધ્યાન આપો.

બાંગ્લાદેશના નિવેદનથી વિફરેલા ભારતના વિદેશ મંત્રાલયને ખરીખોટી સંભળાવી હતી. વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશના નિવેદનની માહિતી લઈ કહ્યું હતું કે પડોશી દેશે પોતાના દેશમાં રહેતા લઘુમતીઓના અધિકારોની રક્ષા પર ધ્યાન આપવાની જરૂર છે. ભારતે જણાવ્યું હતું કે અમે પશ્ચિમ બંગાળની ઘટનાઓના સંબંધમાં બાંગ્લાદેશ તરફથી કરવામાં આવેલી ટિપ્પણીનો અસ્વીકાર કરીએ છીએ. આવી ટિપ્પણી બાંગ્લાદેશમાં લઘુમતી પર અત્યાચાર પર ભારતની ચિંતાઓનું સમાધાન કરવાને બદલે હિંસાની ઘટનાઓની સાથે સમાનતા દેખાડવાનો છુપાયેલો ધૂર્ત પ્રયાસ છે.



**સિવીલ હોસ્પિટલમાં દર્દીઓને ટાઢક કરવા કુલર મુકાયા**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગરમીએ માઝા મુકી છે ત્યારે શહેરમાં ચાલીસ ડીગ્રી સેલ્સીયસથી વધુ તાપમાન નોંધાય છે. ત્યારે રાજકોટ સિવીલ હોસ્પિટલમાં દર્દીઓને ગરમીથી બચાવવા ખાસ જમ્બો કુલર મુકવામાં આવ્યા છે.સિવીલ હોસ્પિટલના જુદા જુદા વોર્ડમાં જયાં એસીની વ્યવસ્થા નથી તેવા તમામ વોર્ડમાં આ જમ્બો કુલર સિવીલ હોસ્પિટલ તંત્ર દ્વારા મુકવામાં આવ્યા છે.

# બીમારીથી ૩૭ વર્ષના યુવાનનું મોત

રાજકોટ, તા.૧૮

શહેરના ગાયકવાડી શેરી નંબર છ માં કીટીપરા પાસે રહેતા અમિત ભાગુભાઈ વઢવાણીયા ઉંમર વર્ષ ૩૭ નું બીમારી ગઈકાલે રાત્રે મોત નીપજ્યું હતું.

અમિત ગઈકાલે રાત્રે ૯:૩૦ વાગે આસપાસ પોતાના ઘરે હતો ત્યારે બીમારી સબબ બેભાન થઈ ગયો હતો તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટર અશ્વિન રામાણીએ જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. સુત્રોએ જણાવ્યું કે અમિત લાંબા સમયથી બીમાર હતો. તેને ફેફસાની બીમારી હતી. તે મજૂરી કામ કરતો હતો. યુવાનના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

# જસદણના રાજાવડલા ગામે ૨૨ વર્ષીય કાજલ મકવાણાએ વખ ઘોળ્યું: સારવારમાં દમ તોડયો

**યુવતીએ તા.૯ એપ્રિલે પોતાના ઘરે ઝેરી દવા પીધી હતી; ભાડલા, સરધાર, રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ અંતે રાજકોટ સિવિલમાં ગત મોડીરાત્રે મોત નિપજયું**

રાજકોટ તા.૧૮

જસદણ તાલુકાના રાજાવડલા (જામ) ગામે રહેતી ૨૨ વર્ષીય કાજલ મકવાણાએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેનું લાંબી સારવાર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજયું હતું. આ અંગે પોલીસ સૂત્રો અને પરિવારજનો પાસેથી મળેલી વિગત અનુસાર કાજલબેન ઘુઘાભાઈ મકવાણા (ઉ.વ.૨૨, રહે.રાજાવડલા (જામ) ગામ, તા.જસદણ, જિ.રાજકોટ) ગઈ તા.૯/




૪/૨૫ના રોજ બપોરે ૨ વાગ્યે તેના ઘરે હતી ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને જયારે આ વાતની જાણ થઈ ત્યારે તત્કાલ કાજલને ભાડલાની સત્યમ હોસ્પિટલમાં દાખલ કરી હતી. ત્યાથી વધુ સારવાર માટે સરધારની સ્વામીનારાયણ હોસ્પિટલમાં રીફર કરાઈ હતી. જો કે, તબિયત સુધારામાં ન આવતા પરિવારજનોએ કાજલને રાજકોટની રિધમ હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાં સારવાર આપી પણ તબીયત વધુ લથડતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તા.૧૭/૪ના રોજ રીફર કરવામાં આવેલ. અત્રે ચાલુ સારવાર દરમિયાન ગત મોડી રાત્રે ૧૨.૩૦ વાગ્યા આસપાસ કાજલે દમ તોડી દેતા પરિવારમાં શોક છવાયો હતો. ભાડલા પોલીસની ટીમે રાજકોટ સિવિલ હોસ્પિટલે આવી મૃતદેહ પીએમ અર્થે ખસેડી પરિવારની પુછપરછ કરતા જાણવા મળેલ કે, કાજલ ૨ ભાઈ અને ૧ બહેનમાં મોટી હતી. તેના પિતા ખેતીકામ કરે છે. કયાં કારણોસર આ પગલું ભર્યું તેનાથી પરિવારજનો અજાણ છે. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**આપઘાત પાછળનું કારણ જાણવા ન મળતા ભાડલા પોલીસે વધુ તપાસ હાથ ધરી**

# રાજકોટ મધ્યસ્થ જેલનો પેરોલ જમ્પ ફરાર કેદી કચ્છ-માંડવીમાંથી ઝડપાયો

રાજકોટ તા.૧૮

ગીર સોમનાથ જીલ્લા બહારના પેરોલ, ફર્લો પર છુટીને વચગાળાના જામીન મેળવી બહાર આવ્યા બાદ ફરાર બની જતાં સજા પામેલાં કેદીઓને શોધી કાઢી ને પકડી પાડવા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિકારી એ સ્થાનિક અને જીલ્લા બ્રાન્ચ ને આદેશ કર્યો હતો. એલ.સી.બી.બ્રાન્ચનાં ઇ.ચા.પો.ઇન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબઇન્સ. એ.સી.સિંઘવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પેરોલ ફર્લો ના સ્કોડ એ.એસ.આઇ. સુભાષભાઇ ચાવડા તથા પો.હેડ કોન્સ. પ્રવિણભાઇ મોરી ને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે નામદાર ચીફ જયુડી મેજી.કોર્ટ ઉનાનાફો.પ.અ.નં. ૨૦૨૧સી.આર.પી.સી.કલમ ૧૨૫ ના કેસ નાં રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સજા ભોગવતો કેદી ફારૂક સલીમભાઈ સોઢા રે નવાબંદર વાળા ને પેરોલ રજા પરથી જેલ ખાતે હાજર થવાના બદલે છેલ્લા બે મહીનાથી ફરાર હોય જે કેદીને કચ્છ જીલ્લાના માંડવી પોલીસ નાં વિસ્તારમાં હોવાની બાતમી આધારે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી ફરી વખતે જેલ હવાલે કરેલ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

## સીટી બસ અને BRTS સેવાના સુદ્રઢ સંચાલન માટે ICCC દ્વારા મોનીટરીંગ કરાશે

# સીટી બસ દુર્ઘટના બાદ મ્યુ.કોર્પો. તંત્ર જાગ્યું, બસ સર્વિસોના સંચાલન-ડ્રાઈવરો માટે નવી પોલીસી જાહેર

### ૨૫થી ૨૮ વર્ષની વયના જ ડ્રાઈવરો કામ પર રાખી શકાશેઃ ફીઝીકલ ફીટ સર્ટી અને વેલીડ લાયસન્સ લેવાનું રહેશે, આઠ કલાકથી વધુ કામ લેવા પર રોકઃ વાહનોના ફીટનેસ સર્ટી દર વર્ષે તા.૧થી ૩૦ એપ્રિલ વચ્ચે મેળવવા કરાયું ફરમાન

રાજકોટ તા.૧૮

શહેરના ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલ બસ દુર્ઘટના બાદ મ્યુ.કોર્પો. તંત્રે એકશનમાં આવી ધડાધડ પગલા લેવાની સાથે બસ સર્વિસોના સંચાલન અને ડ્રાઈવરો માટે નવી પોલીસી જાહેર કરી દીધી છે.

જેમાં એજન્સી મારફત કાર્યરત વાહનોની યોગ્ય ચકાસણી કરી આરટીઓ-માન્ય સંસ્થાઓ દ્વારા ફીટનેસ સર્ટીફીકેટ દર વર્ષે ૧ થી ૩૦ એપ્રિલ દરમ્યાન મેળવવા ફરમાન કરાયું છે. તેની સાથોસાથ ભારે વાહનો માટેના ફરજ પરના ડ્રાઈવરોની વય મર્યાદા ૨૫થી ૫૮ વર્ષની નિયત કરવામાં આવી છે. તેમજ તેની પાસે ઓછામાં ઓછું બે વર્ષ જુનુ ડ્રાઈવીંગ લાયસન્સ હોવું આવશ્યક છે.

તેમજ અન્ય વાહનો માટે નિયમ અનુસાર નિયત અનુભવ હોય તેને જ બસ સર્વિસો અને ભારે વાહનો માટે ફરજ પર રાખવા જણાવાયું છે.



ડ્રાઈવરો વાહનો થકી મ્યુ.કોર્પો.ને સેવા પુરી પાડતી એજન્સી પાસેથી ડ્રાઈવરો ફીઝીકલ ફીટ છે? તેની પાસે વેલીડ લાયન્સ છે? ડ્રાઈવરો પાસેથી નિયત કામના ૮ કલાકથી વધુ કામ લેવાતું નથીને? તે અંગેનું સોગંદનામુ આપવા પણ ફરમાન કરાયું છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીટી બસ સેવાના સંચાલક માટે નવી પોલીસે જાહેર કરી દેવામાં આવી છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની સીટી બસ સેવા અને બીઆરટીએસ બસ સેવાનું સંચાલન રાજપથ લી.કંપની દ્વારા પણ કરવામાં આવી રહ્યું છે.

રાજપથ કંપનીના જનરલ મેનેજર દ્વારા પણ જણાવાયું છે કે રાજકોટમાં ૮૦ રૂટ પર ૧૦૦ સીએનજી અને ૧૨૪ ઈલે. બસો મળી કુલ ૨૨૪ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવે છે. હાલમાં થયેલ દુર્ઘટનાને ધ્યાને લઈ અત્રેની ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (આઈસીસીસી) જયાં ઈન્સ્ટોલ તમામ કેમેરાનું લાઈવ સ્ટ્રીમીંગ અને મોનેટરીંગ થાય છે ત્યાં અલગથી મેઈન પાવર રાખી શહેરમાં ચાલતી સીટી બસ સલામત રીતે વહન થાય તેનું મોનીટરીંગ કરવામાં આવશે.

## ઈન્દિરા સર્કલ પાસેનાં ગંભીર અકસ્માતની તપાસ માટે ખાસ 'કમીટી' રચતા મ્યુનિ. કમિશ્નર

### 'ફેકટ ફાઈન્ડિંગ કમિટી' તપાસનો પ્રાથમિક અહેવાલ એક માસમાં રજૂ કરાશે

રાજકોટ, તા. ૧૮

ગત બુધવારે રાજકોટનાં ઈન્દિરા સર્કલ પાસે સર્જાયેલા અકસ્માતના અરેરાટીભર્યા બનાવની તપાસ માટે મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરા એ ખાસ કમીટીની રચના કરી ૧૧ સભ્યોની નિયુકિત કરી છે.

આ અંગે મ્યુનિ. કમિશ્નર સુમેરાનાં જણાવ્યા મુજબ ગત તા. ૧૬-૪ના રોજ ઈન્દિરા સર્કલ પાસેના ટ્રાફિક જંકશન પાસે સીટી બસ દ્વારા સર્જાયેલ દુઃખદ અકસ્માતને ગંભીરતાથી ધ્યાને લઇ અકસ્માતના કારણોની વિગતવાર તપાસ કરવા અને તેના તારણોના આધારે ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનાઓ ટાળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'ફેક્ટ ફાઇન્ડિંગ કમીટી'ની રચના કરવામાં આવે છે આ કમીટીમાં નાયબ કમિશ્નર ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા (અધ્યક્ષ), જનરલ મેનેજર રાજકોટ રાજપથ લી. (સહ-અધ્યક્ષ), મેનેજર આર.આર.એલ (સભ્ય સચિવ), સીટી એન્જીનીયર, રોશની શાખા (સભ્ય), સીટી એન્જીનીયર મીકેનીકલ વર્કશોપ શાખા (સભ્ય), એ.સી.પી. વેસ્ટ, રાજકોટ શહેર પોલીસ વિભાગ (સભ્ય), આર.ટી.ઓ. ઓફિસર, રાજકોટ આર.ટી.ઓ. વિભાગ (સભ્ય), ટેકનીકલ એકસપર્ટ, સેપ્ટ યુનિવર્સિટી (સભ્ય), ટેકનીકલ એકસપર્ટ SVNIT (સભ્ય), ટેકનીકલ એકસપર્ટ, મિકેનિકલ વિભાગ GEC રાજકોટ (સભ્ય) અને ટેકનીકલ એકસપર્ટ IRC Class (સભ્ય)ની નિમણુંક કરાઇ છે.

ઉકત કમીટી દ્વારા અકસ્માતને લગત આનુષંગિક તમામ ટેકનિકલ, કાયદાકીય પાસાઓને આવરી લઇ અકસ્માતનું કારણ અને તેને આનુષંગિક જવાબદારી અંગેનો પ્રાથમિક અહેવાલ ૧ મહિનામાં રજુ કરશે ભવિષ્યમાં લેવા માટે જરૂરી સુધારાત્મક પગલા સહિતનાં વિસ્તૃત અહેવાલ ૩ મહિનામં રજૂ કરશે.

## સીટી બસ, BRTS અને મ્યુ.કોર્પો.ના વાહનો જોખમી રીતે ચાલતા હોય તો કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪ પર ફરિયાદ કરવા લોકોને અનુરોધ

### જોખમી રીતે વાહન ચલાવનારા ડ્રાઈવરો સામે લેવાશે કડક પગલા

રાજકોટ તા.૧૮

શહેરના પરિવહન સેવા પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સીટી બસ સેવા અને બીઆરટીએસ બસ સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે જેનું સંચાલન રા.મ્યુ.કો.ની કંપની રાજપથ લી. દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેના હેઠળ કુલ ૮૦ રૂટ પર ૧૦૦ સીએનજી અને ૧૨૪ ઈલે. બસો મળી કુલ ૨૨૪ બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવેલ છે. નાગરિકોને સીટી બસ અને બીઆરટીએસ બસ સેવા ઉપરાંત નગરપાલિકાના કોઈપણ વાહન જોખમ કારક રીતે કે અકસ્માત સર્જે તે રીતે ચાલતું જણાય તો લોકોને કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪ પર આ અંગેની ફરીયાદ કરવા માટે અનુરોધ કરવામાં આવેલ છે.

જોખમી વાહન ચલાવનાર ચાલકો સામે મ્યુ.કોપો. દ્વારા કડક પગલા લેવાશે.

## ૧૮ રૂટની સીટી બસો-BRTS સર્વિસોની ચકાસણી કરવા માટે અધિકારીઓની ટીમોની રચના કરતું મ્યુ.કોર્પોરેશન

### વોર્ડવાઈઝ ૯૩ જેટલા અધિકારીઓની ટીમ બનાવી સોંપાતી જવાબદારી

રાજકોટ તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલ બસ દુર્ઘટના બાદ શહેરમાં કાર્યરત સીટી બસ સર્વિસો અને બીઆરટીએસ બસ સર્વિસોની ચકાસણી માટે વોર્ડવાઈઝ ૯૩ જેટલા અધિકારીઓની ટીમો બનાવી આ અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

જેમાં આજથી જ આ ઝુંબેશ આરંભી દેવામાં આવેલ છે. જે તા.૩૦ એપ્રીલ સુધી ચાલશે. આ કામગીરીનું સુપરવિઝન ઈસ્ટ ઝોનના નાયબ કમિશ્નરને સોપવામાં આવેલ છે. તેમજ મધ્યાહન ભોજન યોજનાના ના.કલેકટરને આ કામગીરીના સંકલન માટે જવાબદારી સોંપવામાં આવી છે.

આ સ્પે.ડ્રાઈવના અંતે એકશન ટેકન રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ ડ્રાઈવર દરમ્યાન તમામ ક્ષતિઓનું નિરાકરણ જનરલ મેનેજર દ્વારા લાવવામાં આવશે.

શહેરના ૧૮ વોર્ડના આ રૂટ પર ચાલી રહેલી બીઆરટીએસ અને સીટી બસ સર્વિસોના ચકાસણી માટે મ્યુ.કો. દ્વારા આ બસ ચેકીંગ ઝુંબેશ આજથી જ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે ૯૩ જેટલા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

# ટ્રમ્પનું 'ગોલ્ડન ડોમ'

### લેસર શસ્ત્રો, ૧૦૦૦ ઉપગ્રહો અમેરિકાને ગમે તેવા ખતરાથી બચાવશે



વોશિંગ્ટન, તા.૧૮

ડોનાલ્ડ ટ્રમ્પ એક એવી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ બનાવવા માંગે છે જે અમેરિકા પર કોઈપણ પ્રકારના હુમલાને રોકી શકે. આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની વિશેષતા દેશને અંતરિક્ષમાંથી આવતી હાઈપરસોનિક મિસાઈલોથી બચાવવાની હશે. આ ડોનાલ્ડ ટ્રમ્પનો ડ્રીમ પ્રોજેક્ટ છે, જેની કિંમત કેટલાક સો અબજ ડોલરથી વધુ હોઈ શકે છે. તાજેતરના અહેવાલ મુજબ, હવે આ વિશાળ પ્રોજેક્ટની કમાન પૃથ્વીના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કના હાથમાં આપવામાં આવી છે. હવે ઈલોન મસ્કનું કામ આવી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ બનાવવાનું છે. જે અમેરિકાને ચીન કે રશિયા સહિતના કોઈપણ દુશ્મન તરફથી આવતા ખતરાથી બચાવે છે. એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે મિસાઈલ હુમલાને અમેરિકા માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો છે. આથી અમેરિકાએ પોતાની સુરક્ષા માટે એડવાન્સ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ બનાવવાનું કામ શરૂ કરી દીધું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી ઇઝરાયેલની એર ડિફેન્સ સિસ્ટમ આયર્ન ડોમના ચાહક છે અને શરૂઆતમાં તેમણે નવી એર ડિફેન્સ સિસ્ટમનું નામ આયર્ન ડોમની તર્જ પર રાખવાનું સૂચન કર્યું હતું. પરંતુ અમેરિકન અધિકારીઓએ કોપીરાઈટ અને પેટન્ટને ટાંકીને તેનું નામ બદલવાની સલાહ આપી. જો કે, આ સિસ્ટમને આયર્ન ડોગ સાથે કોઈ લેવાદેવા નથી અને તે પોતે જ આવી સિસ્ટમ હશે. ઇઝરાયેલી આયર્ન ડોમ માત્ર તે જ મિસાઇલોને મારી નાખે છે જે મનુષ્ય માટે જોખમી હોય છે. આયર્ન ડોમ એવી મિસાઇલો ચલાવે છે જે ખતરનાક શ્રેણીમાં આવતી નથી. પરંતુ ગોલ્ડન ડોમ એવું નહીં હોય.

### મહત્વાકાંક્ષી પ્રોજેકટનો કોન્ટ્રાકટ એલન મસ્કને અપાયોઃ ગમે તેવી શત્રુ મિસાઈલોનો નાશ કરતી સિસ્ટમ હશે

જાણવા મળતી વિગતો મુજબ, એલોન મસ્કની સ્પેસએક્સ કંપનીએ 'ગોલ્ડન ડોમ' બનાવવાનો કોન્ટ્રાક્ટ જીતી લીધો છે. તેમની રોકેટ અને સેટેલાઇટ કંપની સંરક્ષણ પ્રણાલીઓ માટેના મુખ્ય ભાગોનું ઉત્પાદન કરવા માટે સોફ્ટવેર નિર્માતા પલાન્ટિર અને ડ્રોન નિર્માતા એન્ડ્સલી સાથે ભાગીદારી કરી રહી છે. ત્રણેય કંપનીઓ એવા ઉદ્યોગસાહસિકો દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી જેઓ ડોનાલ્ડ ટ્રમ્પના રાજકારણના મુખ્ય સમર્થકો રહ્યા છે. મોલ્ડેન ડોમ વિશ્વમાં અત્યાર સુધી બનાવેલી કોઈપણ ટેકનોલોજી કરતાં અલગ અને વધુ અદ્યતન હશે. આ રેન્જની કોઈ મિસાઈલ હજુ સુધી બનાવવામાં આવી નથી. એલોન મસ્કની કંપની દ્વારા બનાવવામાં આવેલી આ સિસ્ટમ અમેરિકાને હાઇપરસોનિક મિસાઇલો, ડ્રોન સ્વોર્મ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી આવતા કોઈપણ ખતરાથી બચાવવા માટે ડિઝાઇન કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ, એલોન મસ્કની કંપની ૧૦૦૦ થી વધુ ઉપગ્રહોનું નિર્માણ કરશે, જેનું કામ વિશ્વની પરિક્રમા કરવાનું અને અમેરિકા તરફ કોઈ ખતરો આવી રહ્યો છે કે કેમ તે શોધવાનું રહેશે. આ ઉપગ્રહો અમેરિકા તરફ આવતા કોઈપણ ખતરાને તાત્કાલિક ઓળખી કાઢશે અને પછી તેનો નાશ કરવામાં આવશે. આ ઉપરાંત, મિસાઇલો અને લેસરથી સજ્જ ૨૦૦ અલગ ઉપગ્રહો હશે, જેનું કામ દુશ્મન મિસાઇલોને તોડી પાડવાનું હશે. આનો અર્થ એ થયો કે દુનિયાની કોઈ પણ શક્તિ અમેરિકા પર મિસાઈલ હુમલો કરી શકશે નહીં. રિપોર્ટ અનુસાર, સ્પેસએક્સ ગોલ્ડન ડોમનો એક ભાગ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે જેને ''કસ્ટડી લેયર'' કહેવાય છે. તે ઉપગ્રહોના સમૂહ તરીકે કાર્ય કરશે જે મિસાઇલો શોધી કાઢશે, તેમના માર્ગોને ટ્રેક કરશે અને નક્કી કરશે કે તેઓ અમેરિકા તરફ જઈ રહ્યા છે કે નહીં.

## પૈસા લઈને મત આપનારા નવા જન્મમાં કુતરા-બિલાડા બનશેઃ ભાજપ ધારાસભ્યનુ વિવાદીત વિધાન

ભોપાલ તા.૧૮

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં ભાજપ ધારાસભ્ય ઉષા ઠાકુરે અજીબો-ગરીબ નિવેદન આપતાં ચર્ચામાં આવ્યા છે. તેમણે રૂપિયા, દારૂ-ગિફ્ટની લાલચમાં મત આપનારા લોકોની ટીકા કરતાં કહ્યું છે કે, લોકતંત્રને વેચનારા લોકો ઊંટ, ઘેટા-બકરાં, કુતરા અને બિલાડાના સ્વરૂપે પુનર્જન્મ લેશે.

મહૂ વિધાનસભા ક્ષેત્રના હસલપુર ગામમાં કથિત ટીપ્પણીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. ત્યારબાદ વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યે તેમની રૂઢિવાદી વિચારધારાની ટીકા કરી હતી.

ઉષા ઠાકુરે લોકો પાસે લોકતંત્રની રક્ષા કરવાની અપીલ કરતાં કહ્યું હતું કે, ભાજપ સરકારની લાડલી બહેના યોજના અને કિસાન સન્માન નિધિ જેવી અનેક યોજનાઓ મારફત પ્રત્યેક લાભાર્થીઓના ખાતામાં હજારો રૂપિયા આવે છે, તેમ છતાં મત માટે ૫૦૦-૧૦૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે. તે અત્યંત શરમજનક બાબત છે.

મતદાનની ગોપનીયતાનો ઉલ્લેખ કરતાં ઉષા ઠાકુરે કહ્યું કે, ભગવાન બધુ જોઈ રહ્યો છે. મતદાન કરતી વખતે તમે પ્રમાણિકતા ગુમાવશો નહીં. જે લોકો રૂપિયા, સાડી, ગ્લાસ, દારૂ માટે પોતાનો મત વેચે છે. તે પોતાની ડાયરીમાં લખી લે કે, તેઓ આગલા જન્મમાં ઊંટ, ઘેટા-બકરાં, કુતરા, અને બિલાડા બનશે. આ લોકો લોકતંત્રને વેચશે, તો આ જ રૂપે જન્મ લેશે.



ઉષા ઠાકુરે આગળ કહ્યું કે, મારી ભગવાન સાથે સીધી વાત થઈ છે. વિશ્વાસ કરો. ઉષા ઠાકુર અગાઉ પણ આ પ્રકારના નિવેદનો માટે ચર્ચામાં રહ્યા છે. તમામે ભાજપને જ મત આપવો જોઈએ. તે રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિની સેવા કરે છે. આ નિવેદનો અંગે સ્પષ્ટતા કરતાં ઠાકુરે કહ્યું કે, તે ગ્રામીણ મતદારોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહી હતી. લોકશાહી આપણું જીવન છે. સરકાર બંધારણની જોગવાઈઓને અનુસાર, લોકોના જીવન ધોરણમાં સુધારો લાવવા અનેક યોજનાઓ ચલાવે છે. તે વર્ષના બાર મહિના સેવા આપે છે. આ પરિસ્થિતિમાં પણ જો કોઈ પૈસા, દારૂ, અને ગિફ્ટ માટે પોતાનો મત વેચે છે, તો તે અત્યંત ગંભીર ગુનો છે. આપણે જેવું વાવશો તેવું લણીશું. જો આપણે ખરાબ કર્મો કર્યા હશે, તો આવતા જન્મે મનુષ્યનો રૂપે જન્મીશું નહીં.

## ડ્રાઈવરો પીધેલા છે ? મહાપાલિકા બ્રેથ એનેલાઈઝરથી દૈનિક ચકાસણી કરાશે

### સ્પીડ ગન મારફતે વાહનોની સ્પીડ પણ ચકાસાશે : તમામ ડ્રાઈવરોની દર ત્રણ માસે આરોગ્યલક્ષી તપાસ પણ થશે : 'અનફિટ' ડ્રાઈવરને તુરંત રૂખસદ આપી દેવાશે : મ્યુનિ. કમિશ્નરે ખાસ પરિપત્ર જારી કર્યો

રાજકોટ, તા. ૧૮

ઈન્દીરા સર્કલ પાસેનાં સીટી બસનાં ગંભીર બનાવ બાદ અંતે મનપા તંત્ર જાગ્યુ છે અને સીટી બસ સહિત મહાપાલિકાનાં તમામ વાહનોનાં ડ્રાઈવરે નશો કરેલી હાલતમાં છે કે નહીં ? તે માટે ખાસ ચકાસણી બ્રેથ એનેલાઇઝરથી કરવાનો એક ખાસ પરિપત્ર દ્વારા મ્યુનિ. કમિશ્નરે આદેશ કર્યો છે.

આ પરિપત્રમાં મ્યુનિ. કમિશ્નરે વિવિધ સુચનાઓ જારી કરતા જણાવેલ હતું કે, અત્રેથી વિજીલન્સ શાખાના સ્ટાફ દ્વારા ફરજ પરના તમામ ડ્રાઈવરોને બ્રેથ એનેલાઇઝરથી રેન્ડમલી ચેક કરવામાં આવશે તેમજ વાહનોની સ્પીડની ચકાસણી સ્પીડ ગન મારફત કરવામાં આવશે. જરૂરીયાત મુજબના બ્રેથ એનેલાઇઝર તથા સ્પીડ ગનની ખરીદી સ્ટોર શાખાએ કરવાની રહેશે.

તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વપરાતા કોઇ પણ વાહનને અકસ્માત થાય તેવા સંજોગોમાં એક સ્ટેન્ડીંગ ફેક્ટ ફાઇન્ડિંગ કમીટીની રચના કરવામાં આવે છે. જયારે રાજકોટ મહાનગરપાલિકાના તમામ ડ્રાઇવરોની દર ત્રણ માસે આરોગ્ય લક્ષી ચકાસણી કરવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકામાં કામ કરતા કોન્ટ્રાક્ટરો દ્વારા કોન્ટ્રાક્ટ ઉપર ભાડે લેવાયેલ વાહનો, આઉટસોર્સિંગથી સેવા લેવાયેલ ડ્રાઇવરો વિગેરેની આરોગ્યલક્ષી માહિતી (આરોગ્ય અધિકારી જે નકકી કરે તે મુજબના નમુનામાં) દર ત્રણ માસે (એટલે કે ૨૫ માર્ચ, ૨૫ જુન, ૨૫ સપ્ટેમ્બર, ૨૫ ડિસેમ્બર લગત શાખાધિકારીઅને આપવાની રહેશે.

તથા આ માહિતી મળ્યા બાદ શાખાધિકારીએ કોન્ટ્રાકટરે એ આપેલી માહિતી ઉપરાંત પોતાની શાખામાં કામ કરતા રાજકોટ મહાનગરપાલિકાના પે-રોલ પરના ડ્રાઇવરોની યાદી ઉમેરી આરોગ્ય અધિકારીને ત્રણ દિવસમાં સુપ્રત કરવાની રહેશે.

જયારે આરોગ્ય અધિકારી દ્વારા આ તમામ યાદી ચેક કરી યુપીએચસી વાઇઝ તમામ ડ્રાઇવરોની આરોગ્યલક્ષી તપાસનું શેડયુલ એક માસ એટલે કે એપ્રિલ, જુલાઇ, ઓકટોબર અને જાન્યુઆરીમાં પૂર્ણ કરી તેનો રિપોર્ટ કમિશ્નરને આપશે તેમજ અનફિટ જણાતા ડ્રાઇવરો બાબતે તાત્કાલીક સંબંધીત શાખાધિકારીઓને જાણ કરી તેઓને ઓફ રોડ કરવાની સુચના આપવાની રહેશે.

આ ફિટનેશ ચેકીંગ એક રૂટીન ચકાસણી છે જેનું રેકર્ડ યુપીએચસી વાઇઝ નિભાવવાનું રહેશે. તેમજ ચકાસણીની વિગતો આરોગ્ય અધિકાર દ્વારા નિયત કરવાની રહેશે. આ આરોગ્યલક્ષી ચકાસણી બાદ પણ કોન્ટ્રાકટરની પોતાના ડ્રાઇવરોની આરોગ્યલક્ષી ચકાસણી સમયાંતરે કરાવવાની પોતાની જવાબદારી યથાવત રહેશે. ટેન્ડરની શરતો તેમજ અન્ય કાયદાઓ લગતની ચકાસણી કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

### ગુજરાત 'સ્પેસટેક પોલિસી' જાહેર કરનારૂ પ્રથમ રાજય બન્યું, અવકાશ ક્ષેત્રે ઉદ્યોગોને હવે મળશે નવી ઉડાન

## ભારતનું સેમિકન્ડકટર હબ બન્યા બાદ ગુજરાત હવે સ્પેસટેક પોલિસીથી નવા આયામો સર કરશે

### સ્થાનિક અવકાશ ટેક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે INSPACe, ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ સાથે ભાગીદારી કરશે ગુજરાત સરકાર

ગાંધીનગર, ૧૮: ગુજરાત સરકારે આજે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સ્પેસટેક પોલિસી ૨૦૨૫-૨૦૩૦ જાહેર કરી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં દેશનું હબ બન્યા બાદ ગુજરાત હવે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રમાં પણ નવી સિદ્ધિઓ મેળવવા તૈયાર છે.

આ પોલિસી અંતર્ગત IN-SPACe, ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં સ્પેસ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં સહાયતા મળશે. વર્તમાન સમયમાં સંરક્ષણ, નેવિગેશન, આરોગ્ય સેવા, ઈન્ટરનેટ, ડેટા ટ્રાન્સફર, હવામાનના અંદાજ અને આપત્તિ વ્યવસ્થાપન જેવી મહત્વપૂર્ણ સેવાઓમાં સ્પેસ ક્ષેત્ર અનિવાર્ય બન્યું છે.

ચંદ્રયાન, મંગળયાન અને SpaDeX જેવા મિશનોથી આપણા દેશની પ્રસિદ્ધિ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વમાં વર્ષ ૨૦૨૦માં ખાનગી ભાગીદારી માટે સ્પેસ ક્ષેત્ર ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું અને ખાનગી ક્ષેત્રો માટે સિંગલ વિન્ડો તરીકે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACe)ની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ આ મહત્વાકાંક્ષી કામગીરીને વેગ આપવા માટે ભારત સરકારે ઇન્ડિયન સ્પેસ પોલિસી ૨૦૨૩ અને FDIમાં જરૂરી સુધારા જાહેર કર્યા હતા.

સ્પેસટેક નીતિ સેટેલાઇટ પેલોડ્સ અને ભાગોના ઉત્પાદનથી લઈને સંદેશાવ્યવહાર અને પ્રોપલ્શન સિસ્ટમ્સ, ગ્રાઉન્ડ સ્ટેશનો, સેટેલાઇટ નિયંત્રણ કેન્દ્રો અને અવકાશ-આધારિત એપ્લિકેશન ડિઝાઇન સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓ માટે નાણાંકીય અને બિન-નાણાંકીય સહાય પૂરી પાડશે.

ગુજરાત સરકાર આ વ્યૂહાત્મક ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે અવકાશ ટેક્નોલોજીમાં એક સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવાની પણ યોજના ધરાવે છે.

**ગુજરાત સ્પેસટેક પોલિસીના મુખ્ય અંશોઃ**

૧. સ્પેસટેક મેન્યુફેક્ચરિંગ - ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ (૨૦૨૨-૨૦૨૮) હેઠળ સહાય ઉપરાંત, લોન્ચ ખર્ચ અને પેટન્ટ ફાઇલિંગ માટે વધારાની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે.

૨. ગ્રાઉન્ડ સેગમેન્ટ, સ્પેસ એપ્લિકેશન્સ અને ડિઝાઇન - આ ક્ષેત્રોમાં સામેલ સાહસો ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) હેઠળ પ્રોત્સાહનો માટે પાત્ર રહેશે.

૩. સ્પેસટેક સ્ટાર્ટઅપ્સ - ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) હેઠળ ICT અને ડીપ ટેક સ્ટાર્ટઅપ્સ પ્રોગ્રામ દ્વારા સ્ટાર્ટઅપ્સને સહાય આપવામાં આવશે.

આ પહેલ રોકાણકારો અને ઉદ્યોગસાહસિકોને ગુજરાતમાં નિર્માણ અને સંચાલન કરવા માટે સશક્ત બનાવશે. ગુજરાત સરકાર એક સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્કના નિર્માણ માટે INSPACe, અવકાશ વિભાગ (ભારત સરકાર) સાથે મળીને કામ કરશે, જેમાં સામાન્ય તકનીકી સુવિધાઓ સહિત માળખાગત સુવિધાઓ હશે અને તે અવકાશ ક્ષેત્રમાં સાહસોને પ્રોત્સાહન આપવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે. આ નીતિ ગુજરાતના સ્પેસટેક સાહસો માટે સરકારની પ્રતિબદ્ધતા અને મજબૂત સમર્થન સૂચવે છે. ઇલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડકટર્સ, IT/ITeS અને GCC માટે કેન્દ્રિત નીતિઓના તાલમેલ સાથે આ સ્પેસટેક નીતિનો ઉદ્દેશ ગુજરાતને હાઇ-ટેક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો અને 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં આગળ વધવાનો છે.

## ઈલેકટ્રીક વાહનો પર ૫%ની ટેકસ છુટ : ગુજરાત સરકારની મોટી જાહેરાત

**છેલ્લા સમાચાર**

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સહિત દેશભરમાં પ્રદુષણને કાબુમાં લેવા માટે ઇલેકટ્રીક વાહનોનું ચલણ વધારવા માટે કેન્દ્રથી માંડી રાજ્ય સરકારો ટેકસ રાહત સહિતના પ્રોત્સાહન આપી જ રહી છે તેવા સમયે ગુજરાત સરકારે ઇલેકટ્રીક વાહનો પર પાંચ ટકા ટેકસ છુટની જાહેરાત કરી છે. આ વાહનો પર માત્ર એક ટકા ટેકસ લાગશે. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી આ રાહત અમલમાં રહેશે.



રાજયના પરિવહન અને ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે ટવીટ કરીને જાહેરાત કરી હતી કે પરિવહનને પ્રોત્સાહન આપવા માટે ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી સંપૂર્ણ પણે ઇલેકટ્રીક વાહનો પર પાંચ ટકા ટેકસ છુટની જાહેરાત કરવામાં આવે છે. હવે ટેકસ દર માત્ર એક ટકો રહેશે. નાગરિકો હવે વાહન ૪.૦ પોર્ટલ દ્વારા તેમના ઇલેકટ્રીક વાહનોની ઓનલાઇન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. હરીયાળા અને સ્વચ્છ ગુજરાત તરફનું આ કદમ હોવાનો તેમને દાવો કર્યો હતો.

## બોલીવુડ છોડવાનો નથી; શાહરૂખ કરતા પણ વ્યસ્ત છું

### અફવા તેજ બનતા અનુરાગ કશ્યપ ભડકયો

મુંબઇ, તા. ૧૮

અનુરાગ કશ્યપ પોતાની તીખી પ્રતિક્રિયા માટે જાણીતા છે. હાલમાં જ પોતાની ઈન્ડસ્ટ્રી છોડી દેવાની અફવા પર ભડકી ગયા હતા. માર્ચ ૨૦૨૫માં અનુરાગે મુંબઈને અલવિદા કહી દીધું અને અન્ય શહેરમાં પોતાનું નવું ઠેકાણું શોધી લીધી હતું. આ ખબરથી તુરંત ખળભળાટ મચી ગયો અને લોકો આશંકા વ્યક્ત કરવા લાગ્યા કે, અનુરાગે ફિલ્મ મેકિંગને હંમેશા માટે છોડી દીધું છે. જોકે, હવે અનુરાગે આ અફવાને નકારી દીધી છે.



અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું કે, 'મેં ફક્ત શહેર બદલ્યું છે, ફિલ્મ મેકિંગ નથી છોડ્યું. જે લોકો એવું વિચારે છે કે, હું હતાશ થઈને જતો રહ્યો છું તેમને જણાવી દઉ કે, હું અહીં જ છું અને શાહરૂખ ખાન કરતા પણ વધારે વ્યસ્ત છું. મારી પાસે ૨૦૨૮ સુધીની તારીખ બુક છે. આ વર્ષે મારી પાંચ ફિલ્મો રિલીઝ થઈ શકે છે, અથવા કદાચ ત્રણ આ વર્ષે અને બે આવા વર્ષે આવવાની આશા છે. હું દર ત્રણ પ્રોજેક્ટને નકારી દઉ છું.'

નોંધનીય છે કે, અનુરાગ કશ્યપે એક ઈન્ટરવ્યુમાં અનુરાગે મુંબઈ છોડવાનું કારણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો માહોલ હવે ઝેરીલો થઈ ગયો છે દરેકને ૫૦૦ અથવા ૮૦૦ કરોડની ફિલ્મ બનાવવી છે. રચનાત્મકતા ખોવાઈ ગઈ છે. શહેર ફક્ત ઈમારતોથી નથી પરંતુ, અહીંના લોકોથી બને છે. પરંતુ, અહીં લોકો તમને નીચે ખેંચે છે.'

## ચૈત્ર વદ પાંચમઃ શ્રીમદ્ રાજચંદ્રજી જીવનનો અંતિમ તબક્કો

# મનસુખ, તું માને ઠીક રાખજે, હું મારા આત્મ સ્વરૂપમાં લીન થાઉં છુંઃ સમાધિમાં જ દેહ છૂટયો

### શ્રીમદ્ રાજચંદ્રજીએ જે જગ્યાએ રાજકોટમાં દેહ છોડયો ત્યાં સમાધિ ભવન નામે મંદિર નિર્માણ કરાયું છેઃ જયાં અગ્નિદાહ અપાયો ત્યાં 'સમાધિ મંદિર' બનાવાયું છે





રાજકોટ તા.૧૮

સંવત ૧૯૫૬માં શ્રીમદજી નિવૃતિ સ્થાનોમાં એકાંતમાં નિવાસ કરવા લાગ્યા હતા. સંસારથી દુર રહી પોતાની સાધનામાં દ્રઢ રહેવાથી આત્માવૃતથી જીવન ભરાવા લાગ્યું. નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર રહેવા લાગ્યા. આત્માના અનંત ઐશ્વર્યના સુખને માણવા લાગ્યા, પ્રબળ આત્મસાધનાથી રાયચંદભાઈમાંથી રાજચંદ્ર અને તેમાંથી શ્રીમદ્ બન્યા. અનેક મુમુક્ષુઓના પરમ કૃપાળુ દેવ બની ગયા.

વિ.સં.૧૯૫૭માં શ્રીમદને સંગ્રહણીની વ્યાધિ લાગુ પડી ગઈ. તેઓને હવાફેર માટે અમદાવાદ, મુંબઈ, વલસાડ પાસે ધરમપુર અને તિથલ લઈ જવામાં આવ્યા. તબિયત વધારે ક્ષીણ થતા, જન્મભૂમિ વવાણીયા લાવવામાં આવ્યા. ઉતરોતર સ્વાસ્થ્ય વધારે કથળવા લાગ્યું. શ્રીમદે છેવટે જન્મક્ષેત્ર વવાણીયા છોડયું. વવાણિયાની વિદાય લેતા પૂર્વે પોતાના માતા પિતા, પોતાના ગર અને ગામના સર્વેને નમસ્કાર કર્યા. છેલ્લે પોતાની જન્મભૂમિને નમસ્કાર કરી ઋણભાવ પ્રગટ કર્યો.

સં.૧૯૫૭ના ફાગણ સુદ ૬ના દિવસે વઢવાણ થઈ રાજકોટમાં તેઓનું આગમન થયું. રાજકોટના કાશીવિશ્વનાથ પ્લોટમાં 'નર્મદા મેન્સન'માં તેઓનો ઉતારો હતો. છેલ્લા ૪૫ દિવસ સુધી નિવાસ કર્યો હતો. શ્રીમદજીની શારીરિક સ્થિતિ વધારે કથળતી જતી હતી. ચૈત્રવદ પાંચમના દિવસે સવારે પોણા આઠ વાગ્યે શ્રીમદજીને દૂધ આપવામાં આવ્યું. આ સમયે તેઓ સંપૂર્ણ શુધ્ધિમાં હતા. પોણા નવ વાગ્યે શ્રીમદે પોતાના નાનાભાઈને બોલાવી કહ્યું કે 'મનસુખ, માને ઠીક રાખજે, હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું' પોણા નવ વાગ્યાથી બે વાગ્યા સુધી સમાધિમાં જ તે પવિત્ર આત્માનો દેહ સાથેનો સંબંધ છુટયો. આ પરમ અમૃત શ્રીમદ રાજચંદ્રજીની દિવ્ય શાશ્વત આત્મા જયોર્તિ ઉર્ધ્વગમન કરી ગઈ. ૩૩ વર્ષની ભરયુવાન વયે એમની દિવ્ય લીલા સંકેલાઈ ગઈ. અલ્પ આયુષ્યવાળા જીવનમાં અપૂર્વ જ્ઞાનચંદ્રીકા વર્ષાવી દિવ્ય તત્વજ્ઞાન ફેલાવી ગયા. રાજકોટની પુણ્યભૂમિને પોતાના પાર્થિવ દેહના પરમાણુંઓ સોંપી સદાને માટે વિદાઈ થઈ ગયા. રાજકોટની પાવાપુરી સમાન પવિત્ર ભૂમિ પર કૃપાળુ દેવના ત્રણ મંદિરોનું નિર્માણ થયેલ છે. જે જગ્યાએ દેહ છોડયો ત્યાં 'સમાધિ ભવન' નામે મંદિરનું નિર્માણ થયું છે. આકાશવાણી રોડ પર 'જ્ઞાન મંદિર'નું નિર્માણ થયું છે. અને જયાં અગ્નિદાહ આપવામાં આવ્યો ત્યાં 'સમાધિ મંદિર'નું નિર્માણ થયું છે. આ મંદિરોમાં સ્વાધ્યાય- ભકિતના કાર્યક્રમો કાયમ માટે રાખવામાં આવે છે. મુમુક્ષુઓ શ્રવણ, મનન, કીર્તન, ધ્યાન અને ભકિત દ્વારા સાધના કરી પોતાના આત્માને બળવતર બનાવે છે. 'સત્પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'.



# અપના બજારનાં આંગણે સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય જોશી, સતીશ મરાઠે અને સંજય પાંચપોર પધાર્યા

### કન્ઝયુમર કો-ઓપરેટિવ સેકટર અંગે વિસ્તૃત ચર્ચા કરી

રાજકોટ, તા.૧૮

ગ્રાહક પ્રવૃતિ સાથે સાડા છ દાયકાથી સતત કાર્યરત રાજકોટ જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. અપના બજારના મુખ્યાલય ખાતે આજ રોજ રાષ્ટ્રનું સહકારી પ્રવૃતિનું પ્રચંડ આગવું સંગઠન સહકાર ભારતીનાં નવનિર્વાચીત રાષ્ટ્રીય પદાધિકારીઓ ઉદય જોષી- રાષ્ટ્રીય અધ્યક્ષ, રાષ્ટ્રીય મહામંત્રી સંજય પાંચપોર, સહકાર ભારતી પૂ ર્વઅધ્યક્ષ- આરબીઆઇ ડિરેક્ટર સતીષ મરાઠે, ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી જીવનભાઈ ગોલે, પ્રાંત પ્રકોષ્ટ પ્રમુખ ચીમનભાઈ ડોબરિયા દ્વારા અપના બજારની રૂબરૂ મુલાકાત લઈ હતી.

સંસ્થાની પ્રવૃતિનો સવિસ્તર ચિતાર રજૂ કરતાં ચેરમેન ભાગ્યેશ વોરાએ પ્રતિનિધિ મંડળ સમક્ષ અનેક આયામો રજૂ કર્યા હતા. તેના પ્રતિસાદ રૂપે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ઉદયજી જોષીએ વર્તમાન ગ્રાહક લક્ષી પ્રવૃ તમાં નવા અભિગમને સ્વીકારી સંસ્થાની પ્રગતિ માટેના અનેક પગલાઓનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું.આ પ્રસંગે સહકારી અગ્રણીઓ જુનાગઢની કેશવ ક્રેડીટ કો. ઓપ. સોસાયટીના અધ્યક્ષ રમેશભાઈ સાવલિયા, બોર્ડ ઓફ ડિરેકટરનાં સદસ્ય ઓ નંદકિશોરભાઈ ગરાય, ચીમનભાઈ ડોબરિયા, ભીખુભાઈ પાંભર, નયનાબેન મકવાણા આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

યજમાન સંસ્થાનાં વાઇસ ચેરમેન દીપકભાઈ ચાવડા, વરિષ્ઠ ડિરેક્ટર નટુભાઇ ચાવડા, પંકજભાઈ દેસાઈ, જયંતભાઈ ધોળકિયા, મહેશભાઇ કોટક, વિક્રમસિંહ પરમાર વિગેરેએ સંસ્થા મુલાકાતે પધારેલ મહાનુંભાવઓને સ્વપરિચય આપી ઉમળકાભેર આવકારેલ.

# રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાય એસો. દ્વારા આયોજિત એન્યુઅલ જનરલ મિટિંગ, સ્નેહમિલન સહિતના કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન

### સદભાવના વૃધ્ધાશ્રમના વિજય ડોબરિયાને એસો.ના સભ્યોએ મોમેન્ટો તથા રોકડ રકમ અર્પણ કરેલ



રાજકોટ, તા.૧૮

તાજેતરમાં રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાયર્સ એસોસિએશન દ્વારા નવા વેપારી વર્ષ એપ્રિલ-૨૦૨૫ ની સાલને વધાવતા આવકારતા એન્યુઅલ જનરલ મિટિંગ, ભોજન સમારંભ સાથે ગેટ ટુ ગેધર સ્નેહમિલનનું આયોજન 'હોટલ કેશવમ' ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં સભ્ય સંખ્યા પરિવાર સહિત ઉપસ્થિત રહી ગેટ ટુ ગેધર કાર્યક્રમ ભાઈચારા સાથે સંપન્ન થયો.

ભાઈઓ ત્યા સવિષેશ બહેનો ફેમીલી સાથે ઉપસ્થિત રહ્યા તે બદલ એસોસિએશનના કારોબારી સભ્યો આભારની લાગણી વ્યકત કરે છે. કાર્યક્રમમાં પ્રમુખ સમીરભાઈ ચંદે સર્વે સભ્યો મિત્રો આવકારી મિટીંગમાં સહભાગી થયા તે બદલ આભારની લાગણી પ્રદર્શિત કરેલ. નવા સભ્ય થવા અને એસોસિએશન મજબુત કરવા અનુરોધ કરેલ. મુખ્ય મહેમાન પદે ખાસ ઉપસ્થિત રહેલ સદભાવના વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયાનું સાલથી પૂર્વ પ્રમુખ મેથજીભાઈ ઘેલાણી અને પૂર્વ ટ્રેઝરર પ્રમોદભાઈ મહેતાએ સ્વાગત સાથે સન્માન કરેલ. તેમજ વિજયભાઈ ડોબરીયાને રાજકોટ મશીનરી સ્પેર્સ સપ્લાય એસોસિએશનના સભ્યોએ મોમેન્ટો તથા રોકડ રકમનું કવર સદભાવના વૃધ્ધાશ્રમને અર્પેલ અને ભાવ સાથે સન્માન કરેલ. નવી કમિટીએ સર્વે ઉપસ્થિતિને આવકારી આભારની લાગણી પ્રદર્શીત કરી એસોસિએશન નવા સભ્ય થવા પ્રમુખ સમીરભાઈ ચંદે, માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલ અને ટ્રેઝરર પરેશભાઈ અઢિયાનો કોન્ટેકટને શુભેચ્છા પાઠવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ સમીરભાઈ ચંદે, ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણી, માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલ, સહમંત્રી વિનોદભાઈ અકબરી, ટેઝરર પરેશભાઈ અઢીયા, કારોબારી મેમ્બરમાં ઈશ્વરભાઈ બ્રાંભોલીયા, પિયુષભાઈ પટેલ, મુકેશભાઈ પાંભર, રાજેશભાઈ અઢીયા, ચેતનભાઈ ગણાત્રા, સુનીલભાઈ ત્રાંબડીયા, અશ્વિનભાઈ પટેલ, પરેશભાઈ અઢીયાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની આભાર વિધી ઉપપ્રમુખ રામજીભાઈ લાડાણીએ કરેલ.

# જે ભગવાન ટ્રસ્ટ દ્વારા પાંચ દિકરીઓના સર્વ પ્રથમ સર્વ જ્ઞાતિ સમુહલગ્નનું આયોજન

### બ્લડ ડોનેશન કેમ્પ યોજાશેઃરાજકીય આગેવાનો તથા દાતાઓનું સ્વાગત તથા સન્માન કરાશે



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા.૧૮

જે ભગવાન ટ્રસ્ટ દ્વારા તા.૨૦-૦૪-૨૦૨૫, રવિવારના રોજ સૌ પ્રથમ પાંચ દિકરીઓના સર્વ જ્ઞાતિ સમુહલગ્નનું આયોજન - સર્વોદય સોસાયટી શેરી નં.૨૪, પિતૃકૃપા હોટલની પાછળ, પોસ્ટઓફીસની બાજુમાં, કોમન પ્લોટ, વેરાવળ (શાપર) રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. સાથે દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે.

જેમાં તા.૧૯-૦૪-૨૦૨૫, શનિવારના સવારેઃ મંડપ રોપણ, રાત્રે ૯-૦૦કલાકે દાંડીયારાસ, તેમજ તા.૨૦-૦૪-૨૦૨૫, રવિવારના સવારે ૭-૦૦ કલાકે જાન આગમન, સવારે ૮-૦૦ વાયે સ્વાગત બાદ સવારે ૧૦-૦૦ કલાકે હસ્તમેળાપ, મંગળ આશિષ બપોરે ૧૧-૦૦ કલાકે, બપોરે ૧૨-૩૦ કલાકે ભોજન સમારંભ અને બપોરે ૨-૦૦ કલાકે જાન વિદાયનું આયોજન કરવામાં આવેલ છે. જયારે તા.૨૦-૦૪-૨૦૨૫, રવિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરેલ છે.આ સમુહલગ્નમાં સંતો-મહંતો આર્શિવચન આપવા પધારશે. આ સમુહલગ્નમાં રાજકીય આગેવાનો તથા દાતાઓનું પણ સ્વાગત તથા સન્માન કરવામા આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા જે ભગવાન ટ્રસ્ટના આયોજક અરવિંદ બાપુ,હંસાબેન માકડીયા, જયાબેન લાખાભાઈ ,જેન્તીભાઈ પુનાભાઈ પરમાર (મેઘમાયા માનવ ટ્રસ્ટ પ્રમુખ,વાળધરી), રામજીભાઈ કાનાભાઈ ચૌહાણ એ 'સાંજ સમાચાર'ની મુલાકત લીધી હતી.

# ૧૭મેએ આણંદપર નવાગામ ખાતે ૧૦માં શાહી સમુહલગ્નોત્સવ યોજાશે

### ચુંવાળીયા કોળી ઠાકોર સમુહલગ્ન સમિતિ દ્વારા કરાયું આયોજન



રાજકોટ, તા.૧૮

જય વેલનાથ માંધાતા ટ્રસ્ટ નવાગામ રાજકોટ પ્રેરિત રાજકોટ તાલુકા ચુંવાળીયા કોળી ઠાકોર સમુહલગ્ન સમિતિ આણંદપર નવાગામ દ્વારા આયોજીત દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૧૭ મે ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે આણંદપર નવાગામ મેઈન રોડ લાડવાવાડી ખાતે ૧૦ માં શાહી સમુહલગ્નોત્સવનું ભવ્ય આયોજન રાખેલ છે.

સમાજના તમામ કાર્યકરોની મહેનતથી તેમજ દાતાઓના સાથ સહકારથી આ સમુહલગ્નમાં ભાગ લેનાર નવદંપતિઓને કરિયાવરમાં ઘરવપરાશની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવશે. આ સમુહલગ્નમાં ૧૦ હજાર જ્ઞાતિજનો માટે ભોજન સમારંભની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમુહલગ્નમાં સાથ સહકાર આપવા માટે તેમજ લગ્નમાં જોડાવા માટે ફોર્મ મેળવવા માટે ૩૦ એપ્રિલ સુધી કાર્યાલય આણંદપર નવાગામ મેઈન રોડ, ઉર્જા કોમ્પ્લેક્ષ, રાજકોટ (મો. ૯૨૬૫૪ ૭૦૯૨૬)નો સંપર્ક કરવાનો રહેશે.


(તસ્વીર : પંકજ શીશાંગીયા)

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, રાજકોટ દ્વારા દર શનિ - રવિ મેરેજ બ્યુરો કાર્યરત

### સમસ્ત બ્રહ્મ સમાજના અંદાજે ૧૨૦૦ યુવકો તથા ૮૦૦ યુવતિઓના બાયોડેટા એકત્રિત કરાયા

રાજકોટ, તા.૧૮

શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, રાજકોટ દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજ, રાજકોટના તમામ બ્રાહ્મણો માટે એક મેરેજ બ્યુરોનું ભવ્ય આયોજન કરેલ છે. આ મેરેજ બ્યુરોમાં સમસ્ત ભારતભરમાંથી બ્રાહ્મણ જ્ઞાતિના યુવક / યુવતિઓ લાભ લઇ શકશે. આ મેરેજ બ્યુરો તદ્દન નિઃશુલ્ક રાખેલ છે. દર શનિવારે સાંજે ૫.૩૦ થી ૭.૩૦ અને દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ ના સમય દરમિયાન મેરેજ બ્યુરો કાર્યરત રહેશે.

હાલમાં શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજના લગભગ ૧૨૦૦ યુવકોના તથા ૮૦૦ જેટલાં યુવતિઓના બાયોડેટા એકત્રિત કરવામાં આવેલ છે, જેમાં ડોકટર, એન.આર.આઇ. તેમજ છૂટાછેડા વાળા યુવક/યુવતિઓના બાયોડેટા અલગથી તારવવામાં આવેલ છે. ભારતભરના બ્રાહ્મણો સંપર્ક કરી પોતાનો બાયોડેટા શ્રીમાળી બ્રાહ્મણ સમાજમાં જમા કરાવી શકે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટના સમસ્ત બ્રહ્મ સમાજના તડગોડના પ્રમુખ / મંત્રીઓ સાથ અને સહકાર આપે છે. આ કાર્યને સફળ બનાવવા માટે શ્રીમાળી બ્રાહ્મણ સમાજની ટીમના કમલેશભાઈ ત્રિવેદી, હરીશભાઈ ત્રિવેદી, ગૌરાંગ ઓઝા, ધનંજય દવે, કૌશિક દવે, સગુણાબેન ઓઝા, અનિલ ત્રિવેદી, કપિલ ઓઝા, તરૂણ ત્રિવેદી,હરેન્દ્રભાઈ ત્રિવેદી એ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.

# કાલે સંત શ્રી આશારામજી આશ્રમમાં બાપુનો ૮૯માં અવતરણ દિવસની ઉજવણીઃ છાશ વિતરણ

### ગુરૂ પાદુકા પુજન, સ્તોત્ર પાઠ સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

રાજકોટ, તા.૧૮

સંતશ્રી આશારામજી આશ્રમ, ન્યારી ડેમ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે આવતીકાલ તા.૧૯ ને શનિવારના રોજ આશારામજી બાપુના અવતરણ દિવસ નિમિતે ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નિમિતે આશ્રમમાં સવારે ૧૦ વાગ્યાથી ધાર્મિક કાર્યક્રમો જેવા કે ગુરૂ પાદુકા પુજન, સ્તોત્ર પાઠ, ભજન-કીર્તન, શ્રી આસારામાયણના પાઠ, પુજય બાપુનો વિડીયો સત્સંગ, ધ્યાન, વિગેરે કાર્યક્રમો થશે. આ અવસરે આશ્રમ ખાતે પુજય બાપુ દ્વારા ૨૪ વર્ષથી પ્રજવલિત અખંડ જયોતના પણ દર્શન થશે, કાર્યક્રમ બાદ બપોરે ૧ વાગે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આ દિવસ આખા વિશ્વમાં સેવા-સત્સંગ દિવસ તરીકે મનાવાય છે. આ સોરઠીયાવાડી ચોક ખાતે સવારે ૯ વાગ્યાથી છાશ વિતરણનો જાહેર કાર્યક્રમ રાખેલ છે.

## અવકાશ ક્ષેત્રે ઉદ્યોગને નવી ઉડાન મળશે

# ગુજરાત સ્પેસટેક પોલીસી જાહેર કરનાર પ્રથમ રાજય બન્યું

### IN-SPACe ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ સાથે ભાગીદારી કરશે ગુજરાત સરકાર

રાજકોટ, તા. ૧૮

ગુજરાત સરકારે આજે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રને વેગ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સ્પેસટેક પોલિસી ૨૦૨૫-૨૦૩૦ જાહેર કરી છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં દેશનું હબ બન્યા બાદ ગુજરાત હવે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રમાં પણ નવી સિદ્ધિઓ મેળવવા તૈયાર છે. આ પોલિસી અંતર્ગત IN-SPACe, ઇસરો અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં સ્પેસ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં સહાયતા મળશે. વર્તમાન સમયમાં સંરક્ષણ, નેવિગેશન, આરોગ્ય સેવા, ઈન્ટરનેટ, ડેટા ટ્રાન્સફર, હવામાનના અંદાજ અને આપત્તિ વ્યવસ્થાપન જેવી મહત્વપૂર્ણ સેવાઓમાં સ્પેસ ક્ષેત્ર અનિવાર્ય બન્યું છે.

ચંદ્રયાન, મંગળયાન અને SpaDeX જેવા મિશનોથી આપણા દેશની પ્રસિદ્ધિ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વમાં વર્ષ ૨૦૨૦માં ખાનગી ભાગીદારી માટે સ્પેસ ક્ષેત્ર ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું અને ખાનગી ક્ષેત્રો માટે સિંગલ વિન્ડો તરીકે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACe)ની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ આ મહત્વાકાંક્ષી કામગીરીને વેગ આપવા માટે ભારત સરકારે ઇન્ડિયન સ્પેસ પોલિસી ૨૦૨૩ અને FDIમાં જરૂરી સુધારા જાહેર કર્યા હતા.

સ્પેસટેક નીતિ સેટેલાઇટ પેલોડ્સ અને ભાગોના ઉત્પાદનથી લઈને સંદેશાવ્યવહાર અને પ્રોપલ્શન સિસ્ટમ્સ, ગ્રાઉન્ડ સ્ટેશનો, સેટેલાઇટ નિયંત્રણ કેન્દ્રો અને અવકાશ-આધારિત એપ્લિકેશન ડિઝાઇન સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓ માટે નાણાંકીય અને બિન-નાણાંકીય સહાય પૂરી પાડશે.

ગુજરાત સ્પેસટેક પોલિસીમાં સ્પેસટેક મેન્યુફેક્ચરિંગ - ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ (૨૦૨૨-૨૦૨૮) હેઠળ સહાય ઉપરાંત, લોન્ચ ખર્ચ અને પેટન્ટ ફાઇલિંગ માટે વધારાની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે. ગ્રાઉન્ડ સેગમેન્ટ, સ્પેસ એપ્લિકેશન્સ અને ડિઝાઇન - આ ક્ષેત્રોમાં સામેલ સાહસો ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) હેઠળ પ્રોત્સાહનો માટે પાત્ર રહેશે. સ્પેસટેક સ્ટાર્ટઅપ્સ - ગુજરાત IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭) હેઠળ ઈઈઝ અને ડીપ ટેક સ્ટાર્ટઅપ્સ પ્રોગ્રામ દ્વારા સ્ટાર્ટઅપ્સને સહાય આપવામાં આવશે.

## તિબેટીયન મેડીકલ કેમ્પ

ડો. મૃણાલીનીબેન ઠાકર દ્વારા ભારત-તિબ્બત સંઘ દ્વારા તિબેટીયન મેડીકલ કેમ્પ ૧૧૩- મારૂતિનંદન કોમ્પ્લેક્ષ ખાતે દરમહિને એક દિવસ રાખવામાં આવે છે. મારૂતિનંદન કોમ્પ્લેક્ષમાં અથવા બાજુના કોમ્પ્લેક્ષમાં દવા વિતરણ માટે દરમહિનાના એક રવિવારે નિઃશુલ્ક ઓફીસ આપવા ઈચ્છતા સેવાભાવી ઓફીસ ધારકોને રાજેશભાઈ ભાતેલીયાના મો.નં.૯૪૨૯૫૧૦૮૧૪ ઉપર સંપર્ક કરવો.આ રવિવારે સવારે ૭:૦૦ વાગ્યા સુધી દવા વિતરણ માટે ઉપયોગ કરવામાં આવશે.




# મારવાડી યુનિ. ખાતે ડિપ્લોમા એન્જિ.ના વિદ્યાર્થીઓએ 'પ્રોજેકટ ફેર - ૨૦૨૫' માં ૫૦ થી વધુ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા

મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ ડિપ્લોમા સ્ટડીઝ વિભાગ દ્વારા ડિપ્લોમાં એન્જિનિયરિંગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સને રજૂ કરવાનો અનોખો કાર્યક્રમ - પ્રોજેક્ટ ફેર-૨૦૨૫નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું ગત તા.૧૬ ના રોજ યુનિવર્સિટીના MUIIR સેન્ટર અને ખગ્ગઈ સેન્ટરમાં ડીપરોમાં એન્જિનિયરિંગની તમામ શાખાના સિલેક્ટેડ પ્રોજેક્ટ્સનો પ્રોજેક્ટ ફેર યોજવામાં આવ્યો હતો, જેમાં વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓએ ૫૦ થી વધુ વિવિધ ટેક્નિકલ અને પ્રેક્ટિકલ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. પ્રોજેક્ટ કેરના અનાવરણ બાદ તમામ મહેમાનોએ વિદ્યાર્થીઓએ રજૂ કરેલ પ્રોજેક્ટ્સની મુલાકાત કરી હતી. જેમાં, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઓનલાઈન બિલીંગ સિસ્ટમ, સેન્સર બેઝ હોમ ઓટોમેશન સિસ્ટમ, વેસ્ટ મટીરીયલમાંથી બનાવેલ ટકાઉ કોકિટ, બિલ્ડિંગ બાય લોઝ અનુસાર બિલ્ડિંગ મોડેલ્સ, ઈલેક્ટ્રીક બેટરી વિષયક પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

# મોટામવા અને મવડીના સ્મશાનગૃહમાં સામુહિક અસ્થિ પૂજનનો કાર્યક્રમ યોજાશે

### તા.૨૭ના હરિદ્વાર ખાતે ગંગાજીમાં અસ્થિઓનું વિસર્જન કરાશે

રાજકોટ, તા. ૧૮

મોટા મવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત સ્મશાન ગૃહ મોટા મવા કાલાવડ રોડ શાંતિધામ ખાતે આવતીકાલે તા.૧૯ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે તેમજ મવડી શિવધામ ખાતે તા. ૨૦ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે પ્રમુખ વિજય કોરાટના માર્ગદર્શન હેઠળ અસ્થિ પૂજનનો કાર્યક્રમ રાખેલ છે.

જેમાં મોટા મવા સ્મશાનમાં ૫૧૭ મૃતઆત્માઓનું અસ્થિ પૂજન તેમજ મવડી સ્મશાન ખાતે ૧૧૭૬ મૃત આત્માઓનું પૂજન તેઓના પરિવારો અને બ્રાહ્મણો દ્વારા વિધિવત રીતે કરવામાં આવશે.

આગામી તા. ૨૭ને રવિવારને ચૈત્રી અમાસ (પિતૃ અમાસ)ના રોજ હરિદ્વાર ખાતે કનખલ ઘાટ ગંગાજીમાં સવારે ૮ કલાકે પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા અસ્થિઓનું બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પૂજન કરાવી અસ્થિઓનું ગંગાજીમાં વિસર્જન કરાશે તેમ મોટામવા ઓમકાર ટ્રસ્ટના પ્રમુખ વિજય કોરાટએ જણાવેલ છે.

## યોગ પ્રોટોકોલ કાર્યક્રમનું આયોજન કરાયું

પ્રોજેક્ટ 'લાઈફ'ના લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા વિશ્વ યોગ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે યોગા ફોર વન અર્થ, વન હેલ્થ'' થીમ હેઠળ આરોગ્ય જાગૃતિ ના અનોખા અભિયાન રૂપે વિશિષ્ટ યોગ પ્રોટોકોલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ મોરારજી દેસાઈ નેશનલ ઇન્સ્ટીટયૂટ ઓફ યોગ અને નેચુરોપથી (આયુષ મંત્રાલય, ભારત સરકાર, દિલ્હી) ઇન્ડિયન યોગ એસોસિએશન ગુજરાત ચેપ્ટરના સહયોગથી અર્પિત નર્સિંગકોલેજ એન્ડ હોમિયોપેથિક મેડિકલ કોલેજ, મોરબી રોડ, હડાળા ખાતે તા.૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યોજાયો હતો.



# ભારત-તિબ્બત સંઘ દ્વારા તિબેટીયન નાડીવૈદ્યનો દસમો નિદાન કેમ્પ યોજાયો

ભારત-તિબ્બત સંઘના તિબેટીયન નાડી વૈદ્યના કેમ્પ ડાયરેકટર રાજેશભાઈ જે. ભાતેલીયાની ઉપસ્થિતિમાં અને તેમની જહેમતથી સૌરાષ્ટ્રના દર્દીઓને અમદાવાદ સુધી જવું ન પડે તે માટે ભારત-તિબ્બત સંઘ દ્વારા નિઃસ્વાર્થ ભાવે દર્દીઓની મદદમાં અમદાવાદના તિબેટીયન નાડીવૈદ્યનો દસમો નિદાન કેમ્પ રાજકોટ ખાતે યોજાય ગયો.કેમ્પમાં ડાયાબીટીસ, હૃદય, શ્વાસના રોગ, કિડની, કરોડરજજુ, મણકાની તકલીફ, ફેટીલીવર, પથરી, આર્થરાઈટીસ, માઈગ્રેન, સાયનસ, માસિક ધર્મ, નપુસંકતા, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર, હોર્મોનલ ડીસઓર્ડર, સંતાન પ્રાપ્તિ સંબંધિત સમસ્યાઓ, માનસિક રોગ અને તમામ પ્રકારના કેન્સરથી પીડાતા ૧૫૫ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

## જૈન આચાર્ય લોકેશજીના જન્મોત્સવ નિમિત્તે "વિશ્વ શાંતિ કેન્દ્ર" સમારોહનું આયોજન

વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીના જન્મોત્સવ નિમિત્તે ૧૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ સાંજે ૭ વાગ્યાથી ગુરુગ્રામના સેક્ટર ૩૯ ખાતે આવેલા વિશ્વ શાંતિ કેન્દ્રમાં "શાંતિ સદભાવના દિવસ" ઉજવવામાં આવશે. આ ઉજવણી અહિંસા વિશ્વ ભારતી દ્વારા આયોજિત છે. આ પ્રસંગે તિરુપતિના વિખ્યાત બ્રહ્મર્ષિ ગુરુવાનંદ સ્વામિજી, દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રા તેમજ વિવિધ ધર્મોના પ્રખ્યાત ધર્માચાર્યો અને સમાજસેવકો હાજર રહેશે.

# મહાદેવ એન્ટરપ્રાઇઝ એન્ડ સિક્યુરિટી સર્વિસના ઓર્ગેનાઈઝર હેમાંગી ડી.જોષીનો જન્મદિવસ



રાજકોટ, તા.૧૮

મહાદેવ એન્ટરપ્રાઇઝ એન્ડ સિક્યુરિટી સર્વિસ રાજકોટના ઓર્ગેનાઇઝર હેમાંગી ડી.જોષીનો આજરોજ જન્મદિવસ છે. તેઓ પોતાના ફિલ્ડ મા શ્રેષ્ઠ કામગીરી કરી નામના મેળવી રહ્યા છે. તેમજ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાઈ સેવા કરી રહ્યા છે.

તેમના બહેન પલવીબેન આકાશકુમાર દવે તરફથી તેમની લાડકી બહેનના જન્મદિવસ નિમિત્તે ચાપરડા પૂજ્ય મુકતાનંદજી બાપુના આશ્રમમાં એક જર્સી ગાય અર્પણ કરેલ છે. આ રીતે જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરેલ છે. આજે તેમના જન્મદિવસ પર મો. ૮૪૬૯૭૫૫૧૫૫ જન્મદિવસની ખુબ ખુબ શુભકામના મળી રહી છે.

# પી.એમ. ઈન્ટર્નશિપ યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોને મ્યુનિ. કોર્પોરેશન સાથે જોડાવવાની સુવર્ણતક

## ૮ લાખથી ઓછી આવક ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવાતી અરજીઓ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા પી.એમ. ઈન્ટર્નશિપ યોજના હેઠળ દેશની ટોચની કંપનીઓમાં યુવાનોને એક વર્ષની ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવા આવી છે. આ ઈન્ટર્નશિપ યોજના હેઠળ એક વર્ષના સમયગાળા માટે માસિક રૂ. ૫૦૦૦નું સ્ટાઈપેન્ડ અને રૂ. ૬૦૦૦ની વન-ટાઈમ નાણાંકીય સહાય પણ સરકાર તરફથી ચુકવવામાં આવશે. આ યોજનામાં ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ, B.A., B.Sc, B.com, ITI, BCA, BBA તથા ડીપ્લોમાં થયેલ લાભાર્થીઓ જોડાઈ શકે છે

ઈન્ટર્નશિપ યોજનામાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોની પાત્રતા, ઉમેદવારની વયમર્યાદા ૨૧ થી ૨૪ વર્ષની હોવી જોઈએ, ઉમેદવારના પરિવારની વાર્ષિક આવક રૂ. ૮ લાખથી ઓછી હોવી જોઈએ, ઉમેદવારના પરિવારના અન્ય સભ્ય સરકારી નોકરી ધરાવતા ન હોવા જોઈએ. શિક્ષિત બેરોજગારોને આ યોજના અંતર્ગત મ્યુનિ. કોર્પો. સાથે જોડાવવાની તક સાંપડી છે.

આ અંગેની અરજી સાથે ઉમેદવારોએ આધારકાર્ડ, શૈક્ષણિક પ્રમાણપત્રો, તાજેતરના પાસપોર્ટ સાઈઝ ના ફોટોગ્રાફ (૨) બેંક પાસબુક. આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ સાથે રાખવો જરૂરી છે. આ અંગેની અરજી પ્રોજેક્ટ શાખા રૂમ નં.-૯ (ગ્રાઉન્ડ ફ્લોર), રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકરભવન, ઢેબરભાઈ રોડ. E-MAIL- Rajkot.gulmgmail.com પર મોકલીઆપવા જણાવાયું છે.

### અર્હમ યુવા સેવા ગ્રુપના સથવારે

# એનિમલ હેલ્પલાઈન દ્વારા પશુ-પક્ષી માટેના દવાખાનામાં થતી નિઃશુલ્ક સારવાર

રાજકોટ તા.૧૮

રાજકોટમાં છેલ્લા ૨૧ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૧ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું મોબાઈલ પશુ ચિકિત્સાલય, એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ સ્વરૂપે સેવારત કરાયું છે. અનેક સુવિધાઓથી સજ્જ પશુ દવાખાનામાં પશુ-પક્ષીઓ માટે આઈસીયુ અને વેન્ટિલેટરની સુવિધા, ક્રિટીકલ કેસ માટે તમામ પ્રકારના લોહીના, લીવર કીડનીના રીપોર્ટની સુવિધા, પશુ અને પક્ષીઓની બ્લડલેસ આધુનિક મશીનો દ્વારા સર્જરી, પશુ પક્ષીમાં તૂટેલા હાડકાના પ્લેટિન્ગના, પથરીના, પેટ અને આંતરડા, આંખ, કેન્સર વગેરેના ઓપરેશન, પશુઓ માટે ઈસીજી, બીપી, એનપીઓ-૨ની આપવાની આધુનીક મશીન વડે તપાસની સુવિધા, પશુ પક્ષીના તમામ પ્રકારના રોગો માટેની સારવાર, પશુ પક્ષીઓને તમામ પ્રકારની રસી આપવાની સુવિધા અને પશુ પક્ષીઓની જાળવણી, માવજત, ખોરાક સંબંધી માર્ગદર્શન વિગેરે પ્રકારની અતિ આધુનિક તમામ પ્રકારની સારવાર દવાખાનામાં નિઃશુલ્ક આપવામાં આવે છે.

### સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા

# રવિવારે ગવરીદડ ખાતે સર્વ રોગ નિદાન અને મેગા બ્લડ ડોનેશન કેમ્પઃ ૧૪ નિષ્ણાંત તબીબોની નિઃશુલ્ક સેવા

રાજકોટ, તા.૧૮

સરદાર પટેલ કર્મચારી મંડળ છેલ્લા ૨૯ વર્ષથી સેવાકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક.અને પર્યાવરણ બચાવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. જેના ભાગરૂપે તા.૨૦ ને રવિવારે, ''ગવરીદડ પ્રાથમિક શાળા'' ગવરીદડ ખાતે સર્વરોગ નિદાન અને મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં ૧૪ નિષ્ણાંત તબીબો દ્વારા નિઃશુલ્ક સેવા આપશે. જેમાં નાક - કાન ગળા, મેડિસિન, બાળરોગ, હાડકાં, ચામડી, હૃદયરોગ, આંખ, સ્ત્રી રોગ, દાંત, જનરલ સર્જન, ફિઝિશિયન ના નિષ્ણાંત ડોક્ટરો નિઃશુલ્ક સારવાર આપશે અને દરેક દર્દીઓને દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ સેવાનો લાભ ગવરીદડ, જારીયા,ખોરાણા.હડાળા, રતનપર,વિજયનગર, બેડી. સણોસરા વગેરે ૮ ગામોના લોકોને મળશે. સરદાર પટેલ કર્મચારી મંડળ રાજકોટના પ્રમુખ કુમનભાઈ વરસાણી, મંત્રી જયેશભાઈ દુધાત્રા તથા સર્વે મંડળના કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રવિવારે ગોંડલમાં શ્રી લાલમંદિર મોચી જ્ઞાતિના સંતશ્રી પૂ. લાલાબાપાનો ૮૪ મો પૂણ્યતિથી મહોત્સવ ઉજવાશે

## કળશ સ્થાપન, સંતોના આર્શિવચન, શોભાયાત્રા, સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાશે

રાજકોટ, તા.૧૮

સંત શિરોમણી મોચી જ્ઞાતિ રત્ન ભકતરાજ શ્રી લાલાબાપાનો ૮૪ મો પૂણ્યતિથી મહોત્સવ શ્રી લાલાબાપા મંદિર ધામ-ગોંડલ નિજધામ ખાતે રવિવાર તા.૨૦ ના રોજ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી લાલ મંદિર દેવપરા ખાતે સવારે ૭-૩૦ કલાકે સનાતન ધજા આરોહણ, કળશ સ્થાપન, વડવાળી જગ્યાના સંતો મહંતો દ્વારા થશે.

સવારે ૮-૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ રાજ માર્ગો ફરી શ્રી લાલાબાપાની સમાધી ઘોઘાવદર ચોકમાં જશે અને બપોરે ૧૧-૦૦ કલાકે તથા સાંજે ૭-૦૦ કલાકે સમુહ પ્રસાદનું આયોજન ખત્રીવાડી (વેરીદરવાજાની અંદર) ખાતે રાખેલ છે. તેમજ પૂજય બાપાની ૮૪ મી પૂણ્યતિથી ના આ જીવન ભોજન સમારંભ દાતા સ્વ. વિરજીભાઇ મેઘજીભાઈ ચાવડા પરિવાર (યુ.એસ.એ.) ના પરિવારજનો પધારશે.આ ઉપરાંત બપોરે ૨-૩૦ કલાકે ધર્મસભા, રામધુન સત્સંગ શ્રી રામજી મંદિર જેતપુર શ્રી કિશોરબાપુ ધ્વારા ધર્મસભા, રામધુન યોજાશે, તેમજ રાત્રે ૯-૩૦ કલાકે ભકિત સંધ્યા કાર્યક્રમ શ્રી પનઘટ ભકિત સંગીત મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ભજનનું રસપાન કરાવશે આ ભજન સંધ્યામાં વિશેષ ઉપસ્થિતી દાસીજીવણના આરાધક ડો. નિરંજનભાઈ રાજયગુરૂ, આંનદ આશ્રમ (ઘોઘાવદર) પધારશે.

સમગ્ર મહોત્સવનું સંચાલન શ્રી લાલાબાપા મંદિર ધામ-ગોંડલ મહંતશ્રી પરસોતમબાપાના વડપણ હેઠળ તથા શ્રી ગોંડલ મોચી સમાજ, શ્રી લાલ સેવક મંડળ ગોંડલ, શ્રી લાલ સ્મારક ટ્રસ્ટ - ગોંડલ તથા શ્રી રામજી મંદિર સેવા સમિતિ તથા સમસ્ત પૂ.બાપાના ભાવિક ભકતજનોના સહકાર ધ્વારા મહોત્સવ ઉજવાશે ભાવિકોને ઉપસ્થિત રહેવા શ્રી લાલ મંદિરના વ્યવસ્થાપક શ્રી ભરતભાઈ પી. ચુડાસમા તથા પત્રકારશ્રી સુરેશભાઈ ચૌહાણની યાદીમાં જણાવ્યું છે.

# ગોચરમાં રાહુ, બુધ, શુક્ર, શનિની યુતિ : સાવચેતીથી સમય પસાર કરવો

રાજકોટ, તા. ૧૮

હાલમાં ગોચરમાં રાહુ બુધ શુક્ર શનિ ગ્રહ ની યુતિ મીન રાશિમાં ચાલી રહેલ છે તે ઉપરાંત મંગળ ગ્રહ કર્ક રાશિ મા નીચ રાશિમાં છે આથી ભારત દેશ તથા દુનિયામાં અકસ્માતના બનાવો વધારે વધે તે ઉપરાંત જોઈએ તો લોકોમાં નિર્ણય શક્તિમાં ઘટાડો થાય ખાસ કરીને જે લોકો ઈમ્પોર્ટ એક્સપોર્ટ નું કામ કરે છે માર્કેટિંગ નું કામ કરે છે જમીન મકાન ક્ષેત્રે કામ કરે છે એવા લોકોએ ખાસ કરીને આ સમયે સાવચેત થઈ અને વેપાર કરવો જોઈએ બીજું જોઈએ તો જે લોકોને મોટી બીમારી છે વારસાગત બીમારી હોય તેઓએ પણ આ સમયે પોતાનું આરોગ્ય સાચવવું જોઈએ આ દરેક રાશીના લોકોને લાગુ પડે છે.

ખાસ કરીને આ સમય દરમિયાન જીવનના દરેક અગત્યના નિર્ણયો સાવચેતી પૂર્વક લેવા જોઈએ એ ઉપરાંત જોઈએ તો ૧૮ મે રાહુ ગ્રહ કુંભ રાશિમાં પ્રવેશ કરશે અને ત્યારબાદ અને શની રાહુ ગ્રહની શ્રાપિત યુતિ પૂર્ણ થશે અને ત્યારબાદ ક્રમશ રાહત મળશે-

**શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન(રાજકોટ)**

### દર રવિવારે લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર કાર્યરત

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટી લોહાણા સમાજના યુવક-યુવતીઓના વેવિશાળના પ્રશ્નોના નિરાકરણ માટે દર રવિવારે સાંજે ૫ થી ૭, રાધેશ્યામ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, ગરેડીયા કુવા રોડ ખાતે કાર્યરત રહે છે. દર મહીનાના દરેક રવિવારે ગ્રેજયુએટ, હાયર ક્વોલીફાઈડ (CA, CS, એડવોકેટ, ડોક્ટર, એન્જીનિયર, પ્રોફેસર) મીઠી જીભ કેન્સલ, પુનઃલગ્ન, સગાઈ વિચ્છેદ, લગ્ન વિચ્છેદ, વિધુર, વિધવા, ત્યકતા ધરાવતા યુવક યુવતીઓને એન્ટ્રી આપવામાં આવશે. દર મહિનાના ચોથા રવિવારે ગ્રેજયુએટ, હાયર ક્વોલીફાઈડ, નોન મેટ્રીકને એન્ટ્રી આપવામાં આવશે.

### બાંસુરી વાદનનો નિઃશુલ્ક સેમીનાર

અધરવેણુ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ભારત વિકાસ પરિષદ, નટરાજનગર શાખાના સંયુકત ઉપક્રમે રાજકોટ શહેરમાં રાષ્ટ્રીય શાળા ખાતે અખિલ ભારતીય ગાંર્ધવ મહાવિદ્યાલયના માન્યતા પ્રાપ્ત કરેલ શિક્ષક, વિષારદ જીજ્ઞેશભાઈ લાઠીગરા દ્વારા બાંસુરીની શિક્ષા આપવામાં આવે છે.બાંસુરીના અભ્યાસ અર્થે ભારત વિકાસ પરિષદ, નટરાજનગર શાખાના ઉપક્રમે રાજકોટ શહેરમાં 'સત્વ', જલારામ-૨, યુની. રોડ ખાતે આગામી તા.૨૦/૦૪/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ કલાકે રાખેલ છે જેમા બાંસુરી દ્વારા શાસ્ત્રીય સંગીત માંથી ફીલ્મી સંગીત અને ફીલ્મી સંગીત માંથી રાગ સંગીત કઈ રીતે વગાડી શકાય તે દર્શાવવામાં આવશે.

### ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ જોગ

ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ મુંબઈ તથા શ્રી મોઢ સેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, ડોમ્બીવલી દ્વારા સંયુક્ત ઉપક્રમે મુંબઈ ખાતે ૨૪ સફળ જીવનસાથી પરિચય સમારોહ પુર્ણ કર્યા બાદ ૨૫ મો સીલ્વર જયુબેલીની ઉજવણીના ભાગરૂપે સવિશેષ રૂપે આયોજન કરવામાં આવેલ છે.તા. ૧-૬-૨૫ રવિવારે બપોરે ૨ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી જવેરબેન પોપટલાલ એ.સી. સભાગૃહ (ઓડીટોરીયમ) શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા- ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ)-૪૦૦૦૭૭, મુંબઈ ખાતે યોજાશે.આ આયોજનમાં ૪૦૦ કેન્ડીડેટને જ પ્રવેશ આપવાનો હોવાથી https:// forms.gleTwTxVE3iCgS9XV628 પર ફોર્મ ભરવું.

જિનશાસન પ્રભાવક આ. શ્રી જયશેખરસૂરીજી મ.ની પ્રેરણાથી

# રવિવારે જયાનંદધામ નવગ્રહ જિનાલયે ધાર્મિક અનુષ્ઠાનો



રાજકોટ, તા. ૧૮

પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી જયશેખર સૂરીશ્વરજી મ. સા. આદી ઠાણાની પ્રેરણાથી શ્રી જયધર્મ કલ્યાણ નિધિ ટ્રસ્ટ સંચાલિત શ્રી જયાનંદ ધામ નવગ્રહ જિનાલય ખાતે તા. ૨૦ના રવિવારે સવારે ૮-૧૫ વાગ્યે માણીભદ્ર વીર દાદા તથા શ્રી ઘંટાકર્ણ વીર ને સુખડી ધરવામાં આવશે (દર રવિવારે માણીભદ્ર વીર દાદા તથા શ્રી ઘંટાકર્ણ વીર ને સુખડી ધરવામાં આવે છે.) સુખડી પ્રસાદનો સૌને લાભ મળશે.

સુખડીના લાભાર્થી પરિવાર ભાવનાબેન પ્રફુલભાઈ શેઠ (અરિહંત સાડી) પરિવાર લતાબેન કિરીટભાઈ શેઠ પરિવાર તેમજ ૧૦ કલાકે સ્નાત્ર પૂજાનું આયોજન લાભાર્થી પરિવાર નેહાબેન વિજયભાઈ મહેતા, પરિતા મોનીલ મહેતા ટ્રાન્સ ગ્લોબ એજ્યુકેશનવાળા દ્વારા કરવામાં આવેલ છે જે મુનિસુવ્રત સ્વામી મહિલા મંડળ (પારસધામ) દ્વારા ભણાવવામાં આવશે. દર રવિવારે સાંજે ૭:૩૦ વાગ્યે સમુહ આરતી કરવામાં આવે છે. આ રવિવારે સમુહ આરતી નાં લાભાર્થી જયશ્રીબેન કિશોરભાઈ કામદાર પરિવાર છે. સંઘ લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. જેની જયાનંદ ધામ રાજકોટ ના મહેશભાઈ મણીયાર(૯૪૨૭૭૨૦૩૩૧), વિપુલભાઈ દોશી મો. ૯૨૨૮૭૬૫૬૮૮, શ્રી દિલેશભાઈ શાહ ૯૮૨૫૦૭૩૦૭૦ની યાદીમાં જણાવાયું છે.

# ૧૮મેએ આઈ શ્રી ખોડીયાર મંદિર સેવકગણ પરીવાર દ્વારા ૩૧માં સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું આયોજન

રાજકોટ, તા.૧૮

આઈ શ્રી ખોડીયાર મંદિર સેવક ગણ પરીવાર દ્વારા આઈ શ્રી ખોડીયાર મંદિર, ૧૦-કેદારનાથ સોસાયટી, કોઠારીયા રોડ, રાજકોટ દ્વારા માતાજીના સાનિધ્યમાં ૩૧માં સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવનું આગામી તા.૧૮ મે ને રવિવારના રોજ સાંજે ૩:૩૦ વાગ્યે આયોજન કરેલ છે.

જેમાં નવવધુને ૨૦૦ થી વધારે કરીયાવરની ચીજવસ્તુઓ આપવામાં આવશે. તેમજ ૩૫૦૦ વ્યક્તિઓને ભોજન પ્રસાદ આપવામાં આવશે. સર્વજ્ઞાતી સમુહ લગ્નમહોત્સવના ફોર્મ ભરવા માટે રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન ૧૦-કેદારનાથ સોસાયટી, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ખાતે પરસોતમભાઈ દોંગા (મો.નં.૯૮૨૪૨ ૮૩૧૮૪) નો સંપર્ક કરવાનો રહેશે.



# સરદારનગર સંઘમાં પહેલા માળે એ.સી. હોલનું નિર્માણ કરાયું

### જીવનને સફળ બનાવવા સંયમ, સહનશીલતા, સમાધિ જરૂરી છે : પૂ. ધીરજમુનિ મ.

રાજકોટ, તા. ૧૮

શ્રી શાલીભદ્ર સરદારનગર જૈન સંઘ-રાજકોટ ખાતે પૂ. શ્રી ધીરગુરૂદેવ સ્મૃતિ સંવેદના પ્રવચનમાં જણાવેલ કે પૂ. સમરતબાઇ મ.સ. એક સમર્થ અને આત્માર્થી સાધક હતા. નિસ્પૃહતા અને નિરાગ્રહી હતા. ૮૦ વર્ષનાં સંયમ પર્યાય ધારી પ્રથમ સાધ્વીજી હતા. જેઓ સદાયે સંયમ, સહનશીલતા અને સમાધિમાં રત રહેતા હતા.

આ પ્રસંગે પૂ. ઈન્દુબાઇ મ.સ., પૂ. કિરણબાઇ મ.સ., પૂ. પ્રવીણાજી મ.સ. અને હરેશભાઇ વોરાએ ગુણાંજલિમાં સૂર પુરાવ્યો હતો.

માતુશ્રી કુમુદબેન મહેતા પ્રેરિત ઉપરના હોલમાં એ.સી. અર્પણ કરાતાં પિયુષ અને શીલા મહેતાનું અભિવાદન કરાયું હતું.

સમુહ આયંબીલનો લાભ ચંદુલાલ કેશવજી વોરા (મોમ્બાસા) અને અનુમોદનાનો સુશીલાબેન કાંતિલાલ વોરાએ લીધેલ. ૨૫૦ જેટલા ભાવિકો આયંબીલ તપમાં જોડાયા હતા. પૂ. ભાનુબાઇ મ.સ., પૂ. નીરૂબાઇ મ.સ.એ વડીલ પૂ. સમર્થ ગુરૂણીના સંસ્મરણોની સ્મૃતિ તાજી કરાવી હતી.

# શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે દફતરી પરિવાર દ્વારા પારણા મહોત્સવનું આયોજન



રાજકોટ, તા. ૧૮

આચાર્ય પ્રવર ડુંગર ગુરૂ અને આચાર્ય પ્રવર અજરામરજી મ. સા. એવમ ગાદીપતિ પૂ. નરેન્દ્રમુનિ મ. સા. ગુરૂકૃપા સહ સીરાષ્ટ્રકેસરી ગુરૂ પ્રાણ-રતિ શિષ્યરત્ન વિશ્વ વિખ્યાત આગમ દિવાકર પૂ. ગુરૂદેવશ્રી જનકમુનિ મ.સા.ની પ્રેરણાના પરિબળે, શ્રી સ્વ.શાંતિલાલ ટપુભાઈ દફતરીની શ્રધ્ધાના બળે, આદિનાથ ઋષભદેવ પ્રભુની તપ શૃંખલાની એક કડી બનવાનું પરમ સૌભાગ્ય કુ. શ્રેયા સંદીપભાઈ દફતરી ને પ્રાપ્ત થયું છે. તેમના 'ઇક્ષુરસપાન' એટલે કે પારણાનો અવસર દફતરી પરિવારને પ્રાપ્ત થયો છે. આ અવસરને માણવા અનુભવવા અને અનુમોદના સ્વરૂપે ચિ. શ્રેયાના વર્ષિતપના પારણા ઝીલવા શ્રી સંઘ ને પ્રેમ પ્લાવિત પવિત્ર આમંત્રણ આપવામાં આવેલ છે.

શ્રી ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ. શ્રી ગિરીશચંદ્રજી સ્વામીના સુશિષ્ય ગુજરાત રત્ન પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા. એવમ મહામંત્ર પ્રભાવક પૂ. જગદીશમુનિ મ. સા. ના સુશિષ્ય સદ્દગુરૂદેવ પૂ. શ્રી પારસમુનિ મ. સા. તથા શ્રી ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસન દિપક ગાદીપતિ પૂ. શ્રી નરેન્દ્રમુનિ મ. સા. ના સુશિષ્ય ગાદીપતિ પૂ. શ્રી પંથકમુનિ મ. સા. આદિ તથા પૂ. જશ-ઝવેર-ઉત્તમ-પ્રાણ તેમજ સંઘાણી સંપ્રદાય એવમ અજરામર સંપ્રદાયના સર્વે પૂ. મહાસતીજીઓની નિશ્રામાં આ પારણા મહોત્સવ નું આયોજન શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે રાખવામાં આવેલ છે. ત્રણ પૂ ગુરૂભગવંતો તથા ૪૫ ઉપરાંત પૂ. મહાસતીજીઓ ૩ દિવસીય પારણા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

તા.૧૭ના કળશ પ્રત્યાખ્યાન 'મંદિરના શિખર પર જેમ કલશ ચઢે તેમ તેમ વર્ષીતપના પુર્ણાહુતિ અઠ્ઠમ તપથી મઢે વ્યાખ્યાન યોજાયું તથા આમંત્રીત મંડળોની સાંજી વગેરે કાર્યક્રમો યોજવામાં આવેલ. આજે તા. ૧૮/૪ના પ્રવચન ઋષભદેવ આપની શોભા શી કહું સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે તથા શેઠ ઉપાશ્રય અને શ્રી રોયલ પાર્ક ઉપાશ્રયના મંડળના બહેનો દ્વારા તપ ગુણ ગુંજવતી તપસ્વીની સાંજી સરપ્રાઈઝ પ્રોગ્રામ સાથે બપોરે ૩:૩૦ થી ૫ કલાકે, તા.૧૯ શનિવારે આલોચના વર્ષીતપનું અવલોકન સાથે આત્મ શુધ્ધિ રૂપ આલોચના સવારે ૯:૦૭ થી ૧૦:૩૦ કલાકે ફેમિલીનો ટેલેન્ટ શો તપ તથા વર્ષિતપને લગતો મનપસંદ ટેલેન્ટ શો બપોરે ૩:૩૦ થી ૫ કલાકે વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૧૯/૪ના શનિવારે સાંજે ૮ કલાકે ભાવ ભક્તિ ભાવનાનો કાર્યક્રમ બાવન જિનાલય, આત્મીય કોલેજ સામે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. તા.૨૦/૪ રવિવારના રોજ સવારે ૯ કલાકે શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ, પ્રસંગ હોલની બાજુમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડથી મંગળ શરૂઆત શોભયાત્રા, સવારે ૧૦:૩૦ કલાકે પવિત્ર વર્ષિતપની પૂર્ણાહૂતી કરકમળ દ્વારા, ઈક્ષુરસથી પારણા કેશરીયા લોહાણા મહાજન વાડી, પલ્લવ હોટલ પાસે, કે.કે.વી ચોક ખાતે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પધારવા ચંદ્રકાંતભાઈ દફતરી અને શેઠ ઉપાશ્રય જૈન સંઘના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠ વગેરેએ અનુરોધ કર્યો છે.

# રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેન દોડશે



રાજકોટ, ૧૮

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને ખાસ કરીને ઉનાળા દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નં. ૦૯૦૦૬/૦૯૦૦૫ રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ (૧૭-૧૭ ટ્રિપ્સ) ટ્રેન નં. ૦૯૦૦૬ રાજકોટ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે રાજકોટ થી ૬.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૨૨ એપ્રિલથી ૨૯ મે, ૨૦૨૫ સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૦૫ મુંબઈ સેન્ટ્રલ - રાજકોટ સ્પેશિયલ મુંબઈ સેન્ટ્રલથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ૨૩.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૪૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૨૧ એપ્રિલથી ૨૮ મે, ૨૦૨૫ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર અને એસી ૩-ટાયર કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૦૫ અને ૦૯૦૦૬ નું બુકિંગ ૧૯.૦૪.૨૦૨૫ થી તમામ પીઆરએસ પર ખુલ્લું રહેશે. કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### જિ.પં.ના નવા બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં વધારાને આવકાર

રાજકોટ તા.૧૮

રાજકોટ જિલ્લા પંચાયતને તેના નવીન મકાનમાં નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે ૫૨ કરોડ રૂપિયા આપવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજય સરકાર આપશે તેવો નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લેતા આ નિર્ણયને જિ.પં. પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરે આવકારેલ છે.




# CS STEM LAB ના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની રોબોટિક સ્પર્ધામાં રાજકોટનું પ્રતિનિધિત્વ કર્યું

## આર્ચી વૈષ્ણવે પ્રદુષિત-ખરાબ પાણીને ફિલ્ટર કરી કેમ તેનો વપરાશ કરી શકાય તેનો પ્રોજેકટ રજુ કર્યોઃહવે આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેશે

રાજકોટ, તા.૧૮

તાજેતરમાં દિલ્હી ખાતે Codevour રાષ્ટ્રીય કક્ષાની રોબોટિક સ્પર્ધાનું આયોજન કરાયું હતું.જેમાં આર્ચી વૈષ્ણવ, વરાન પરસાણા અને જહાન વિરડાએ રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટનું પ્રતિનિધીત્વ કર્યુ હતું. જેમાં આર્ચી વૈષ્ણવે ઓઝોન પ્યુરીફિકેશન પર આધારિત પ્રોજેકટ રજુ કર્યો હતો અને ફેકટરી તેમજ પ્રદુષિત પાણીને કેમ ફિલ્ટર કરી તેનો વપરાશ કરી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી. આમ આર્ચી વૈષ્ણવએ અમદાવાદ ખાતે રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમજ તેના આ પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ દ્વિત્ય સ્થાન પ્રાપ્ત થયુ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ખેતીએ મુખ્ય વ્યવસાય છે. ખાસ કરીને ઉનાળામાં પાણીની તંગીને કારણે આ સમયગાળામાં પાક નિષ્ફળ જાય છે અથવા તો લઈ શકાતો નથી.તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના સ્ત્રોત ડુકી જાય છે.જેથી પીવાના પાણીની પણ અછત સર્જાઈ છે.ત્યારે જો આ પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવે તો ગ્રામ્ય કક્ષાએ ખેતી અને પીવાના પાણીની સમસ્યા મહદઅંશે હલ કરી શકાય. આ પ્રોજેકટને રાષ્ટ્રીય કક્ષાએ જ્યુરી મેમ્બરે વખાણ્યો હતો. જ્યારે વરાન પરસાણા અને જહાન વિરડાએ કાર્બન કેપ્ચર યુનિટનું વૈજ્ઞાનિક રીતે સમસ્યા કેમ ઉકેલી શકાય તેની છણાવટ કરતો પ્રોજેકટ મુક્યો હતો. જેને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. આ બન્ને ટીમ રાષ્ટ્રીય કક્ષાએ ઉતિર્ણ થતા હવે તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્પર્ધામાં ભાગ લેવા જાશે. આ સ્પર્ધા દોહા અને કતાર ખાતે યોજાશે. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધીત્વ માટે CS STEM LABના પ્રિતેશ રાણવાએ અને તેની ટીમે તાલીમ આપી હતી.

### એસ. ટી. બસ સ્ટેશનમાં ૨,૧૦૦ મુસાફરોને કરાયું છાશ વિતરણ

વિવેકાનંદ યુથ કલબ દ્વારા મીનાબેન વિરેન્દ્રભાઈ દોશી પરિવારના મુખ્ય સહયોગથી જૈન શ્રેષ્ઠી સ્વ વિરેન્દ્રભાઈ દોશીના સ્મરણાર્થે ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં બસમાં મુસાફરી કરતા યાત્રાળુઓને ગરમીમાં રાહત થાય તે માટે તાજી અને પૌષ્ટિક ઠંડી અમૃતરૂપી છાશ વિતરણ શહેરના સેન્ટ્રલ એસ. ટી.બસ પોર્ટમાં રવિવારે સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટના પૂર્વ પ્રમુખ જનાર્દનભાઈ આચાર્ય અને એસ.બી.આઇ. પેન્શનર્સ એસોસિએશનના અગ્રણી શરદભાઈ દવેના હસ્તે છાશ વિતરણનો પ્રારંભ કરવામાં આવેલ. જેનો અંદાજે ૨૧૦૦ થી વધુ લોકોએ ઠંડી છાશનો લાભ લીધેલ અને બળબળતા તાપમાં હાસ્કારો અનુભવેલ.

### 'રેલ મદદ' હેલ્પલાઈન મુસાફરો માટે ઉપયોગી નિવડી

# રાજકોટ રેલવે ડિવિઝને એક વર્ષમાં ૧૨ હજાર ફરિયાદોનું સુખદ નિરાકરણ લાવી પશ્ચિમ રેલવેમાં ટોચનું સ્થાન મેળવ્યું



## ફરિયાદોનું સરેરાશ ૨૨ મીનીટમાં નિકાલ કરી ગુડ ફીડબેક મેળવી પશ્ચિમ રેલવેનો 'રેલ મદદ' શિલ્ડ હાંસલ કર્યો : રેલવે તંત્રએ દારૂ ભરેલી શિલ્ડ ઘોષણામાં પ્રથમ વર્ષે જ રાજકોટ ડિવિઝનને શિલ્ડ મળ્યો

રાજકોટ, તા. ૧૮

રાજકોટ ડિવિઝન ફરી એકવાર તેના માનનીય ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવામાં તેની ક્ષમતા સાબિત કરી છે. ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારના નેતૃત્વમાં રાજકોટ ડિવિઝન એ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જાહેર ફરિયાદો (Public Complaints)ના નિવારણમાં પશ્ચિમ રેલ્વેમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

તાજેતરમાં મુંબઈમાં આયોજિત પશ્ચિમ રેલવે ના ૭૦મા રેલ સપ્તાહ એવોર્ડ સમારોહ દરમિયાન પશ્ચિમ રેલવે ના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્ર દ્વારા રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારને આ રેલ મદદ શિલ્ડ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજકોટ ડિવિઝન ના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના પણ હાજર રહ્યા હતા.

રાજકોટ ડિવિઝન દ્વારા ફરિયાદો ના નિવારણ ને હંમેશા ટોચ ની પ્રાથમિકતા આપવામાં આવે છે. આ ફરિયાદો રેલ મદદ એપના વિવિધ જાહેર ફરિયાદ પ્લેટફોર્મ પર દૈનિક ધોરણે પ્રાપ્ત થાય છે અને વિવિધ સ્તરે વરિષ્ઠ રેલવે અધિકારીઓ દ્વારા તેનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવે છે. આ સતત પ્રયાસો ના પરિણામે, રાજકોટ ડિવિઝન ફરિયાદો નું ઝડપી નિવારણ કરવામાં સક્ષમ બન્યું છે અને તેના દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર ફરિયાદો ના નિવારણ માં પશ્ચિમ રેલવે ના તમામ ડિવિઝનો માં ટોચનું સ્થાન મેળવ્યું છે.

મુસાફરો રેલ મદદ એપ હેઠળ ઉપલબ્ધ વિવિધ માધ્યમો દ્વારા તેમની ફરિયાદો નોંધાવી/નોંધણી કરાવી શકે છે, જેમ કે સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ, હેલ્પલાઇન નંબર ૧૩૯, સેન્ટ્રલાઇઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસલ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CPGRAMS), મોબાઇલ એપ, વેબ, SMS, ઈ-મેલ વગેરે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજકોટ ડિવિઝનમાં માત્ર ૫.૭% એટલે કે લગભગ ૧૨ હજાર ફરિયાદો મળી હતી. આ ફરિયાદો ના નિરાકરણ માં રાજકોટ ડિવિઝનનો સરેરાશ નિરાકરણ સમય ૨૨ મિનિટ હતો જે પશ્ચિમ રેલવે ના અન્ય કોઈપણ ડિવિઝનની તુલનામાં સૌથી ઓછો છે. ઉપરાંત, ઉત્તમ પ્રતિસાદ મેળવવામાં રાજકોટ ડિવિઝન પશ્ચિમ રેલવે માં ટોચ પર રહ્યું છે.

રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે આ સિદ્ધિ બદલ એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબે, સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીના, ડિવિઝનલ કોમર્શિયલ ઇન્સ્પેક્ટર (જાહેર ફરિયાદ) વિકાસ અધિયારુ અને રેલ મદદ રાજકોટની સમગ્ર ટીમને અભિનંદન આપ્યા અને ભવિષ્યમાં પણ આ જ ગતિ જાળવી રાખવા માટે

### કેવા પ્રકારની ફરિયાદો આવી?

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની મદદ ફરિયાદ માટે ૧૩૯ રેલ એપ સેવા ઉપલબ્ધ છે. જેમાં દરેક મુસાફરો ફરિયાદ સુચનો મોકલી શકે છે. પશ્ચિમ રેલ્વેની આ હેલ્પલાઈનમાં રાજકોટ ડિવિઝનમાં વર્ષભરમાં ૧૨ હજાર ફરીયાદ મળતા સરેરાશ માત્ર ૨૦ મીનીટમાં જ દરેક ફરિયાદનો નિકાલ કરી મુસાફરોની મુશ્કેલી દુર કરવામાં આવી છે.

વર્ષ ભરની ફરિયાદોમાં ટ્રેન ડીલે થવી, કોચમાં કન્ફર્મ ટિકિટ પરથી અન્ય મુસાફરોને હટાવવા, લાઈટ, પંખા, મોબાઈલ ચાર્જીગ બોર્ડ, શૌચાલય, કોચની સફાઈ મુસાફરોનો ઘોંઘાટ, મેડીકલ હેલ્પ સહિતની અનેક પ્રકારની વ્યાજબી ફરિયાદોનો તુરત જ નિકાલ કરી મુસાફરોનો ફીડબેક લેવામાં આવેલ.

### પશ્ચિમ રેલવેને એક વર્ષમાં ૨.૩૦ લાખ મુસાફરોની ફરિયાદો મળી

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને આનંદદાયક સુરક્ષીત, સલામત રેલ સુવિધા પુરી પાડવા પ્રાથમિકતા આપે છે. જેમાં મુસાફરોની ફરીયાદ બાબત રેલ મદદ હેલ્પલાઈન કાર્યરત છે જેમાં ડેઈલી વિવિધ પ્રકારની ફરીયાદ પ્રાપ્ત થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ હેલ્પલાઈનમાં ૨.૩૭ લાખ ફરિયાદો વિવિધ ડિવિઝનોમાંથી પ્રાપ્ત થતા તેનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝન અગ્રસ્થાને રહ્યું છે.

# કાલે ડિવાઈન ગ્રુપ 'આયે ગીત સુહાને' શિર્ષક હેઠળ મ્યુઝિક શોનું આયોજન

**મુંબઈથી જાણીતા વાંસળીવાદક અને યુવા કલાકાર ક્રિશ ત્રિવેદી વાંસળીવાદન સાથે સુફી સંગીત, શાસ્ત્રીય સંગીત અને કિશોરકુમારના ગીતો વાંસળી દ્વારા રજૂ કરશે**




રાજકોટ, તા.૧૮

રાજકોટની જાણીતી સંસ્થા ડિવાઈન ગ્રુપ તરફથી તા. ૧૯-૪-૨૦૨૫ના રોજ આયે ગીત સુહાને ટાઈટલ હેઠળ સંગીતમય કાર્યક્રમનું આયોજન રાજકોટની કલાપ્રેમી જનતા માટે કરવામાં આવ્યું છે. જેમાં મુંબઈથી જાણીતા વાંસળીવાદક અને યુવા કલાકાર ક્રિશ ત્રિવેદી વાંસળીવાદન સાથે સુફી સંગીત, શાસ્ત્રીય સંગીત અને કિશોરકુમારના ગીતો વાંસળી ઉપર રજૂ કરશે.

આવતીકાલે રાત્રે ૯ કલાકે હેમુગઢવી મીની ઓડિટોરીયમ, રામ કૃષ્ણ નગર, ટાગોર રોડ ખાતે યોજાશે. કલાસિકલ સિંગર પૂનમ ગજેરાની સાથે તાલ અને વાંસળીની જુગલબંધીની રજૂઆત કરશે. લોકપ્રિય કલાકાર ઘનશ્યામભાઈ રાવલ (મુકેશ)ના ગીતો સાથે સ્વ. મનોજકુમારને યાદ કરશે. સંજય લોઢીયા પોતાના કંઠે રફી સાહેબના ગીતો અને ધનંજય ઉપાધ્યાય આર.ડી.ને રજુ કરી પોતાની કલા પ્રસ્તુત કરશે. આ ઉપરાંત પૂનમ ગજેરા સિંગર, ધનંજય ઉપાધ્યાય ગાયક,ઘનશ્યામ રાવલ ગાયકનો પરફોર્મન્સ યોજાશે.

ગ્રુપ લીડર દક્ષા ત્રિવેદી અને મેઘાબેન જોશી (બેંગ્લોર) દ્વારા ટિકિટ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મા સરસ્વતિની ઉપાસનાના ઉદ્દેશ્ય સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા એંકર્સ ત્રિપાઠી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવાની સાથે નવા જૂના ગીતોની સુંદર કલાસિક સ્ક્રિપ્ટના ગુલદસ્તા સાથે ડિવાઈન ગ્રુપ રાજકોટની જનતાને સંગીતની કલાસિક સફર પર લઈ જવા તૈયાર છે. આ આયોજનમાં નાગરિક બેન્ક નો સહયોગ મળ્યો છે. આ આયોજન અંતર્ગત ગ્રુપ લીડર દક્ષા ત્રિવેદી અને મેઘાબેન જોશી, ધનંજય ઉપાધ્યાય, રેડિયો જોકી સંજય મહેતા, ક્રિશ ત્રિવેદીએ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.




તસ્વીર: પંકજ શિશાંગીયા

**કલાસિકલ સિંગર પૂનમ ગજેરાની ક્રિશ ત્રિવેદી સાથે તાલ અને વાંસળીની જુગલબંધી માણવા મળશે**

**રોકી ઔર રાની કી પ્રેમ કહાની, અનુપમા, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા જેવા શોમાં આપ્યું છે ક્રિશ ત્રિવેદીએ સંગીત**

ક્રિશ ત્રિવેદી ઉર્ફે વશિષ્ઠ ત્રિવેદી, ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગમાં ૧૦ વર્ષથી વધુ સમયથી એક પ્રોફેશનલ સંગીતકાર તરીકે કામ કરી રહ્યા છે. તેમણે વિવિધ પ્રખ્યાત કલાકારો સાથે ઘણા મોટા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે. ક્રિશ પ્રોફેશનલ ગાયક, વાંસળીવાદક અને સંગીતકાર છે. તેમણે રોકી ઔર રાની કી પ્રેમ કહાની, અનુપમા (સ્ટાર પ્લસ), કાલા પાની (નેટફ્લિક્સ), તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા (સોની સબ), શ્રીમદ રામાયણ (સોની), બાતેં કુછ અનકહી સી (સ્ટાર પ્લસ) જેવી ભારતની અસંખ્ય મુખ્ય ટેલિવિઝન શ્રેણીઓ અને ફિલ્મોમાં કામ કર્યું છે. પોતાની કારકિર્દી દરમિયાન, ક્રિશ એ.આર. રહેમાન, સચિન-જીગર, લેસ્લી લુઈસ, નકાશ અઝીઝ, અમિત મિશ્રા, રાજુ સિંહ, સંગીત હલ્દીપુર, રાજીવ ભટ્ટ, એલ્વિસ વેલેન્ટાઈન અને અન્ય ઘણા પ્રખ્યાત સંગીતકારો સાથે સંકળાયેલા છે.

# જેતપુરમાં આંગડીયા પેઢીમાં ૫૦૦ ના દરની બનાવટી ચલણી નોટ ઘુસાડવાનું કૌભાંડ

**મુખ્ય સૂત્રધાર ધોરાજીનો શખ્સ તેમજ તેના સાગરીત રવી ડોબરીયા સહિત ત્રણની ધરપકડઃ જેતપુર સીટી પોલીસ અને એસઓજીની સંયુક્ત કામગીરી**

રાજકોટ. તા.૧૮

જેતપુરમાં આંગળીયા પેઢીમાં ૫૦૦ ના દરની બનાવટી ચલણી નોટ ઘુસાડવાનું કૌભાંડ પોલીસે પકડી પાડ્યું હતુ. જેમાં મુખ્ય સૂત્રધાર ધોરાજીનો શખ્સ તેમજ તેના સાગરીત જેતપુરના રવી ડોબરીયા સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હતી.

એસઓજી પીઆઈ એફ.એ.પારઘીની રાહબરીમાં ટીમ જેતપુર સીટી પોલીસ મથકે હતી ત્યારે જેતપુરની આર.પી.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીમાંથી નીકેશભાઈ રમેશભાઈ ચંદનાણીનો ફોન આવેલ કે, ગઈ તા.૧૩/૦૩/૨૦૨૫ના મારી આંગડીયા પેઢીમાં રવિભાઈ રૂપીયા દસ લાખનું આંગડીયુ કરવા માટે આવેલ હતા અને તેઓએ નવી (કોરી) નોટો રૂ.૫૦૦ ના દરની આપેલ હતી. તેઓએ આ પૈસા મીત પટેલને જુનાગઢ ખાતે મોકલેલ હતા. રવિભાઈએ કેરેક આંગડીયાના રૂપીયા મારી પાસે પડેલ હતા અને આજે મોટુ પેમેન્ટ કરવાનુ હોય જેથી તે રૂપીયા કાઢતા આ દસ લાખમાંથી બે બંડલમાં છ - છ નોટો ખોટી હોય જેથી રવિને ફોન કરી ખોટી નોટો બાબતે વાત કરતા રવિએ આ પૈસા બદલવા માટે તેના મીત્રને મોકલશે તેમ ફોન આવેલ હતો.

જેથી એસઓજી અને જેતપુર સીટી પોલીસ આર.પી.એન્ટરપ્રાઈઝ નામની આંગડીયા પેઢીની આજુ-બાજુમાં વોચમાં હતો ત્યારે એક શખ્સ સફેદ કલરનુ એક્ટીવા લઇને આવેલ અને આંગડીયા પેઢીમાં ગયેલ અને તે શખ્સ આંગડીયા પેઢીમાંથી બહાર નીકળતા તેની અટક કરી નામ પુછતા પોતાનુ નામ રવી શામજી ડોબરીયા, (ઉ.વ.૩૬, રહે. જેતપુર, કણકીયા પ્લોટ, શારદા મંદિર પાસે, મુળ રહે.સરધારપુર) હોવાનુ જણાવેલ હતુ.

બાદમાં તે શખ્સ પાસે કોઇ બનાવટી નોટો હોય તો રજુ કરવાનું જણાવતા તે શખ્સે એક કાળા કલરનો થેલોમાંથી બે બંડલ રૂ.૫૦૦ ના દરની ૧૦)-૧૦૦ નોટો કાઢીને રજુ કરતા, જે બને બંડલમાંથી અમુક નોટો જોતા નોટોના કાગળની થીકનેશ ઓછી લાગેલ તથા નોટ અસલ જણાતી ન હોય અને અમુક નોટોમાં એક તરફનો કલર ઘાટો તથા બીજી તરફનો કલર આછો જોવામાં આવેલ હતો.

જે બનાવટી નોટો હોવાનુ પ્રાથમીક દ્રષ્ટીએ જણાય આવેલ હતુ.બાદમાં આરોપીને બનાવટી નોટ બાબતે પુછપરછ કરતા જણાવેલ કે, ધોરાજીનો મારો મિત્ર અગાઉ રૂપીયા દસ લાખનુ આંગડીયુ કરી આવેલ હતો અને તેણે અમુક નોટો બંડલમાં બનાવટી નાખેલ હોય જે નોટોના બંડલો મને કોઈને કાંઈ કહ્યા વગર, કાંઇ બોલ્યા વગર બદલી લાવવાનું કહેલ જેથી બનાવટી નોટો વાળા બંડલ બદલવા માટે હું આવેલ છુ.

તેમજ હાજર આંગડીયા પેઢીમાં કામ કરતા નીકિશભાઈ ચંદનાણીએ જણાવેલ કે, આ દસ લાખ રૂપીયામાંથી ૫૦૦ ના દરના પાંચ બંડલમાં અગાઉ પણ બનાવટી નોટો નીકળેલ હતી જેથી ધોરાજીના શખ્સને ફોન કરેલ હતો અને તેનો ધોરાજીનો મીત્ર બદલી ગયેલ હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર ધોરાજીના શખ્સ સહિત ત્રણેયની ધરપકડ કરી પૂછપરછ આદરી છે.




તસ્વીર: પંકજ શિશાંગીયા

# સ્વ.કાંતાબેન દેસાઈની પ્રાર્થનાસભામાં શ્રદ્ધાસુમન અર્પણ કરતા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ



મુળ જેતપુર અને હાલ રાજકોટ નિવાસી સ્વ.રમણીકલાલ અંબાવીદાસભાઈ દેસાઈના પત્ની કાંતાબેન (ઉ.૯૮) તા.૧૫ના અરિહંતશરણ પામતા ગઈકાલે પારસ હોલ, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ, રાજકોટ ખાતે પ્રાર્થનાસભા યોજાઈ હતી જેમાં રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, ડોકટરો, સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહીને સ્વ. કાંતાબેન રમણીકલાલ દેસાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ પ્રસંગે પૂ. ધીરજમુનિ મહારાજ ખાસ ઉપસ્થિત રહીને પરિવારને સાંત્વન આપેલું હતું. ઉપરોક્ત તસ્વીરમાં દેસાઈ પરિવારના નલિનભાઈ, ડો.કિશોરભાઈ, સીનીયર એડવોકેટ અનિલભાઈ દેસાઈ વગેરે સહિત અન્યો, બીજી તસ્વીરમાં પૂ.ધીરજમુનિ નજરે પડે છે.



**શંખેશ્વરમાં આગામી તા.૨૨થી૨૫ સુધી**

# જહાજ મંદિરની દસમી સાલગીરી નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

રાજકોટ તા.૧૮

શંખેશ્વર જૈન તીર્થના આંગણે શ્રી શંખેશ્વર પાર્શ્વચંદ્રસૂરિ દાદાવાડી જહાજ મંદિર (એન્કરવાલાધામ)માં બિરાજમાન નવગ્રહયુકત વિશ્વના એકમાત્ર શ્રી અષાઢીય પાર્શ્વનાથ પ્રભુની ૧૦મી સાલગીરી નિમિતે આગામી તા.૨૨થી૨૫ સુધી નવગ્રહ પૂજન સહ પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રસંગે પૂ.પ્રવર્તક પાશ્વયશચંદ્રજી મ., મુનિરાજશ્રી ધર્મરત્નચંદ્રજી મ., મુનિશ્રી પુન્યરત્નચંદ્રજી મ. તથા મુનિશ્રી નયશેખર વિ.મ.ની નિશ્રા રહેશે.

ઉત્સવની વિગતો અનુસાર તા.૨૨ના સવારે નવ વાગ્યે ગુરૂ છત્રીસા પૂજન, તા.૨૩ના સવારે નવ વાગ્યે અઢાર અભિષેક, તા.૨૪ના સવારે નવ વાગ્યે નવગ્રહપૂજન, તા.૨૫ના સવારે નવ વાગ્યે સત્તરભેદી પૂજા તથા



ધ્વજારોહણ થશે. તા.૨૬ના સવારે નવ વાગ્યે બટુક ભૈરવ પૂજન ભણાવાશે. મહોત્સવ અંતર્ગત પ્રભુ ભક્તિ ભાવના, ગુરુભક્તિ, પરમાત્માને આંગી, પ્રભાવના, જીવદયાના કાર્યો, બહુમાન વગેરે યોજાશે.

# નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા ઓપન ગુજરાત ટેનિસ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું અનેરૂ આયોજન

**ગુજરાતભરમાંથી ૩૨ ટીમો ભાગ લેશે : તમામને મોમેન્ટો અપાશે**

રાજકોટ, તા. ૧૮

શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય છેલ્લા ૩૨ વર્ષથી ગુજરાતમાં મનોદિવ્યાંગ અને શારીરિક દિવ્યાંગોની અવિરત સેવા કરી રહી છે. ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગોને વિશેષ સુવિધાઓ અને સવલતો પ્રદાન કરવા રાજકોટમાં દ્વિતીયવાર ઓપન ગુજરાત ટેનિસ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ season-2 NVS CHAMPIONS TROPHY 2025 નું આગામી તારીખ ૨૦/૦૪/૨૦૨૫થી તા.૨૫/૦૪/૨૦૨૫ સુધી સાંજે ૬ કલાકથી ગ્રીનફિલ્ડ ક્રિકેટ ગ્રાઉન્ડ જામનગર રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ગુરૂદેવ પૂ. આત્મયોગી શ્રી ૐદાદાના હસ્તે તારીખ ૨૦-૪ સાંજે ૬ વાગે દીપ પ્રાગટય સામાજિક અગ્રણી, રાજકીય મહાનુભાવો તથા અગ્રણી ઉદ્યોગપતિઓ હાજરીમાં ખુલ્લી મુકાશે.

ટુર્નામેન્ટમાં કુલ ૩૨ ટીમ ભાગ લઇ રહી છે. દરેક મેચના મેન ઓફ ધ મેચ ખેલાડીને ટ્રોફી આપવામાં આવશે. અને દરરોજ હારેલી ટીમને મોમેન્ટો આપવામાં આવશે. ટુર્નામેન્ટના અંતિમ દિવસ લાખેણા ઇનામો જેવા કે બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેન, મેચ ઓફ ધ સીરીઝને ટ્રોફી અને ઉમિયા મોબાઇલ તરફથી બેગ આપવામાં આવશે.

ફાઇનલ વિજેતા ટીમને ૪૫૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે. રનર્સઅપ ટીમને ૨૫૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપવામાં આવશે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક નવજીવન વિકલાંગ સેવાશ્રય હળવદ-ભચાઉના મહામંત્રી જીતેન્દ્રભાઇ જોશી, મુરલીભાઇ દવે, યોગીનભાઇ છનીયારા, સુનિલભાઇ શાહ, ડેનિસભાઇ કાલરીયા, જીજ્ઞેશભાઇ વાગડીયા, નયનભાઇ કોઠારી, હિતેશભાઇ ઝાલાવડીયા, મિતેશભાઇ દોશી, ચેતનભાઇ ગોંડલીયા, હર્ષિલભાઇ શાહ, રણધીરભાઇ શાહ સોનારા, રવિભાઇ પાટડિયા, તુષારભાઇ વાછાણી, કિન્નરીબેન ચૌહાણ, કોમલબેન ખીરા સાથે ટુર્નામેન્ટ ડાયરેકટર તરીકે નિમેષભાઇ ભાલોડીયા, અક્ષયભાઇ કંટારીયા, સુનિલભાઇ સોલંકી, રાઠોડ બાદશાહ, પરેશભાઇ સીદપરા, વિશાલભાઇ જોશી, વિશાલભાઇ કાનાણી, રેનીશભાઇ ફુલેત્રા, દીક્ષિતભાઇ મેંદપરા વગેરે હોદેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

ક્રિકેટ ટીમ રજીસ્ટ્રેશન માટે નિમેષભાઇ ભાલોડીયા મો. ૯૭૩૭૨ ૯૭૬૧૨ સંપર્ક સાધવો.

# ઉપલેટામાંથી રૂા.૧૭ હજારની ઉઘરાણીમાં યુવાનનું અપહરણ

**ઉપલેટાના લાલા ધંધુકીયાએ આરોપી અમીતના લઈ લીધેલ ૧૭ હજાર બાબતે ચાલતી માથાકૂટમાં પહેલા કિશન ગુજરાતીનું અપહરણ કરી મારમાર્યો, બાદમાં લાલાને બોલેરોમાં ઉપાડી નાસી છૂટ્યા**

રાજકોટ. તા.૧૮

ઉપલેટામાંથી રૂ.૧૭ હજારની ઉઘરાણીમાં યુવાનનું અપહરણ કરી નાસી છૂટેલા ત્રણ શખ્સોને પોલીસે તોરણીયા નજીકથી પકડી પાડી અપહ્યત યુવાનને મુક્ત કરાવ્યો હતો.

બનાવ અંગે ઉપલેટામાં સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતાં કિશનભાઈ અશોકભાઈ ગુજરાતી (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અમીત હરસુખ કલાડીયા (રહે ગણોદ, ઉપલેટા), દિલીપ રણછોડ વાઘેલા (રહે. ગણેશ નગર ગિરનાર દરવાજા પાસે, જૂનાગઢ, મૂળ ગણોદ), મેહુલ ઉર્ફે લખમણ ભીમ હુણ (રહે. ગિરનાર દરવાજા પાસે, જૂનાગઢ), અને અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઇવિંગ કરે છે.

ગઈ તા. ૧૬ ના બપોરના તેનો મિત્ર લલીત ઉર્ફે લાલો કિશોર ધંધુકીયા ભેગો થયેલ અને કહેલ કે, મારા કાકાની વાડી પોરબંદર હાઇવે કોલકી બાયપાસ પાસે આવેલ છે ત્યાં સાંજના જમવાનો પ્રોગ્રામ છે, તું જમવા આવી જજે તેવી વાત થયેલ હતી. સાંજના સાડા આઠેક વાગ્યે મિત્ર લાલાનો મને ફોન આવેલ કે, વાડીએ જમવા માટે આવી જા જેથી તે અને તેના મામાનો પુત્ર સંજય નાથાભાઈ મકવાણા બન્ને લાલાના કાકાની વાડીએ ગયેલ ત્યારે લાલાએ વાત કરેલ કે, આપણો મિત્ર અમિત કલાડીયા અને બીજા મારા મિત્રો અમે પાંચેક દિવસ પહેલા ડુમીયાણી ટોલનાકા પાસે જમવા ભેગા થયેલ ત્યારે અમીતનું પાકીટ મે લઈ લીધેલ અને તેમાથી રૂ.૧૭ હજાર કાઢી લીધેલ હતા.

બાદ અમે અમારા ઘરે ગયેલ અને ત્યાંથી અમીતને તે જતા રહેલ હતા અને મેં અમીતના રૂ.૧૭ હજાર લઈ લીધેલ તે પૈસાની અવાર નવાર માંગણી કરતો હતો. પરંતુ મારાથી પૈસા વપરાય ગયેલ હોય જેથી હું અમીતને પૈસા આપી શકતો ન હોય અને તે ફોનમાં અવાર નવાર ગાળો આપે છે જેના લીધે તેની સાથે મારૂ સમાધાન કરાવો તેવી વાત કરતા ફરિયાદીએ અમીતને ફોન કરેલ કે, કયારે ઉપલેટા આવવાનો છો, તારૂ અને લાલાનું સમાધાન કરાવવાનું છે અમે લાલાના કાકાની વાડીએ કોલકી બાયપાસ પાસે બેઠા છીએ.

જેથી અમીતે કહેલ કે, હું જુનાગઢ છુ હમણા ઉપલેટા આવુ છુ, તેવી વાત કરેલ અને સાંજના દસેક વાગ્યે અમીતને ફોન કરતા કહેલ કે, મેં ઉપલેટા ટોલનાકુ પસાર કરેલ છે, તું હાઇવે રોડ ઉપર આવ તેવી વાત કરતા ઉપલેટા કોલકી બ્રીજ ઉપર ફોનની લેસ લાઇટ કરીને ઉભો હતો અને થોડી વારમાં અમીત બોલેરો પીકઅપ લઈને આવેલ અને તે નીચે ઉતરીને આવી ફરિયાદીના ખંભે હાથ રાખી બોલેરોના પાછળના ભાગે લઈ ગયેલ અને કહેલ કે, આને પકડી લ્યો, બાદમાં બોલેરોના પાછળના ભાગે બેઠેલ ચાર અજાણ્યા માણસોએ તેને પકડીને બોલેરો પીકઅપમાં બેસાડી ધોલ થપાટ મારતા મારતા પોરબંદર તરફ વડવાળા હોટલ બાજુ લઈ ગયેલ અને કહેલ કે, તું લાલાને ફોન કરીને કહે કે અમીતને વાડીએ આવતા બીક લાગે છે, અમારે લાલાને અમે નક્કિ કરેલ જગ્યાયે લઈ જઈ મારી નાખવાનો છે, અને તું લાલાને અહીંયા નહિ બોલાવે તો તારા

**ઉપલેટા પોલીસ, એલસીબી, એસઓજી સહિતની ટીમોએ નાકાબંધી કરી તોરણીયા નજીકથી આરોપીને પકડી પાડી અપહ્યત યુવાનને મુક્ત કરાવ્યો**

ટાંટીયા ભાંગી જાનથી મારી નાખશુ ધમકી આપતાં લાલાને પોરબંદરથી ઉપલેટા ગામમાં આવવાના જુના રસ્તે હાઇવે ઉપર બોલાવેલ હતો.

ફરીયાદી અને આરોપી અમિત બોલેરોની બહાર ઉભા હતા અને બીજા માણસો બોલેરોમા પાછળના ભાગે સંતાઈ ગયેલ હતાં. રાત્રીના અગિયારેક વાગ્યે લાલો અને યુવાનનો મામાનો દિકરો સંજય બાઈક લઈને આવતા અમીત તુરંત લાલા પાસે ગયેલ અને કહેલ કે, મારી ભુલ થઈ ગય આપડે સમાધાન કરી લઇએ તેમ કહી લાલાને પાછળથી પકડીને બોલેરોમાં સંતાયેલ શખ્સોને કહેલ કે, આવી જાવ તેમ કહેતા બોલેરોમાથી અન્ય આરોપીઓ લોખંડની પાઇપ લઈ નીચે ઉતરી લાલાને પકડી ઢીકા પાટુનો માર મારીને બોલેરોમાં બેસાડી દિધેલ અને આ તમામ લાલાને ગણોદ ગામ બાજુ લઈ ગયેલ હતાં. ફરીયાદી અને તેના મામાનો પુત્ર સંજય ભયના લીધે પોલીસ સ્ટેશને દોડી ગયેલ હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવની ગંભીરતા દાખવી રાજકોટ એસપી હિંમકરસિંહ અને એએસપી સીમરન ભારદ્વાજ દ્વારા તુરંત આરોપીને પકડી અપહરણકર્તાને પકડી પાડવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી ગ્રામ્ય ઈન્ચાર્જ પીઆઈ એફ.એ.પારઘી, ઉપલેટા પીઆઈ બી. આર.પટેલ અને ટીમે તુરંત તપાસ આદરી નાકાબંધી કરાવી તોરણીયા નજીકથી બોલેરો પકડી પાડી અપહયત યુવાનને મુક્ત કરાવી આરોપી અમિત હરસુખ કલાડીયા, દિલીપ રણછોડ વાઘેલા અને મેહુલ ઉર્ફે લખમણ ભીમ હુણને પકડી પાડી સઘન પૂછતાછ આદરી હતી.

## વિમાન

(પહેલા પાનાનું ચાલું)

અને તેમાંથી એકની હાલત ઘણી ગંભીર ગણાવવામાં આવી રહી છે.

સુરક્ષા એજન્સીઓના સૂત્રોએ કહ્યુ કે વિમાન હાઈજેકરની ઓળખ અકિનયેલા ટેલર તરીકે થઈ હતી. તેણે વિમાન મેકસીકો લઈ જવાની માંગ કરી હતી. આ તકે ઘર્ષણ થતા તેણે બે પ્રવાસી તથા એક પાયલોટને ચાકુ હુલાવી દીધા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક પ્રવાસી પાસે લાયસન્સવાળુ હથિયાર હતુ અને આકાશમાં ચાલુ વિમાને જ ગોળીબાર કરીને અપહરણકારને ઠાર કર્યો હતો જેને પગલે આકાશમાં સર્જાયેલી કટોકટીનો અંત આવ્યો હતો. ઘાયલ પાયલોટે પણ હિંમત અને બહાદુરીપૂર્વક વિમાનનુ સફળ લેન્ડીંગ કરાવ્યુ હતુ જેને પગલે પ્રવાસીઓ તથા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

વોશિંગ્ટનમાં અમેરિકી ગૃહવિભાગના પ્રવકતાએ કહ્યું કે સદનસીબે સામુહિક હત્યાકાંડ કે મોટી વિમાની દુર્ઘટના બનતી અટકી હતી. અપહરણકર્તાએ ફરી અમેરિકામાં ઉતરાણની પણ માંગ કરી હતી. અપહરણકર્તાના કૃત્ય પાછળનુ કારણ સ્પષ્ટ નથી અને તપાસ ચાલુ કરવામાં આવી છે.

## ત્રાસવાદી

(પહેલા પાનાનું ચાલું)

ધરપકડ બાદ તેના પ્રત્યાર્પણ માટે પ્રયાસો શરૂ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબમાં વિવિધ હુમલામાં સામેલ શકમંદોની પૂછપરછ દરમ્યાન હેપ્પી પાસીયાનુ નામ જ ઉપસતુ હતું. નાણાની લાલચ આપીને સ્થાનિક યૂવકોને ગ્રેનેડ ફેંકવાનાં કૃત્યોમાં સામેલ કરતો હતો. હરપ્રિતસિંહ અમૃતસરના પાસીયા ગામનો વતની હોવાથી તેનું અપરાધ જગતમાં નામ હેપ્પી પાસીયા પડી ગયુ હતું. પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદરસિંહ હિંદાની નજીક ગણાય છે.

## સીટી બસને પણ બીઆરટીએસ રૂટ પર દોડાવો

રાજકોટ તા.૧૮

રાજકોટમાં સીટી બસનાં અકસ્માતનાં વધતા જતાં બનાવો અટકાવવા સીટી બસને બીઆરટીએસ રૂટ પર દોડાવવામાં આવે તો અકસ્માતનો ઘટાડો થશે તેમ નેશનલ યુથ પ્રોજેકટના પ્રમુખ રાજેશ ભાતેલીયાએ કમિશ્નરને લેખીત રજુઆત કરી છે.

## મહારાષ્ટ્ર મંડળ દ્વારકાની વાર્ષિક સાધારણ સભા

મહારાષ્ટ્ર મંડળ દ્વારકાની વાર્ષિક સાધારણ સભા ૨૫-૨૬ ની તા ૨૭-૦૪-૨૦૨૫ રવિવાર સવારે ૧૧.૦૦ વાગે મહારાષ્ટ્ર મંડળ રાજકોટ, યોગી ટાવર, મોટી ટાંકી ખાતે આયોજિત કરેલ છે. સભા પછી ભોજનની વ્યવસ્થા છે.

## કોલ ડ્રોપ

(છેલ્લા પાનાનું ચાલું)

દર નોંધાયો હતો. જયારે એરટેલ-વોડા આઈડીયા પર આ દર શુન્ય રહ્યો હતો.ડેટા નેટવર્કની વાત કરીએ તો દહેરાદુનમાં ડેટા ડાઉનલોડની સ્પીડ મીએસએનએલની ૬.૮૨ એનબીપીસીએન અને વોડા-આઈડીયાની ૩૨.૭૪ એમબીપીએસ નોંધાઈ હતી.

જયારે ૪ અને ૫ જી નેટવર્ક પર એરટેલની સ્પીડ ૧૪૦.૨૭ એમબીપીએસ અને રિલાયન્સ જિયોની ૨૭૩.૪૨ એમબીપીએસ નોંધાઈ હતી.બાકી શહેરોમાં પણ આ અંતર નોંધાયું છે. સ્વતંત્ર ડ્રાઈવ ટેસ્ટમાં કોલ સેટઅપ સફળતા દર ડ્રોપકોલ દર,સરેરાશ સ્કોર એટલે કે ગુણવતા, ડાઉનલોડ અને અપલીંક પેકેટ (અવાજ) ડ્રોપ દર, કોલ સાયલન્સ દર અને સિગ્નલનાં કવરેજને જોવામાં આવે છે.

## ભગવદ્ ગીતા

(પહેલા પાનાનું ચાલું)

વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની એકસ પોસ્ટને શેર કરી હતી, શેખાવતે લખ્યું- ભારતના સભ્યતાગ્રસ્ત વારસા માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે.

શ્રીમદ ભગવદ ગીતા અને ભારતમુનિના નાટય શાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધી વર્લ્ડ રજીસ્ટરમાં સામેલ કર્યું છે. ભગવદગીતા એક પ્રતિષ્ઠિત ધર્મગ્રંથ અને આધ્યાત્મિક માર્ગદર્શક છે. નાટયશાસ્ત્ર પ્રદર્શન કલાઓ પર એક પ્રાચીન ગ્રંથ છે. તે લાંબા સમયથી ભારતની બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઓળખનો મુખ્ય સ્તંભ છે.

૧૭ એપ્રિલે યુનેસ્કોએ પોતાના મેમરી ઓફ ધી વર્લ્ડ રજીસ્ટરમાં ૭૪ નવા દસ્તાવેજી વારસાના સંગ્રહ જોડયા છે. આથી કુલ અંકિત સંગ્રહોની સંખ્યા ૫૭૦ થઈ ગઈ છે. આ રજીસ્ટરમાં ૭૨ દેશો અને ચાર આંતરરાષ્ટ્રીય સંગઠનોની વૈજ્ઞાનિક ક્રાંતિ, ઈતિહાસમાં મહિલાઓનું યોગદાન અને બહુપક્ષવાદની સિદ્ધિઓ પર એન્ટ્રીઓ સામેલ કરાઈ છે.

યુનેસ્કોના મેમરી ઓફ ધી વર્લ્ડ રજિસ્ટરના અનેક મહત્વપૂર્ણ દસ્તાવેજો વારસાની યાદી છે, તેમાં દસ્તાવેજી વારસાને આંતરરાષ્ટ્રીય સલાહકાર સમીતીની ભલામણ અન કાર્યકારી બોર્ડની સ્વીકૃતિથી પસંદ કરવામાં આવે છે. આ યાદીમાં સામેલ થવુ દસ્તાવેજી વારસાના વૈશ્વિક મહત્વ અને સર્વકાલિક મુલ્યને સાર્વજનિક રૂપે સ્વીકાર કરે છે, આથી સંશોધન, મનોરંજન, શિક્ષણ સંરક્ષણને પ્રોત્સાહન મળે છે.

## હડતાલ

(છેલ્લા પાનાનું ચાલું)

જયારે મ્યુ.કોર્પો. દ્વારા દિલ્હી સ્થિત આ એજન્સીના ઉચ્ચ અધિકારીને પણ તાબડતોબ રાજકોટ બોલાવવામાં આવેલ છે. ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલી બસ દુર્ઘટનામાં ૪ વ્યકિતઓના મોત થતા રોષે ભરાયેલા લોકોના ટોળાએ આ બસ સર્વિસના ડ્રાઈવર ઉપર હુમલો કર્યો હતો. જે બાદ આવા બસ અકસ્માત દુર્ઘટના સમયે ડ્રાઈવરો પર થતા હુમલા સહિતની જવાબદારી એજન્સી ન સ્વીકારે ત્યાં સુધી બસોના પૈડા થંભાવી દેવા મકકમતા વ્યકત કરી બસ ડ્રાઈવરો આજે હડતાલ પર ઉતરી ગયા છે.

સીટી બસના ડ્રાઈવરોની આ હડતાલના પગલે મ્યુ.કોર્પો.ના ટ્રાન્સપોર્ટ વિભાગના અધિકારીઓ અટલ સરોવર પાસેના સીટી બસ સર્વિસોના ડેપો પર દોડી ગયા હતા અને ડ્રાઈવરોને સમજાવટના પ્રયાસો કર્યા હતા. સુત્રોના જણાવ્યા મુજબ આ સમયે ડેપોની કચેરીને તાળુ લાગેલું જોવા મળ્યું હતું. તેમજ ડેપો મેનેજર પણ સ્થળ પર હાજર ન હોવાનું ખુલ્યું હતું.

સીટી બસ સર્વિસોના ડ્રાઈવરો એવું જણાવી રહ્યા હતા કે બસ દુર્ઘટના અકસ્માત સમયે ડ્રાઈવરો પર થતા હુમલા સહિતની જવાબદારી એજન્સી ન સ્વીકારે ત્યાં સુધી તેઓ હડતાલ શરૂ રાખશે. જોકે આ બસ દુર્ઘટના બાદ મ્યુ.કોર્પો. દ્વારા ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે તેમજ આ વિશ્વમ બસ એજન્સીનું રૂા.૧૦ કરોડનું બીલ પણ અટકાવી દેવામાં આવ્યું છે.

# રાજકોટના નામાંકિત જૈન અગ્રણી એડવોકેટ કમલેશભાઈ શાહનો આજે જન્મદિવસ



રાજકોટના જૈન અગ્રણી અને એડવોકેટ કમલેશભાઈ એન. શાહનો આજે જન્મદિવસ છે. તેઓ છેલ્લા ૩૬ વર્ષથી રાજકોટને કર્મભૂમિ બનાવીને વકીલાતની પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેઓએ રાજકોટમાં જ કાયદાનો અભ્યાસ કર્યો હતો અને હાલ ક્રિમિનલ ક્ષેત્રે બોહળી પ્રેક્ટિસ ધરાવે છે. તેમના પિતા એન. પી. શાહ પણ એડવોકેટ હતા. પિતાના પગલે જ કમલેશભાઈ વકીલાતના વ્યવસાયમાં જોડાયા હતા. તેમના ભાઈ જીજ્ઞેશભાઈ શાહ પણ હાલ એડવોકેટ છે અને તેમના પત્ની જાગૃતિબેન પણ એડવોકેટ છે. કમલેશભાઈ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેઓ એનિમલ હેલ્પલાઇનના ટ્રસ્ટી છે. અજરાઅમર સંસ્થાના ટ્રસ્ટી છે. તેમજ પાર્શ્વનાથ ક્રેડિટ મંડળીના ડિરેક્ટર છે. આ ઉપરાંત ઘરડાઘર, સદભાવના આશ્રમ, બાલાશ્રમ અને પાંજરાપોળમાં તેઓ માનદસેવા આપી રહ્યા છે. આજે તેમના મોં. નં.૯૯૯૮૨૧૮૯૩૨ ઉપર શુભેચ્છા મળી રહી છે.

# છરી, પાઈપ, ધોકાથી ધબધબાટી : રંગીલા રાજકોટમાં મારામારીના ચાર બનાવો

**ગંજીવાડા, આજી જીઆઈડીસી, ચુનારાવાડ અને અમરનગરના બનાવઃ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા**

રાજકોટ, તા.૧૮

રંગીલા રાજકોટમાં મારામારીના બનાવો હવે સામાન્ય બની ગયા હોય તેમ ગઈકાલે છરી પાઇપ ધોકાથી બોલતા ચાર બનાવો સામે આવ્યા હતા.

પ્રથમ બનાવમાં ગંજીવાડા મેઇન રોડ ડોક્ટર પરમારના દવાખાના સામે રહેતા દક્ષાબેન વશરામભાઈ સારેસા (ઉંમર ૩૦) સિવિલ હોસ્પિટલમાં ઇજાગ્રસ્ત હાલતમાં દાખલ થયા હતા. તેમણે પોલીસ સમક્ષ આક્ષેપ કર્યો હતો કે, આજે જીઆઇડીસીમાં ગઈકાલે બપોરે ૩:૩૦ વાગે તેઓ અમૂલ કારખાનામાં હતા ત્યારે સામાવાડા અજયભાઈ કોઈ કારણોસર ઝઘડો કરીને કેરેટ અને ઢીકાપાટુથી માર માર્યો હતો.

અન્ય બનાવમાં વિજયભાઈ નરસિંહભાઈ વરાણીયા ઉંમર વર્ષ ૨૬ રહે ચુનારાવાડ ચોક શેરી નંબર ત્રણ ગઈકાલે રાતે ૧૦:૦૦ વાગે ચુનારાવાડ શેરી નંબર ત્રણમાં હતા ત્યારે સામેવાળા ઘુઘાભાઈએ છરીનો સાથળમાં મળતા હિજાગ્રસ્ત હાલતમાં તત્કાલ વિજયને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો થોરાળા પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ કરી છે. વધુ એક બનાવમાં નવીનસિંહ શ્યામસુંદરસિંઘ તોમર ઉંમર વર્ષ ૩૮ રહે અમરનગર ૧૨ ૧૩ નો ખૂણો ચંદ્રેશનગર પાસે રાત્રે ૧૨:૩૦ વાગે તેઓ પોતાના ઘર પાસે હતા ત્યારે અજાણ્યા માણસોએ લોખંડના સળિયાથી માર માર્યો હતો તેને શરીર અને માથે ઇજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલના સર્જરી વોર્ડ માં દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે માલવિયા નગર પોલીસે નિવેદન નોંધવાની તજવીજ કરી હતી.

# ‘દિપડો’ રાજકોટની ભાગોળે પહોંચ્યોઃ મનહરપુરમાં બે દિ’થી પડાવ

## આજી-૨ ડેમ આસપાસની સીમવાડી વિસ્તારમાં આંટાફેરાથી ખેડૂતો-ગ્રામજનોમાં ફફડાટઃ વનવિભાગે, પાંજરૂ ગોઠવ્યુઃ દિપડાનાં પગનાં નિશાન પણ મળ્યા





રાજકોટ તા.૧૮

ખરાઉનાળામાં અને ધોમધખતા તાપ વચ્ચે પણ રાજકોટ જિલ્લામાં વન્ય જીવોનાં આંટાફેરા વધી ગયા છે. તાજેતરમાં જ રાજકોટનાં આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટની દિવાલ પાસે ખુંખાર દિપડાએ દેખા દીધા બાદ હવે દિપડો રાજકોટની નજીક એટલે કે રાજકોટની ભાગોળ સુધી પહોંચી ગયો છે. આથી વનવિભાગ પણ સક્રીય બની ગયુ છે તો જયાં-જયાં દિપડા દેખાયા છે. તે વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે જિલ્લા વનવિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ નજીક ઈશ્વરીયા પાસે આજી-૨ ડેમ નજીક આવેલ મનહરપુરમાં એક ખુંખાર દિપડો છેલ્લા બે દિવસથી આવી ચડયો છે.

અને મનહરપુરનાં વાડી તથા સિમવિસ્તાર અને આજી-૨ ડેમનાં કેચમેન્ટ એરિયામાં આંટાફેરા કરી રહ્યો છે. આથી મનહરપુર અને ઈશ્વરીયાનાં ખેડૂતો તથા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

દરમ્યાન આ દિપડા અંગે ગ્રામજનોએ રાજકોટ જિલ્લા વન વિભાગને જાણ કરતા વનવિભાગ તાત્કાલીક ઉપરોક્ત સ્થળે દોડી ગયો હતો અને દિપડાનાં પગનાં નિશાન ચકાસતા તે દિપડાનાંજ હોવાનું બહાર આવેલ હતુ. આથી વનવિભાગે તાત્કાલીક આ વિસ્તારમાં બે દિવસથી પાંજરૂ ગોઠવી દીધુ છે.

જો કે આજ સુધી દિપડો પાંજરામાં ફસાયો નથી, આથી વનવિભાગનો સ્ટાફ સતત ઉપરોકત વિસ્તારમાં સઘન તપાસ સાથે વોચ રાખી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે મનહરપુરનાં ખેડુતોએ ગત મોડીરાત્રી દરમ્યાન જ આજી-૨ ડેમનાં કેચમેન્ટ એરીયામાં માત્ર પાંચ ફુટ દુરથી દિપડાને નિહાળ્યો હતો.

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ ખત્મ થવાના આરે



## તમામ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવા હમાસ તૈયાર

નવી દિલ્હી તા.૧૮

ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે કાયમી સમાધાનનો તખ્તો તૈયાર થયો છે. વચગાળાના યુદ્ધવિરામનુ કોઈ અસરકારક પરિણામ ન આવતા હવે હમાસે તમામ ઈઝરાયેલી બંધકોને મુક્ત કરીને યુદ્ધ ખત્મ કરવા તૈયારી બતાવી છે. સાથોસાથ પેલેસ્ટાઈની કેદીઓને પણ છોડી મુકવાની શરત મુકી છે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલતું યુદ્ધ હવે ખતમ થવાની અણીએ હોય તેવું લાગે છે. હમાસે ઈઝરાયલને યુદ્ધ ખતમ કરવાનું આહ્વાન કરતાં કહ્યું કે અમે તમામ બંધકોને છોડવા તૈયાર છીએ પણ સામે તમારે યુદ્ધ ખતમ કરવું પડશે.

હમાસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે ઈઝરાયલની જેલમાં કેદ પેલેસ્ટિની નાગરિકોના બદલામાં તમામ બંધકોને છોડવા રાજી છીએ. અમે તમામ ઈઝરાયલી બંધકોને મુક્ત કરી દઈશું. હમાસના નેતા ખલીલ અલ હાયાએ ટેલિવિઝન પર કહ્યું કે હવે અમે કોઈ વચગાળાની સમજૂતિ કરવા માગતા નથી. કાયમી ઉકેલ લાવવો પડશે. તાત્કાલિક અસરથી યુદ્ધ ખતમ કરો. અમે ગાઝામાં યુદ્ધ નથી ઇચ્છતા. હાયાએ કહ્યું કે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ અને તેમની સરકાર પોતાના પોલિટિકલ એજન્ડા માટે આંશિક સમજૂતીઓ કરી લે છે. જેના કારણે ગાઝામાં ભૂખમરાંની સ્થિતિ ઘેરાતી જઇ રહી છે. અમે હવે તમામ બંધકોને મુક્ત કરવા તૈયાર છીએ.

## નવું સંશોધન શું કહે છે ?

# વૃધ્ધ લોકો સ્માર્ટ ફોન અને અન્ય ડિજિટલ ટુલ્સનો ઉપયોગ કરે છે તેના મગજનું સ્વાસ્થ્ય સારૂ રહે છે



### ટેકનોલોજી અને યાદ શકિત કેવી રીતે સંકળાયેલા છે તેની આ વાત છે !

નવી દિલ્હી : વર્ષોથી એવી ચર્ચા ચાલી રહી છે કે સ્માર્ટફોન અને ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ મગજ માટે હાનિકારક હોઈ શકે છે. ઘણાં લોકો માનતા હતાં કે સ્ક્રીનો પર સતત આધાર રાખવાથી ઉંમર વધવાની સાથે મેમરી લોસ અથવા ડિમેન્શિયા પણ થઈ શકે છે. પરંતુ નવું સંશોધન હવે કંઈક જુદું જ કહી રહ્યું છે.

વૈશ્વિક અભ્યાસોની એક મોટી સંસ્થામાંથી જાણવા મળ્યું છે કે વૃદ્ધ લોકો કે જેઓ નિયમિતપણે સ્માર્ટફોન અને અન્ય ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરે છે તેઓનું મગજનું સ્વાસ્થ્ય વધુ સારું હોય છે. આ વાત કદાચ આશ્ચર્યજનક લાગશે, પરંતુ આ તારણો ટેક્નોલોજી અને યાદશક્તિ કેવી રીતે સંકળાયેલાં છે તે વિશે વિચારવાની એક તદ્દન નવી રીતનાં દ્વાર ખોલે છે.

### ડિમેન્શિયા એટલે શું?

ડિજિટલ ટૂલ્સ ડિમેન્શિયા પર કેવી રીતે મદદ કરી શકે છે તેની વાત કરતા પહેલાં, તે જાણવું જોઈએ કે ડિમેન્શિયા ખરેખર શું છે ?. ચિત્તભ્રમણા એ માત્ર ભૂલવાની ભાવના નથી. તે ચિહ્નોનું એક જૂથ છે જે યાદશક્તિ, વિચારસરણી અને સામાજિક ક્ષમતાઓને અસર કરે છે. અલ્ઝાઇમર્સ એ સૌથી સામાન્ય પ્રકાર છે, અને તે સામાન્ય રીતે સમય જતાં વધુ ખરાબ થાય છે. તે ત્યારે થાય છે જ્યારે મગજના કોષોને નુકસાન થાય છે અને એકબીજા સાથે વાતચીત કરવાની ક્ષમતા ગુમાવે છે. આની અસર મગજ કેવી રીતે કામ કરે છે, લોકો કેવી રીતે વિચારે છે અને તેઓ વિશ્વ સાથે કેવી રીતે સંવાદ સાધે છે તેના પર પડે છે.

ડો. જેરેડ બેન્જ અને ડો. માઇકલ સ્કિલનની આગેવાની હેઠળની વિજ્ઞાનીઓની ટીમે ૫૦ વર્ષ કે તેથી વધુ વયના ૪૦ હજારથી વધુ લોકોનાં ડેટાનો અભ્યાસ કર્યો હતો. ૫૭ જુદા જુદા અભ્યાસોનું વિશ્લેષણ કર્યા પછી, તેમને કંઈક અનપેક્ષિત જાણવા મળ્યું: જે લોકો નિયમિતપણે સ્માર્ટફોન, કમ્પ્યુટર્સ અથવા ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે તેમનામાં જ્ઞાનાત્મક ઘટાડાનું જોખમ ઓછું હતું. આનો અર્થ એ નથી કે ડિજિટલ ઉપકરણો જાદુઈ છે. પરંતુ સંશોધન સૂચવે છે કે તેમનો ઉપયોગ કરવાથી મગજ સક્રિય અને તીક્ષ્ણ રાખવામાં મદદ મળી શકે છે.

### ‘ડિજિટલ ડિમેન્શિયા’ના વિચારને પડકારવો

‘ડિજિટલ ડિમેન્શિયા’ વિશે ઘણી ચિંતા કરવામાં આવી છે, એક શબ્દ જે સૂચવે છે કે તકનીકી લોકોને માનસિક રીતે આળસુ બનાવી રહી છે. પરંતુ આ સંશોધનના તારણો અલગ જ સૂચવે છે. મગજને નુકસાન પહોંચાડવાને બદલે, સ્માર્ટફોન અને કમ્પ્યુટર્સ, જ્યારે સક્રિય કાર્યો માટે વપરાય છે, ત્યારે ખરેખર તેનાથી વિરુદ્ધ કામ કરી શકે છે. કોયડાઓનો વિચાર કરો, સમાચાર વાંચો, મિત્રો સાથે ચેટિંગ કરો, રિમાઈન્ડર સેટ કરો અથવા જીપીએસ વાપરવાથી મગજને ફાયદો થાય છે.

### માનસિક રીતે ઉત્તેજીત કરતી પ્રવૃત્તિઓનું મહત્ત્વ છે

સંશોધનકારો માને છે કે ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ જે રીતે કરવામાં આવે છે તે જ તમામ તફાવત બનાવે છે. પેસિવ સ્ક્રીન ટાઇમ, જેમ કે વધુ પડતું ટીવી જોવું, મગજને મદદ કરી શકશે નહીં. પરંતુ ઇન્ટરેક્ટિવ સ્ક્રીન ટાઇમ - જેમ કે વાંચવું, મેસેજ કરવું અથવા મગજની રમતોનો ઉપયોગ કરવો મગજને પડકાર આપી શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ મગજને નવી નર્વ બનાવવામાં મદદ કરે છે, જે મગજની કામ કરવાની નવી રીતો શોધવાની ક્ષમતા છે.

# એક ભારતીયનું અમેરિકા ફરવા જવાનું સપનુ માત્ર ૪૦ સેકન્ડમાં ચકનાચૂર

## ત્રણ પ્રશ્નોના પ્રમાણિકતાથી જવાબ આપવા નડી ગયા ? અધિકારીએ વિઝા રીજેકટ કર્યા




નવી દિલ્હી, તા. ૧૮

એક ભારતીય વ્યક્તિનું અમેરિકા જવાનું સપનું ૪૦ સેકન્ડમાં જ ચકનાચૂર થઈ ગયું. તેણે વિઝા ઈન્ટવ્યુંમાં અધિકારીએ પૂછેલા સવાલોના પ્રામાણિકતાથી જવાબ આપ્યા હોવા છતાં તેના વિઝા રિજેક્ટ કરી દેવાયા હતા. આશ્ચર્યજનક વાત તો એ છે કે, તેણે માત્ર ત્રણ સવાલો જ પૂછાયા હતા. ઇ૧/ઇ૨ વિઝા માટે એપ્લાય કરનારા આ વ્યક્તિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ રેડિટ પર પોતાની આપવિતી રજૂ કરી છે. તેનો આ પોસ્ટ કરવાનો હેતુ એ જાણવાનો પણ છે કે, તેનાથી સવાલોના જવાબ આપવામાં શું ભૂલ થઈ ગઈ અને બીજી વખત વિઝા રિજેક્ટ ન થાય તે માટે તેણે શું ધ્યાન રાખવું જોઈએ.

નવી દિલ્હીમાં યુએસ એમ્બેસીમાં વિઝા ઈન્ટર્વ્યુ આપનારા આ વ્યક્તિએ પોસ્ટમાં જણાવ્યું છે કે, તેનો પ્લાન ફ્લોરિડા ફરવા જવાનો હતો. પોતાની બે અઠવાડિયાની ટૂર દરમિયાન તેણે ડિનઝી વર્લ્ડ, યુનિવર્સિલ સ્ટૂડિયોઝ, કેનેડી સ્પેસ સેન્ટર સહિતની જગ્યાઓએ ફરવાનું તેનું પ્લાનિંગ હતું.

આ વ્યક્તિના જણાવ્યા મુજબ, એમ્બેસીના અધિકારીએ તેને ત્રણ સવાલો પૂછ્યા હતા. તમે કેમ અમેરિકાનો પ્રવાસ કરવા માગો છો? તમે પહેલા ભારતની બહાર પ્રવાસ કરેલો છે? તમારા પરિવારના કોઈ સભ્ય કે મિત્રો અમેરિકામાં રહે છે?

આ વ્યક્તિના કહેવા મુજબ, તેણે ત્રણેય સવાલોના પ્રામાણિકતાથી જવાબ આપ્યા હતા. પહેલા સવાલના જવાબમાં તેણે જણાવ્યું હતું કે, તે ફ્લોરિડા ફરવા માટે જવા માગે છે. બીજા સવાલનો તેણે એવો જવાબ આપ્યો હતો કે, તેણે પહેલા ક્યારેય ભારત બહાર પ્રવાસ કર્યો નથી. જ્યારે ત્રીજા સવાલના જવાબમાં તેણે કહ્યું હતું કે, તેની ગર્લફ્રેન્ડ ફ્લોરિડામાં રહેતી હતી.

જોકે, એમ્બેસીના અધિકારીને તેના જવાબથી સંતોષ થયો ન હતો અને એક મિનિટ કરતા પણ ઓછા સમયમાં તેના વિઝા રિજેકટ કરી દેવાયા હતા.

આ વ્યક્તિનું કહેવું હતું કે, તે માત્રને માત્ર ફરવા માટે અમેરિકા જઈ રહ્યો હતો અને ફ્લોરિડા પસંદ કરવાનું કારણ એ હતું કે, તેની ગર્લફ્રેન્ડ ત્યાં રહેતી હતી. તેણે રેડિટ કોમ્યુનિટીને પૂછ્યું છે કે, શું તે પ્રામાણિક રહેવાની સાથે આ સવાલોના અલગ રીતે જવાબ આપી શકાય તેમ હતા? તેણે એવું પણ પૂછ્યું છે કે, તે ફરવા જઈ રહ્યો હતો એટલે તેણે ગર્લફ્રેન્ડનો ઉલ્લેખ કરવાનું ટાળવું જોઈતું હતું? સાથે જ તેણે પૂછ્યું છે કે, વિઝા માટે ફરી એપ્લાય કરતી વખતે તેણે શું ધ્યાન રાખવું જોઈએ?

# હીરા ઉદ્યોગની મંદી વધુ એક પરિવારને ભરખી ગઈઃ યુવકનો પત્ની-પુત્ર સાથે નદીમાં ઝંપલાવી આપઘાત

## મૂળ સૌરાષ્ટ્રનો પરિવાર આર્થિક સંકડામણમાં આવી ગયો હતો



સુરત તા.૧૮

હીરા ઉદ્યોગમાં લાંબા વખતથી ચાલતી મંદીમાં ખાસ કરીને કારીગરોની હાલત ખરાબ છે ત્યારે વધુ એક કારીગરે આર્થિક સંકડામણથી કંટાળીને પરિવાર સાથે આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી છે. મુળ સૌરાષ્ટ્રના અને સુરતમાં રહીને હીરા ઘસવાનું કામ કરતા યુવકે પત્ની-પુત્ર સાથે નદીમાં ઝંપલાવી દીધુ હતું તેમાં ત્રણેયના મોત નિપજયા હતા.

તાલુકાના ટીંબા ગામ પાસે આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિર નજીક એક જ પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદી પર બનેલા બ્રિજ પર કૂદકો મારી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને રેસ્ક્યૂ કરી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. ઉલ્લેખનીય છે કે મહિલાનો મૃતદેહ ગત રાત્રે બહાર કાઢવામાં આવ્યો હતો. જ્યારે બે પુરુષના મૃતદેહને આજે સવારે બહાર કાઢવામાં આવ્યા છે.

તો બીજી તરફ સ્થાનિક પોલીસને બનાવની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો મૂળ સૌરાષ્ટ્રના છે અને હાલ સુરતમાં રહેતા હતા. મૃતક વિપુલભાઈ હીરાના ધંધા સાથે સંકળાયેલા હતા અને આર્થિક સંકડામળના પરિવારે આત્મહત્યા કરી છે.

# O.T.T. પર છાવા ફલોપ !!

## નેટફ્લિક્સ પર આવેલ ‘છાવા’ ફિલ્મને નબળો પ્રતિસાદઃ ‘ધૂમધામ’ ફિલ્મ અત્યારે ટોચ પર!



મુંબઈ: વિકી કૌશલની ફિલ્મ ‘છાવા’એ બોક્સ-ઑફિસ પર તો જબરદસ્ત કમાણી કરી છે. પણ આ ફિલ્મ OTT પર રસાડો પર્ફોર્મન્સ આપી શકી નથી. આ ફિલ્મ ૧૧ એપ્રિલે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ કરવામાં આવી હતી અને એને પહેલા અઠવાડિયામાં ૨.૨ મિલ્યન વ્યુઅરશિપ મળી છે અને એનું સ્થાન પ્લેટફોર્મ પર નબળો દેખાવ કરનારી ફિલ્મોમાં ’આઝાદ’ અને ‘ઇમર્જન્સી’ પછી ત્રીજા નંબરે છે. આ આંકડા નેટફ્લિકસના ૭ એપ્રિલથી ૧૩ એપ્રિલના ઍનેલિસિસના આધારે મળ્યા છે. આમ વિકી કૌશલની આ પિરિયડ ડ્રામા ફિલ્મ ટોપ ટેન ફિલ્મના લિસ્ટમાં માત્ર ભારતમાં જ નંબર વન પર ટ્રેન્ડ કરી રહી છે.

એક તારણ એવું છે કે ’છાવા’એ થિયેટરમાં બહુ સારું પ્રદર્શન કર્યું છે જેના કારણે એને OTT પર ઓછા દર્શકો મળી રહ્યા છે.

### OTTની ટોપ ૬ ફિલ્મ્સ

૧. ધૂમધામ - ૪.૧ મિલ્યન
૨. નાદાનિયાં - ૩.૯ દિયન
૩. દેવા - ૨.૮ મિલ્યન
૪. છાવા - ૨.૨ મિલ્યન
૫. ઈમર્જન્સી - ૧.૪ મિલ્યન
૬. આઝાદ - ૧.૧ મિલ્યન

# ChatGPT તબીબી પરીક્ષા પાસ પરંતુ સારવારમાં નિષ્ફળ

## ૧૯૧ પ્રશ્નો પર ChatGPT 4નું પરીક્ષણ :પરીક્ષામાં ૨૪ વિવિધ તબીબી ક્ષેત્રોને લગતા પ્રશ્નો હતા




લંડન, તા.૧૮

OpenAI ના લોકપ્રિય AI મોડલ ChatGPT-4 એ UK મેડિકલ લાઇસન્સિંગ પરીક્ષામાં શાનદાર પ્રદર્શન કર્યું. આમ છતાં દર્દીની સારવાર નિષ્ફળ સાબિત થઈ.

આ ટેકનોલોજી દર્દીની સ્થિતિ જોઈને સારવારનો નિર્ણય લેવા જેવા વાસ્તવિક જીવનના નિર્ણયોમાં નબળી સાબિત થઈ છે. સાયન્સ મેગેઝિન સાયન્ટિફિક રિપોર્ટમાં પ્રકાશિત એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. આમાં સંશોધકોએ મેડિકલ સ્કૂલ કાઉન્સિલની મોક એકઝામમાંથી ૧૯૧ પ્રશ્નો પર ChatGPT 4નું પરીક્ષણ કર્યું. બ્રિટનમાં ડોક્ટર બનવા ફરજિયાત આ પરીક્ષામાં ૨૪ વિવિધ તબીબી ક્ષેત્રોને લગતા પ્રશ્નો હતા. સંશોધકોએ જણાવ્યું હતું કે અંઈ સાધનો શિક્ષણ અને પ્રારંભિક તબક્કાની તબીબી સલાહમાં ઉપયોગી હોઈ શકે છે, પરંતુ હાલમાં સારવારના નિર્ણયો લેવા માટે વિશ્વસનીય નથી. Chatgpt-4 પાસે ઘણું તબીબી જ્ઞાન છે.

### ChatGPTએ મહિલા અને બાળકનો જીવ બચાવ્યો

નતાલિયા ટેરિયન નામની અમેરિકન મહિલાએ કહ્યું કે ChatGPTએ તેનો અને તેના અજાત બાળકનો જીવ બચાવ્યો છે. જ્યારે તે ગર્ભવતી હતી ત્યારે તેણે મજાકમાં ચેટજીપીટીને પ્રશ્ન પૂછ્યો હતો કે, મારું જડબું કેમ સખત છે? ChatGPTએ જવાબ આપ્યો તમારૂં બ્લડ પ્રેશર તપાસો. તેણે તપાસ કરી તો તે ઘણું વધી ગયું હતું. પછી ChatGPTએ તેને એમ્બ્યુલન્સ બોલાવવાનું કહ્યું. જ્યારે નતાલિયા હોસ્પિટલ પહોંચી તો ડોક્ટરોએ તેની ડિલિવરી કરવાનો નિર્ણય લીધો. ડોક્ટરોએ કહ્યું કે જો તમે તે રાત્રે સૂઈ ગયા હોત તો તમે કદાચ જાગી ન શક્યા હોત. પરંતુ ડિલિવરી પછી પણ પાંચ દિવસ સુધી તેનું બ્લડ પ્રેશર સતત વધતું રહ્યું. ચેટજીપીટીનો આભાર માનતા તેણે સોશિયલ મીડિયા પર લખ્યું, તમે બે જીવ બચાવ્યા.



# ચાલો જઈને ચંદ્ર પર વસવાટ કરીએ



## ચંદ્ર પર મળી આવી ગુફા, જયાં મનુષ્ય રહી શકે છે

**નવી દિલ્હી : અત્યાર સુધી તમે ચંદ્રને ધરતી પરથી જોયો હશે, તમે તેને તસવીરોમાં જોયો હશે. પણ હવે લોકો ત્યાં રહી શકશે. પહેલીવાર વૈજ્ઞાનિકોને ચંદ્રની સપાટી પર ઓછામાં ઓછી ૧૦૦ મીટર ઊંડી ગુફા શોધી છે. કહેવાય છે કે, માનવીઓ માટે રહેવા માટે આ એક આદર્શ સ્થળ છે. એટલે કે, કોઈપણ વ્યકિત અહીં સરળતાથી રહી શકે છે. આ ભૂગર્ભ ગુફા ચંદ્રની સપાટી પરની સેંકડો ગુફાઓમાંથી એક છે. વૈજ્ઞાનિકોને આ વાતથી આશ્ચર્ય થાય છે. તેઓ હવે તેની અંદર ડોકિયું કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે કે ગુફાની અંદરનો નજારો કેવો છે. ત્યાંનું તાપમાન અને વાતાવરણ કેવું છે? આના જેવી બીજી કેટલી ગુફાઓ છે? આ સિદ્ધિની ચર્ચા આજે આ અહેવાલમાં કરવામાં આવી છે.**

અમેરિકાની અંતરિક્ષ એજન્સી અને દુનિયાભરનાં વૈજ્ઞાનિકો વર્ષોથી ચંદ્ર પર વસાહતી બનવાના સપના જોઈ રહ્યાં છે.



પરંતુ ત્યાંની સ્થિતિ એવી છે કે માનવીઓ માટે એક ક્ષણ પણ ટકવું મુશ્કેલ છે. અવકાશયાત્રીઓ જાય છે ત્યારે પણ તેમને તમામ પ્રકારનાં રેડિયેશન, અતિશય તાપમાનનો સામનો કરવો પડે છે. એક રિપોર્ટમાં અવકાશયાત્રી હેલન શર્મનને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે આ ગુફા એકદમ જોવાલાયક લાગે છે. આશા છે કે, આગામી ૨૦-૩૦ વર્ષમાં માનવી આવી ગુફાઓમાં સરળતાથી જીવી શકશે. આ ગુફા એટલી ઉંડી છે કે તેમાં ઉતરવા માટે અવકાશયાત્રીઓને જેટ પેક અથવા એલિવેટરનો ઉપયોગ કરવો પડી શકે છે.

### રડારની મદદથી, ગુફાની અંદર પણ ગયા

ઇટાલીની યુનિવર્સિટી ઓફ ટ્રેન્ટોના લોરેન્ઝ બ્રિજન અને લિયોનાર્ડો કેરેરે મરે ટ્રાન્કિવલિટીસ નામનાં ખડકાળ મેદાન પર ખાડો જોયો હતો અને રડારની મદદથી તેની અંદર ગયાં હતાં. તેમનાં મતે જમીન પરથી તેને નરી આંખે જોઇ શકાય છે. અહીં જ ૧૯૬૯માં અપોલો ૧૧નું લેન્ડિંગ થયું હતું. આ ગુફા ચંદ્રની સપાટી પરની બારી જેવી દેખાય છે. તેની રચના લાખો કે અબજો વર્ષ પહેલાં થઈ હતી, જ્યારે લાવા ચંદ્ર પર વહેતો હતો. પછી ખડકની વચ્ચે એક સુરંગ બની. પ્રોફેસર કેરેરનું કહેવું છે કે પૃથ્વી પર તેની સૌથી નજીક સ્પેનના લંઝારોટની જ્વાળામુખીની ગુફાઓ હશે.

### પૃથ્વી પર પણ ગુફાઓમાંથી જીવનની શરૂઆત થઈ હતી

વૈજ્ઞાનિકે કહ્યું, ‘આ ખરેખર રોમાંચક છે. જ્યારે અમે આ ચિત્રો જોયા, ત્યારે અમને લાગ્યું કે અમે તેની ખૂબ નજીક છીએ. જ્યારે સમજાયું કે ગુફા ઘણી મોટી છે, ત્યારે અમે પણ તેની અંદર ડોકિયું કરવાનો પ્રયાસ કર્યો. અમે વિચાર્યું કે તે મનુષ્ય માટે રહેવા માટેનું શ્રેષ્ઠ સ્થળ હશે. છેવટે, ગુફાઓમાંથી જ પૃથ્વી પરનાં જીવનની શરૂઆત થઈ હતી. તેથી અમને લાગે છે કે ચંદ્ર પરનાં માણસો પણ આ ગુફાઓની અંદર રહી શકે છે. જો કે, તે હજી અંદર જવાનું બાકી છે. વૈજ્ઞાનિકોએ લગભગ ૫૦ વર્ષ પહેલાં શોધ કરી હતી કે ચંદ્ર પર ગુફાઓ છે. ત્યાર બાદ ૨૦૧૦માં લૂનર રિકોનિસન્સ ઓર્બિટરે તે ક્રેટર્સની તસવીરો લીધી હતી. ત્યારે વૈજ્ઞાનિકોએ વિચાર્યું કે આ ગુફાઓના પ્રવેશદ્વાર હોઈ શકે છે. પરંતુ વૈજ્ઞાનિકોને ખબર નહોતી કે ગુફાઓ કેટલી ઊંડી હશે. તેઓ બચી જશે કે નહીં.



### આ ગુફાઓ અન્ય ગુફાઓ કરતાં અલગ છે

આ ગુફાઓ ચંદ્રનાં અન્ય વિસ્તારોની ગુફાઓ કરતાં સાવ અલગ છે, જેને કારણે વૈજ્ઞાનિકોને આશ્ચર્ય થયું છે. ચંદ્ર પર બે અઠવાડિયા લાંબો દિવસ હોય છે. સૌથી મોટી વાત એ છે કે અહીંનું તાપમાન એટલું વધારે હોઈ શકે છે કે એ તાપમાને પૃથ્વી પાણી ઉકળી જાય છે. હવે એવું માનવામાં આવે છે કે આ ગુફાઓમાં રહેવા યોગ્ય સ્થિતિ હોવી એ સારી બાબત છે. ચંદ્રનાં ગુફાઓની શોધથી વૈજ્ઞાનિકો ખૂબ જ આશ્ચર્યચકિત છે. નુહ પેટ્રોએ જણાવ્યું હતું કે ચંદ્રની ગુફાઓ સૌ પ્રથમ ૨૦૦૯ માં ચંદ્ર પર શોધી કાઢવામાં આવી હતી.






સામાન્ય રીતે ગુફાઓ છીછરી હોય છે, પરંતુ આ ગુફાઓ ઉભો સીધી છે. હવે તેમની અંદર સુરંગો અને ગુફાઓ પણ મળી આવી છે.

એટલે કે મનુષ્ય ચંદ્ર પર ગુફાઓમાં રહેશે. જો તેમને અંદર જવાનો રસ્તો મળી જાય તો અવકાશયાત્રીઓ પોતાનું જીવન નિર્વાહ કરી શકે છે, કારણ કે સૌર કિરણોત્સર્ગ, ઘટતા તાપમાન અને નાની ઉલ્કાપિંડની અથડામણનો ભય નથી. તેઓ ચંદ્રની સપાટી કરતાં વધુ સુરક્ષિત છે.

### એ ગુફા જયાં નીલ આર્મસ્ટ્રોંગે ઉતરાણ કર્યું હતું

આ ગુફા એ જગ્યા પર સ્થિત છે જયાં ૫૫ વર્ષ પહેલાં અમેરિકી અંતરિક્ષયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ એલ્ડ્રિન ચંદ્ર પર ઉતર્યા હતાં. વૈજ્ઞાનિકોના જણાવ્યાં અનુસાર આ ગુફા જીવવા લાયક છે,

જેને મેયર ટ્રાન્કિવલિટિસ પિટ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ગુફાઓ ૩૨૮ ફૂટ ઊંડી છે. વૈજ્ઞાનિકોના મતે, ત્યાં સેંકડો ગુફાઓ હોઈ શકે છે. આવામાં અંતરિક્ષ યાત્રી ભવિષ્યમાં આશરો લઈ શકે છે. આ ગુફાઓની અંદરનું તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ છે. આ તાપમાને, મનુષ્ય આરામથી જીવી શકે છે અને કામ કરી શકે છે.

# હવે ડાયાબિટીસનું નવું સ્વરૂપ ટાઈપ-૫ શોધાયું

## આ ડાયાબિટીસ કમજોર, કુપોષિત કિશોરો અને યુવાનોમાં જોવા મળ્યોઃ ૭૦ વર્ષ પહેલા પહેલીવાર આ બિમારી નોંધાઈ હતીઃ ૧૯૮૫માં ડબલ્યુએચઓએ થોડો સમય તેને ઓળખ આપી પણ પર્યાપ્ત ડેટાના અભાવે તેને હટાવી દેવાયોઃ હવે અધિકૃત ઓળખ મળી

નવી દિલ્હી તા.૧૮

અત્યાર સુધી ડાયાબીટીસને આપણે બે મુખ્ય સ્વરૂપોમાં જોઈએ છીએ. ટાઈપ-૧ અને ટાઈપ-૨ પણ હાલમાં જ એક મોટી જાહેરાત કરી ઈન્ટરનેશનલ ડાયાબીટીસ ફેડરેશન (આઈડીએફ) એ માલ્યુટ્રીશન રિલેટેડ ડાયાબીટીસને પણ હવે ટાઈપ-૫ ડાયાબીટીસના રૂપમાં અધિકૃત રીતે માન્યતા આપી છે. આ ડાયાબીયીસ એ નબળા કુપોષિત કિશોરો અને યુવાનોમાં જોવા મળે છે જે હંમેશા નિમ્ન અને મધ્યમ આવકવાળા દેશો ખાસ કરીને એશિયા અને આફ્રિકામાં રહે છે.



### શું લક્ષણ છે?:

વારંવાર તરસ લાગે, વારંવાર પેશાબ કરવા જવું, થાક લાગવો, વજન ઘટવું વગેરે લક્ષણો હોય છે.

### ઈતિહાસ અને રિસર્ચમાં શું જાણવા મળ્યું?:

૭૦ વર્ષ પહેલા ડાયાબીટીસ-૫ નોંધાઈ હતી. ૧૯૮૫માં ડબલ્યુએચઓએ તેને થોડા સમય માટે ઓળખી પરંતુ ૧૯૯૯માં પર્યાપ્ત ડેટા ન હોવાના કારણે તેને હટાવી દેવાઈ. વર્ષ ૨૦૨૨માં ડો. હોકિન્સના એક અભ્યાસમાં જાણવા મળ્યું કે ટાઈપ-૨ ડાયાબીટીસથી પીડિત લોકોમાં ઈન્સ્યુલિન બનવાની ક્ષમતા ઘણી જ ઓછી હોય છે.

### આ માન્યતા કેમ મહત્વની:

ડો.મેરેડિથ હોકિન્સ કે જેઓ આલબર્ટ આઈન્સ્ટાઈન કોલેજ ઓફ મેડીસીનના પ્રોફેસર છે, તેમણે દાયકાઓ સુધી આ બીમારીને ઓળખ આપવા માટે કામ કર્યું હતું. તેમનું કહેવું છે કે આ પ્રકારના ડાયાબીયીસને પહેલા બરાબર સમજવામાં જ નહોતો આવ્યો કે નહોતો ઓળખી શકાયો. હવે તેને ટાઈપ-૫ ડાયાબીટીસ તરીકે ઓળખ મળવી મોટી સિદ્ધિ છે.

દિલ્હીના ડાયાબીટીસ એકસપર્ટ ડો. એ.કે.ઝિંગને કહ્યું હતું કે જો ૧૫-૨૦ વર્ષ પહેલા મધ્યપ્રદેશમાં આવા એક-બે દર્દી જોયા હતા પણ ત્યારે તેને માન્યતા નહોતી અપાઈ. હવે માન્યતા મળી છે તો તેના પર ચર્ચા જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે તેનો સીધો સંબંધ સ્થુળતા સાથે નથી, બલ્કે નબળાઈ, નબળી ઈમ્યુન સિસ્ટમ અને શરીરમાં પોષક તત્વોની ભારે કમી સાથે છે.

### ટાઈપ-૫ ડાયાબિટીસના ૫ મુખ્ય કારણ

કોનિક માલ્ટયુશન એટલે કે લાંબા સમયથી કુપોષણનો શિકાર થયા હોય, ખરી રીતે ખાવાનું-પીવાનું ન મળ્યું હોય, જેનાથી તેમના પેન્ક્રિયાઝ એટલા ડેમેજ થઈ જાય છે કે ઈન્સ્યુલીન બનવું બંધ થઈ જાય છે. પ્રોટીનની કમી પણ એક કારણ હોય છે. ખોરાકમાં કમીના કારણે પણ શરીરના અંગોને પ્રોટીન નથી મળતુ. કુપોષણના કારણે વિટામીન, મિનરલ્સ વગેરેની ભારે કમી આવે છે, ઈમ્યુનીટી નબળી હોવાથી વારંવાર આવા લોકો ઈન્ફેકશનના શિકાર બને છે.

### કોને થાય છે ટાઈપ-૫ ડાયાબિટીસ?:

સામાન્ય રીતે કિશોરો, યુવાનો અને ઓછા વજનવાળાને થાય છે. ખાસ કરીને ગરીબી, ગંદુ વાતાવરણ સ્વાસ્થ્ય સેવાઓની કમી, બિનઆરોગ્યપ્રદ ખોરાકવાળા ક્ષેત્રોમાં રહેનાર ડાયાબીટીસ-૫ની ઝપટમાં આવી જાય છે.

### કેવી રીતે થાય છે સારવાર અને મેનેજમેન્ટ?:

ડો.ઝિંગને જણાવ્યું હતું કે સૌથી પહેલા તો બહેતર ડાયેટની જરૂર છે જેમાં પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટની માત્રા વધુ હોય, સાથે સાથે વિટામીન ડી અને અન્ય મિનરલ્સ મુજબ ડાયેટ આપવી પડે. નાની માત્રામાં ઈન્સ્યુલિનની સાથે સાથે ઓરલ મેડીસીનની જરૂર પડે. રેગ્યુલર ફોલોઅપ અને બ્લડ શુગરનું મોનેટરીંગ કરવું જરૂરી.

# ૫૦ કરોડનો શ્વાન,દાવો બોગસ : EDએ દરોડા પાડતા વાત ખોટી ઠરી





બેંગલુરુ:

બેંગ્લોરના પ્રખ્યાત ડોગ બ્રીડર અને ઇન્ડિયન ડોગ બ્રીડર્સ એસોસિએશનના પ્રમુખ એસ. સતીશે તાજેતરમાં દાવો કર્યો હતો કે તેણે ૫૦ કરોડ રૂપિયામાં વુલ્ફ કૂતરો ખરીદ્યો છે. તેમના દાવાની મીડિયામાં ખૂબ ચર્ચા થઈ હતી, પરંતુ હવે વાર્તાએ એક અલગ જ વળાંક લીધો છે. ૫૦ કરોડ રૂપિયામાં કૂતરો ખરીદ્યો હોવાનો દાવો કર્યા બાદ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ટીમે આજે તેના ઘરે દરોડો પાડ્યો હતો.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમે FEMA ઉલ્લંઘનની શંકાના આધારે આ દરોડા પાડ્યા હતા. હકીકતમાં, ED ટીમને સોશિયલ મીડિયા પર કૂતરા સંવર્ધક સતીશના દાવા વિશે ખબર પડતાં જ, એક ટીમ આજે સવારે તાત્કાલિક સતીશના ઘરે પહોંચી ગઈ. ED ટીમ જાણવા માંગતી હતી કે તેણે કૂતરો ખરીદવા માટે ૫૦ કરોડ રૂપિયા કેવી રીતે ચૂકવ્યા.

જ્યારે સતીષના ખાતાની વિગતો તપાસવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે ખાતામાંથી કોઈ વ્યવહાર થયો નથી. આવી સ્થિતિમાં, ચુકવણી માટે હવાલા રૂટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે કેમ તે અંગે શંકા હતી. જ્યારે સતીશની પૂછપરછ કરવામાં આવી, ત્યારે વાર્તા કંઈક બીજી જ નીકળી. તપાસમાં સતીષના દાવા ખોટા સાબિત થયા. હકીકતમાં, શરૂઆતની તપાસમાં, જે કૂતરો વિદેશી જાતિનો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, તે પણ ભારતીય કૂતરો જ લાગે છે. હજુ પણ સતીશની પૂછપરછ ચાલુ છે. ED અધિકારીઓના જણાવ્યા અનુસાર, સતીશ કૂતરા ઉધાર લેતો અને વીડિયો બનાવતો અને ખોટો દાવો કરતો કે તેણે કરોડો રૂપિયામાં વિદેશી જાતિના કૂતરા ખરીદ્યા છે. દસ્તાવેજોની ચકાસણી દરમિયાન, એવું જાણવા મળ્યું કે ૫૦ કરોડ રૂપિયાની કિંમતનો ઉલ્લેખ ખોટો હતો. વિદેશી કૂતરો ખરીદવા માટે તેની પાસે કોઈ માન્ય દસ્તાવેજો નહોતા. કહેવાતા વિદેશી જાતિના કૂતરાઓ દેશી જાતિના હોય તેવું લાગે છે. જોકે, અધિકારીઓએ ખોટી માહિતી ફેલાવવા અને સંભવિત નાણાકીય અનિયમિતતાઓ બદલ સતીશ સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

### બિહારમાં દરભંગા વિસ્તારમાં શરમજનક ઘટના !

# ૧૩ વર્ષની સગીર પુત્રી પર પિતાનો દુષ્કર્મ !

## આરોપી દુષ્કર્મ કેસમાં જેલમાંથી હમણા જ જામીન પર ઘરે આવ્યો હતો



મેનિગાચી : બિહારના દરભંગાના માનીગાચી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પિતા અને પુત્રીનાં પવિત્ર સંબંધોને કલંકિત કરવાનો મામલો સામે આવ્યો છે. કલયુગીના પિતાએ પોતાની ૧૩ વર્ષની સગીર પુત્રી પર બળાત્કાર ગુજારીને શરમજનક ઘટના કરી છે. આ કેસને લઈને પીડિતાની માતા પોલીસ સ્ટેશન પહોંચી હતી.

પીડિતાની માતાએ પોલીસને જણાવ્યું હતું કે તેના પતિએ તેની સગીર પુત્રી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ સાંભળીને પોલીસકર્મીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. જરા પણ વિલંબ કર્યા વગર સબ-ઈન્સ્પેક્ટર મમતા કુમારી સદાલે ઘરમાં દરોડો પાડીને આરોપી પિતાની ધરપકડ કરી હતી. પીડિતાની માતાએ આ મામલે એફઆઈઆર નોંધાવી છે.

**પીડિતા તેની કાકીના ઘરે રહેતી હતી**

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના ૧૫ એપ્રિલના રોજ બની હતી. ફોઈના ઘરે રહેતી પીડિતાને લાવતી વખતે પિતાએ એકાંત સ્થળે તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આ દરમિયાન પીડિતાએ ઘણો વિરોધ કર્યો, પરંતુ પિતા પર કોઇ અસર થઇ નહીં

**૧૬ એપ્રિલના રોજ તે દીકરીને લઈને પોલીસ સ્ટેશન પહોંચી માતા**

શારીરિક અને માનસિક રીતે પીડિત સગીરા ઘરે પહોંચી ત્યારે તેની માતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જો કે, સામાજિક પ્રતિષ્ઠાના ડરના કારણે તેની માતા પહેલા મૂંઝવણમાં મુકાઈ હતી, ત્યારબાદ તેણે ધીરજ લીધી હતી અને ૧૬ એપ્રિલે આવી દુષ્ટ વ્યક્તિને સજા આપવા માટે તેની પુત્રી સાથે પોલીસ સ્ટેશન પહોંચી હતી.

**આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે**

સ્ટેશન હાઉસ ઓફિસર મૃત્યુંજય કુમારે જણાવ્યું હતું કે, આરોપીને તબીબી તપાસ બાદ ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. પીડિતાને તબીબી તપાસ માટે જિલ્લા મુખ્યાલયમાં મોકલવામાં આવી છે. પોક્સો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

**આરોપી જામીન પર બહાર આવ્યો હતો**

આરોપી પહેલા પણ આવો જ ગુના બદલ જેલમાં હતો. દિલ્હીમાં રહીને મજૂરી કરીને ગુજરાન ચલાવતાં આરોપીએ ૨૦૧૭માં પણ આવી જ ઘટનાઓને અંજામ આપ્યો છે. તે સતત છ વર્ષ જેલમાં વિતાવ્યાં બાદ થોડા સમય પહેલાં જામીન પર ઘરે આવ્યો હતો. તેની સામે દિલ્હીમાં પોક્સોની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

# ઋતુ પ્રમાણે ભગવાનની દિનચર્યા બદલાતા ગરમીમાં રામલલ્લાના ભારી અલંકારો બદલાશે

અયોધ્યા. તા.૧૮

વૈષ્ણવ શહેરના મંદિરોમાં ખાસ કરીને મધુર ઉપાસના મંદિરોમાં ઋતુ પ્રમાણે ભગવાનની દિનચર્યા બદલાતી રહે છે. એ જ રીતે આહાર અને વસ્ત્રો પણ બદલાય છે. તેવી જ રીતે મંદિરમાં પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ વિષય પર ધાર્મિક ટ્રસ્ટ સમિતિ તરફથી શ્રી રામ જન્મભૂમિ તીર્થ માટે સૂચનો આપવામાં આવ્યા છે. આ અંગે યાત્રાધામ વિસ્તાર મંથન કરી રહ્યો છે. અત્યાર સુધી તીર્થ ક્ષેત્રનો નિર્ણય લેવાની સત્તા મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ શાસ્ત્રીને સોંપવામાં આવી હતી. હવે તે ત્યાં નથી, સંપૂર્ણ નિયંત્રણ ફક્ત તીર્થ ક્ષેત્રનું છે. ઉનાળાથી ફેરફારો શરૂ થશે. રામનવમીથી રામલલાને



ઊનના કપડાને બદલે શુદ્ધ સુતરાઉ કપડાં પહેરાવવામાં આવે છે. આ ઉપરાંત ભગવાનને અર્પણમાં દહીં અને મોસમી ફળોના રસનો સમાવેશ કરવામાં આવ્યો છે. રામ મંદિર નિર્માણ પ્રભારી ગોપાલ રાવની માનીએ તો અયોધ્યાની રામાનંદીય પરંપરા મુજબ ભગવાનની દિનચર્યા નિશ્ચિત છે અને તે પ્રમાણે જ ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે જ્યાં સુધી સીઝન મુજબની વ્યવસ્થાનો સંબંધ છે, તેની સામે કોઈને કોઈ વાંધો નથી. હજુ પણ ભારતીય પરંપરામાં છ ઋતુઓ છે. ચૈત્ર-વૈશાખને વસંતઋતુ તરીકે સ્વીકારવામાં આવી છે. આ ઋતુમાં પ્રકૃતિમાં પરિવર્તન આવે છે અને ત્યાર બાદ જ્યેષ્ઠ-અષાઢ માસને ઉનાળાની ઋતુ તરીકે ગણવામાં આવે છે. તેમણે જણાવ્યું કે મંદિરમાં ભગવાનની દિનચર્યા બદલાઈ ઉનાળામાં એટલે કે જ્યેષ્ઠ માસના પ્રારંભ થી દેખાશે. પંચાંગ અનુસાર ૧૨મી મે વૈશાખ પૂર્ણિમા પછી ૧૩મેથી જ્યેષ્ઠ માસનો પ્રારંભ થશે.

### ગરમીના આધારે ભગવાનનો મુગટ, કાનની બુટ્ટીઓ અને ગળાનો હાર પણ બદલાશે:

રામ નવમીના તહેવાર પર ભગવાન રામલલાને ખાસ સોનાના આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. આ ઉત્સવ પછી, તેમની કેટલીક વિશેષ સજાવટ દૂર કરવામાં આવી હતી. આ સમયે, રામ લલ્લા દ્વારા પહેરવામાં આવતી જ્વેલરી પણ સિઝન માટે યોગ્ય નથી. એવું કહેવામાં આવ્યું હતું કે ઉનાળાની ઋતુની શરૂઆતમાં આ જ્વેલરી કાઢી નાખવામાં આવશે અને હળવી જ્વેલરી પહેરવામાં આવશે. રામલલાની ટોચ પર મુકુટ અને કુંડળ શોભાયમાન છે.

### મધુપાર્કના પાન દરરોજ ભગવાનને અર્પણ કરવામાં આવે છે:

મધુપાર્કના પાન દરરોજ પાંચ આરતીઓ પહેલાં ભગવાન રામલલાને અર્પણ કરવામાં આવે છે. આ મધુપર્ક એટલે મધ, દહીં અને ઘીનું મિશ્રણ. ભગવાનના મુખને શુદ્ધ કરવા માટે સૌપ્રથમ આ મધુપર્કનું પીણું ચઢાવવાની વૈષ્ણવ પરંપરામાં પરંપરા છે. એવું કહેવાય છે કે સવારે ભગવાનના ઉદય પછી આરતીના સમયે મંગળા ચઢાવવામાં આવે છે અને આરતી પહેલા શ્રીંગાર આપવામાં આવે છે.

### મેકિસકન વોકિંગ ફિશ

# એકસોલોટલ માછલી જેવું લાગે છે જે રહે છે પાણીમાં જે ચાલી શકે છે !!



મેકસીકો : એકસોલોટલ એક અનન્ય પ્રાણી છે જે તેના અંગોને પુનર્જીવિત કરી શકે છે. આ નાનો ઉભયજીવી મેક્સિકોના તળાવોમાં જોવા મળે છે, ખાસ કરીને લેક ઝોચિમિલ્કો મા મળી આવે છે. તેને મેક્સિકન વોકિંગ ફિશ પણ કહેવામાં આવે છે. જો કે તે માછલી નથી, પરંતુ સલામન્ડરની એક પ્રજાતિ છે. એક્સોલોટલનું કદ ૧૫-૨૫ સેન્ટિમીટર છે અને તે ગુલાબી, સફેદ અથવા ભૂરા છે.

તેની ખાસ વાત એ છે કે તે તેના વિચ્છેદ થયેલા શરીરના અંગો જેવા કે પગ, પૂંછડી અથવા તો હૃદયના કોઈ ભાગનો ઉપયોગ કરી ફરી બનાવી શકે છે. વૈજ્ઞાનિકો આ ગુણધર્મનો અભ્યાસ કરે છે જેથી તે માનવ દવામાં મદદ કરી શકે. એક્સોલોટલની આંખો નાની અને ચળકતી હોય છે અને તેના માથા પર ફિન જેવા ગિલ્સ હોય છે, જે તેને પાણીમાં શ્વાસ લેવામાં મદદ કરે છે. તે તેનું આખું જીવન પાણીમાં જીવે છે. આ શાંત સ્વભાવનું પ્રાણી નાની માછલીઓ અને જંતુઓ ખાય છે.

# 'દ્રશ્યમ-૩'માં શું અજય દેવગન અભિનય નહીં કરે??

## મલયાલમ ફિલ્મ 'દ્રશ્યમ-૩' હિન્દી વર્ઝન સાથે જ રીલીઝ થશેઃ સુપ્રસિધ્ધ મલયાલમ અભિનેતા મોહનલાલ આ ફિલ્મના હિરો છે



મુંબઈ: મોહનલાલની ક્રાઇમ સસ્પેન્સ થ્રિલર 'દ્રશ્યમ' મલયાલમ સિનેમાની સુપરહિટ ફિલ્મ ફ્રેન્ચાઇઝી છે. આ ફ્રેન્ચાઇઝીની ફિલ્મોને હિન્દીમાં રીમેક કરવામાં આવે છે અને આ રીમેકમાં અજય દેવગન હીરો તરીકે છવાઈ જાય છે. આ સિરીઝની 'દ્રશ્યમ' અને 'દ્રશ્યમ ૨'માં અજય દેવગન જોવા મળ્યો હતો, પણ હવે 'દ્રશ્યમ ૩'માંથી અજયનું પત્તુ કપાઈ જાય એવા સંજોગો સર્જાયા છે. હાલમાં મળેલા એક રિપોર્ટ પ્રમાણે મલયાલમમાં બની રહેલી 'દ્રશ્યમ ૩'ના મેકર્સ મૂળ ફિલ્મના મલયાલમ વર્ઝન સાથે જ એને આખા ભારતમાં હિન્દીમાં પણ રિલીઝ કરવાનો પ્લાન કરી રહ્યા છે. મોહનલાલની 'દ્રશ્યમ ૨'ને કોરોના મહામારીને કારણે ૨૦૨૧માં OTT પર જ રિલીઝ કરવામાં આવી હતી, પણ પછી ૨૦૨૨માં રિલીઝ થયેલી એની હિન્દી રીમેકે વૈશ્વિક સ્તરે લગભગ ૩૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફ્રેન્ચાઇઝીને મળેલી સફળતાને કારણે હવે મોહનલાલ અને ડિરેક્ટરે 'દ્રશ્યમ ૩'ને હિન્દીમાં પણ રિલીઝ કરવાનો પ્લાન કર્યો છે, કારણ કે આ ફ્રેન્ચાઇઝી ઉત્તર ભારતમાં પણ લોકપ્રિય છે. માનવામાં આવે છે કે મેકર્સનો આ નિર્ણય મલયાલમ સિનેમા માટે કમાણીનો નવો રેકોર્ડ બનાવી શકે છે. રિપોર્ટ પ્રમાણે 'દ્રશ્યમ ૩'નું હિન્દી વર્ઝન એ મલયાલમ વર્ઝન કરતાં સાવ અલગ હશે. મળતી માહિતી પ્રમાણે ૨૦૨૫ના મે મહિના સુધી 'દ્રશ્યમ ૩'નું શૂટિંગ શરૂ થઈ જશે.

# 'જાટ' ફિલ્મમાં ખ્રિસ્તી ધર્મના અનાદરનો આરોપ

## સની દેઓલ-રણદીપ હુડ્ડા પર કેસઃ જાલંધર પોલીસે FIR દાખલ કરી

મુંબઈ, તા.૧૮



સની દેઓલ અને રણદીપ હુડ્ડાની ફિલ્મ જાટ થોડા દિવસો પહેલા જ રીલિઝ થઈ છે. પંજાબમાં ખ્રિસ્તી સમુદાયે આરોપ લગાવીને વિરોધ કર્યો હતો કે ફિલ્મમાં તેમના ધર્મ સાથે જોડાયેલી વસ્તુઓનું અપમાન કરવામાં આવ્યું છે.

પંજાબના જલંધરમાં ફિલ્મ અભિનેતા સની દેઓલ અને રણદીપ હુડ્ડા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા સિનેમાઘરોમાં રિલીઝ થયેલી સની દેઓલ અને રણદીપ હુડ્ડાની ફિલ્મ જાટ વિરુદ્ધ પંજાબમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. આ પછી જલંધરમાં એફઆઈઆર નોંધવામાં આવી છે.

આરોપ છે કે ફિલ્મમાં અભિનેતા રણદીપ હુડ્ડાએ ઇસુ ખ્રિસ્ત અને ખ્રિસ્તી ધર્મમાં ઉપયોગમાં લેવાતી પવિત્ર વસ્તુઓનો અનાદર કર્યો છે.

જાલંધરના સદર પોલીસ સ્ટેશનમાં બોલિવૂડ એક્ટર સની દેઓલ, રણદીપ હુડ્ડા, વિનીત કુમાર, નિર્દેશક ગોપી ચંદ, જાટ ફિલ્મના નિર્માતા નવીન માલિનેની વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી ખ્રિસ્તી સમુદાય આને લઈને રોષ વ્યક્ત કરી રહ્યો હતો.

# સન્ની દેઓલની ફિલ્મ 'જાટ' બાદ 'જાટ-૨' આવી રહી છે !



### જાટ સનીના કરીઅરની ત્રીજી સૌથી મોટી હીટ

સની દેઓલની 'જાટ' કમાણીની દ્રષ્ટિએ તેની કરીયરની ત્રીજા નંબરની ફિલ્મ સાબિત થઇ છે. આ ફિલ્મ પહેલા અઠવાડિયામાં ૫૭.૯૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. કમાણીને દ્રષ્ટિએ જોઇએ તો પહેલા અને બીજા નંબરે ગદર સીરીઝ છે. 'જાટ'ની સાત દિવસની કમાણી પર બાજુમાં નજર કરીએ..

## સોશ્યલ મીડિયામાં 'જાટ-૨'નું પોસ્ટર રીલીઝ

મુંબઇ : સની દેઓલ અને રણદીપ હુડાને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી 'જાટ' હજુ તો થિયેટરમાં ચાલી રહી છે ત્યારે સની દેઓલે સોશ્યલ મીડિયામાં 'જાટ-૨'નું પોસ્ટર રીલીઝ કરીને આ ફિલ્મની સીકવલની જાહેરાત કરી દીધી છે. ફિલ્મના ફર્સ્ટ લુક પોસ્ટરમાં 'જાટ-૨' ટાઇટલ સ્પષ્ટ નજરે ચડે છે. આ પોસ્ટની કેપ્શનમાં સનીએ લખ્યું છે કે હવે જાટ નવા મિશન પર જવાનો છે. સનીની આ અનાઉન્સમેન્ટ પછી એના ફેન્સના ઉત્સાહમાં વધારો થયો છે અને 'જાટ-૨' માટેની તાલાવેલી પણ વધી ગઇ છે.

# તમન્ના દિલજીત-વરૂણની ફિલ્મમાં પણ જોવા મળશે



ચાહકો ઘણા વર્ષોથી ફિલ્મ નો એન્ટ્રીની સિક્વલની રાહ જોઈ રહ્યા છે. પરંતુ હવે લાગી રહ્યું છે કે નો એન્ટ્રી-૨ જલ્દી જ કરવામાં આવશે. ખરેખર, આ ફિલ્મમાંથી તાજેતરમાં વરુણ ધવન અને દિલજીત દોસાંજના સમાવેશ ના સમાચાર આવ્યા હતા, ત્યારે સમાચાર છે કે તમન્ના ભાટિયા પણ આ પ્રોજેક્ટમાં જોડાઈ ગઈ છે. એક રિપોર્ટ અનુસાર અભિનેત્રી તમન્ના ભાટિયા નો એન્ટ્રી-૨માં કામ કરવા માટે રાજી થઈ ગઈ છે.

જરૂરી કાગળ પણ કરવામાં આવ્યા છે. માનવામાં આવે છે કે આ ફિલ્મમાં તે લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તમન્ના આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે કારણ કે આ દ્વારા તે કોમેડી ફિલ્મમાં કમબેક કરી રહી છે. અહેવાલો અનુસાર, આ ફિલ્મમાં તમન્નાના પાત્રનું પાત્ર કંઈક અંશે ૨૦૦૫ની હિટ ફિલ્મ નો એન્ટ્રીમાં વિપાશા બાસુ દ્વારા ભજવવામાં આવેલા પાત્ર જેવું જ હશે. કલાકારોમાં વરુણ ધવન, દિલજીત દોસાંઝ સાથે અર્જુન કપૂર પણ જોવા મળશે. આ ફિલ્મમાં અદિતિ રાવ હૈદરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે. હાલમાં તમન્ના રેન્જર ફિલ્મનું શૂટિંગ કરી રહી છે જેમાં અજય દેવગન લીડ રોલમાં જોવા મળશે.

### ભ્રામક જાહેરાતો સામે CCPAની કડક કાર્યવાહી

# કોચિંગ સંસ્થાઓએ જાહેરાતોમાં સફળતાની કોઈ ગેરેન્ટી ન આપવીઃ CCPAની ચેતવણી

## ૨૪ કોચિંગ સંસ્થાઓને ફટકાર્યો રૂા.૭૭.૬૦ લાખનો દંડ




નવી દિલ્હી, તા.૧૮

IIT-JEE ના પરિણામો પહેલા, સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી એ ગુરૂવારે કોચિંગ સંસ્થાઓને ભ્રામક જાહેરાતો અંગે ચેતવણી આપી હતી. CCPA એ કોચિંગ સંસ્થાઓને કડક સૂચના આપી છે કે, તેઓ તેમની જાહેરાતોમાં સફળતાની કોઈ ગેરંટી ન આપે.

CCPA એ કહ્યું છે કે, કોચિંગ સંસ્થાઓએ વર્ષ ૨૦૨૪ માં જારી કરાયેલ માર્ગદર્શિકાનું કડક પાલન કરવું જોઈએ. કોચિંગ સંસ્થાઓએ વિદ્યાર્થીઓના હિતોનું ધ્યાન રાખવું જોઈએ. તેમણે એવું કંઈ ન કરવું જોઈએ જેનાથી વિદ્યાર્થીઓને નુકસાન થાય. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કોચિંગ સંસ્થાઓએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમની રજૂઆતો સાચી, સ્પષ્ટ અને કોઈપણ મૂંઝવણ વિનાની હોય. આ સાથે, કોચિંગ ઈન્સ્ટિટયૂટની જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાર્થીઓ સંબંધિત માહિતી જેમ કે તેમનું નામ, પરીક્ષામાં મેળવેલ રેન્ક, કોર્ષનો પ્રકાર અને કોઈ કોર્ષ ફી લેવામાં આવી હતી કે કેમ વગેરે ફરજિયાતપણે જણાવવી આવશ્યક છે.

વધુમાં CCPA એ કહ્યું છે કે, કોચિંગ સંસ્થાઓએ નાના અક્ષરો દ્વારા મહત્વપૂર્ણ માહિતી છુપાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ. જાહેરાતમાં જે ફોન્ટમાં મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી રહી છે તે જ ફોન્ટમાં ડિસ્કલેમર અથવા નિયમો અને શરતો સંબંધિત માહિતી શેર કરવી આવશ્યક છે. જેનાથી વિદ્યાર્થીઓ જાહેરાતની દરેક માહિતીથી પરિચિત થશે.

CCPA કોચિંગ સંસ્થાઓની ભ્રામક જાહેરાતો સામે સતત કડક કાર્યવાહી કરી રહ્યું છે. આ કેસમાં ૪૯ નોટિસ જારી કરવામાં આવી છે. ૨૪ કોચિંગ સંસ્થાઓ પર કુલ ૭૭.૬૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ઓથોરિટીએ કોચિંગ ઓપરેટરોને તમામ સંજોગોમાં નિયમોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે.

# ૩૮ વર્ષ પછી પહેલીવાર શ્રીનગરમાં પ્રદર્શિત થશે બોલિવૂડ ફિલ્મ

લખનૌઃ તા.૧૮

અભિનેતા ઈમરાન હાશ્મીએ તાજેતરમાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ તકે તેઓએ મહત્વ ની વાત કરી હતી જેમાં ૩૮ વર્ષ પછી પહેલીવાર શ્રીનગરમાં પ્રદર્શિત થશે બોલિવૂડ ફિલ્મ રિલીઝ થશે તેમાં જણાવ્યું હતું.

ઈમરાન હાશ્મીએ જણાવ્યું હતું કે આગામી ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો'નું સ્ક્રીનિંગ શ્રીનગરમાં યોજાશે. ૩૮ વર્ષ પછી ખીણમાં બોલિવૂડની કોઈ ફિલ્મ દર્શાવવામાં આવશે તેવું આ પ્રથમ વખત બનશે. તેણે પોતે જ નિર્માતાઓને આ સૂચન કર્યું હતું. આ પહેલા ઈમરાન હાશ્મીએ પણ એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે, ૧૮ એપ્રિલે શ્રીનગરમાં BSF જવાનો માટે ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો' દર્શાવવામાં આવશે.



આ સિવાય જયારે ઈમરાનને પૂછવામાં આવ્યું કે આ ફિલ્મમાં આર્મી યુનિફોર્મ પહેરીને પાત્રને જીવવાનો અનુભવ કેવો રહ્યો? તેણે કહ્યું, "તે હંમેશા અભિનેતાની યાદીમાં હોય છે. બાયોડેટામાં અમે એક અધિકારીની ભૂમિકા ભજવી છે. છેલ્લા ૨૦ વર્ષથી, હું પણ આવી વાર્તા અને આવી જગ્યાનો ભાગ બનવા માંગતો હતો, જે પ્રેરણાદાયી અને દેશભક્તિની હોય. ૨૦૧૭માં હું BSFની બોર્ડર પર રાજસ્થાન ગયો હતો અને તેમની સાથે વાત કર્યા પછી, એક દિવસ મને એવું લાગ્યું કે એક એવુ કિરદાર મળી જાય જે લાઇફ ટાઇમ યાદ રહી જાય. અને સીમાચિહ્નરૂપ ભૂમિકા રહેશે.

ઈમરાન હાશ્મીએ વધુમાં કહ્યું, 'હું ભાગ્યશાળી છું કે સાત વર્ષ પછી વિજયે મને આ રોલ આપ્યો અને આવા ઓપરેશન અને પાત્ર નરેન્દ્ર નાથ ધર દુબે જીની જીવનકથા ખૂબ જ પ્રેરણાદાયી છે. ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો' ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ રીલિઝ થવા જઈ રહી છે. તેનું નિર્દેશન તેજસ વિજય દેઓસ્કરે કર્યું છે.

# શાહરૂખ ખાનની પત્ની ગૌરીની રેસ્ટોરાંમાં નકલી પનીર વપરાય છે?





**સાર્થક સચદેવ નામના સોશ્યલ મીડિયા ઇન્ફ્લુએન્સરે સેલિબ્રિટીઓની રેસ્ટોરાંઓમાં જઈને પનીર પર આયોડીન ટિન્ક્ચર ટેસ્ટ કરી, જેમાં ગૌરી ખાનની રેસ્ટોરાં ટોરી નાપાસ થઈ**

મુંબઈ : શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાનની ખારમાં ટોરી નામની આલીશાન રેસ્ટોરાં છે. આ રેસ્ટોરાં આકર્ષક ઇન્ટીરિયર અને સેલિબ્રિટી-ગેસ્ટને કારણે જાણીતી છે. જોકે હાલ આ રેસ્ટોરાં નેગેટિવ બાબતને કારણે ચર્ચામાં છે. હકીકતમાં સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર સાર્થક સચદેવે જણાવ્યું છે કે, આ રેસ્ટોરાંમાં નકલી પનીર મળે છે. સાર્થક સચદેવે પોતાના વિડીયોમાં આ વાત સાબિત કરી હોવાનો દાવો કર્યો છે અને તેની આ પોસ્ટ પર રેસ્ટોરાંએ પણ પ્રતિભાવ આપ્યો છે.

સાર્થક સચદેવે જે વિડીયો શેર કર્યો. એમાં જણાવવામાં આવ્યું છે કે, ટોરીમાં સ્ટાર્ચથી બનાવેલું પનીર પીરસવામાં આવે છે. વિડીયોમાં સાર્થક રેસ્ટોરાંમાં વાપરવામાં આવેલા પનીરના એક ટુકડા પર આયોડીન ટિન્ક્ચર ટેસ્ટ કરે છે. આ ટેસ્ટ સામાન્ય રીતે સ્ટાર્ચની હાજરી ચેક કરવા માટે કરવામાં આવે છે.

આયોડીનની હાજરીમાં પનીરનો રંગ સાવ બદલાઈ જાય છે અને એ કાળું પડી જાય છે. આ બદલાયેલો રંગ જોઈને સાથી કહ્યું કે, રેસ્ટોરાંમાં વપરાયેલું પનીર નકલી છે. સાર્થકે વિરાટ કોહલીની વન ૮ કોમ્યુન, શિલ્પા શેટ્ટીની બેસ્ટિયન અને બોબી દેઓલની સમપ્લેસ એલ્સ રેસ્ટોરાંના પનીરનું પણ ચેકિંગ કર્યું હતું, પણ એ પનીર ભેળસેળ વગરનું જણાયું હતું. સાર્થકના વિડીયોમાં આ રેસ્ટોરાઓમાં કરેલું પનીર-રેન્ટિંગ જોઈ શકાય છે. આ વિડીયો વાઇરલ થયા પછી ગૌરી ખાનની રેસ્ટોરાં ટોરીએ આ મામલા પર રીએક્શન આપ્યું છે. આ વિડીયો પર કમેન્ટ કરીને રેસ્ટોરાએ લખ્યું છે કે, આયોડીન ટેસ્ટ સ્ટાર્ચની હાજરી દર્શાવે છે, પનીરની શુધ્ધતાનો માપદંડ નથી. આ વાનગીમાં સોયાની હાજરી છે એટલે આયોડીન ટેસ્ટ પોઝિટિવ આવી છે. અમે ટોરીમાં વપરાતા પનીરની અને અન્ય વસ્તુઓની શુધ્ધતાના મામલે કોઈ બાંધછોડ નથી કરતા.




ટ્રમ્પે છેડેલી ટેરિફ વોરથી દુનિયાના વ્યાપારિક માહોલ બદલાઈ રહ્યો છે

# ટેરિફ વોરના અનેક રંગ...

## દુનિયા ગ્લોબલ બનવાની દોડમાં ટ્રમ્પની બ્રેકથી ભવિષ્ય પણ અનિશ્ચિત બની ગયું છે પણ તેના કારણે તક તકરાર અને ટેન્શન બધુ એક સાથે આવ્યું છે તમે તેમાં કઈ રીતે મુકાબલો કરી શકો છો તે જ તમારૂં ભવિષ્ય બની જશે

**ભારતની વાત કરીએ તો મેઈડ ઈન ઈન્ડિયા આઈફોન અમેરિકામાં રીંગ વગાડે છે તેથી હરખાવાની જરૂર નથી. ટ્રમ્પ એ ભારતને તક આપી છે ચીન સામે સ્પર્ધા કરવાની, ગ્લોબલ બ્રાન્ડ બનાવવાની ફક્ત એસેમ્બલી લાઈન નહીં ભારતની બ્રાન્ડ એપલ કે સેમસંગ કે ટેસ્લા બની શકે તે નિશ્ચિત કરવાનું છે. હવે ચાઈનીઝ કંપનીઓ તેનું અસ્તિત્વ બચાવવા ભારત પર નજર રાખે છે તો તેને દૂર રાખી ને નહીં તેનામાંથી શીખવાની તક છે, આજે નહીં તો કયારેય નહીં**



**જિનપિંગ હવે ટ્રમ્પ સાથે બાથ તો ભીડે છે પણ બંનેએ એકબીજા સાથે એટલા પાથરા કર્યા છે કે કમસે કમ ધંધામાં તો એકબીજા વગર ચાલી શકે તેમ નથી પણ આ બે આખલાની લડાઈમાં વીએટનામ અને મલેશિયા જેવા એશિયન દેશોનો ખો નિકળી રહ્યો છે અને તેમને ડર છે ચીન હવે નવા બજારની શોધમાં તેમના દેશમાં સસ્તો માલ ઠાલવીને તેના લોકલ ફેક્ટરીઓને બંધ કરાવશે**

### સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ જે ટેરીફ યુદ્ધ શરૂ કર્યું છે તેની એક હકારાત્મક અસર એ પણ છે કે વિશ્વના દેશોને તેમની ક્ષમતા નો ખ્યાલ પણ આવી રહ્યો છે અને જો આ સ્થિતિમાં જો કોઈ પસ્તાતા હોય તો તે અમેરિકનો છે તેઓની બાંધી મુઠ્ઠી ખુલી પડી છે કે અમેરિકન તેમની રોજબરોજની જરૂરિયાતો માટે કેટલા દુનિયા પર આધારિત છે. આપણે અત્યાર સુધી આઇ ફોન કે મેક આપણી પાસે હોય તે પ્રદર્શન કરતા હતા આ અમેરિકન બ્રાન્ડ કેટલી ગ્લોબલ છે તે ભાગ્યે જ ખબર હતી તેની બ્રાન્ડ વેલ્યુ ના કારણે નહીં પણ તે દુનિયા ના ૭૦ દેશોનું સહિયારૂ ઉત્પાદન છે તે કોઈ જાણતા ન હતા. અમેરિકા અને યુરોપ જેવા દેશો શા માટે ધનવાન વિકસિત અને ડ્રિમ કન્ટ્રી કહેવાયા તેના અનેક કારણોમાં એક છે તેની બ્રાન્ડ વેલ્યુ. સૌના માટે એક ડ્રિમ હોય તેવા નામ. પછી રાડો કાંડા ઘડિયાળ હોય કે પાર્કર પેન. અથવા રીબોન ના સન વેર.. પહેરતા જ સ્ટેટ્સ નો અહેસાસ થાય.. પણ ટેરીફ યુદ્ધ એ પણ ખુલ્લું કરી ગયું કે અમેરિકન વિગ કે હેરડાઇ પણ મોંઘી પડશે કારણ કે વિદેશી પ્રોડકશન છે. ફક્ત બ્રાન્ડ અમેરિકન છે. આઇ ફોન પર હવે મેઇડ ઇન ઇન્ડિયા લખ્યું હશે તો એપલ ને પણ ડર સતાવવા લાગ્યો છે કે ક્યાંક તેનું જે સ્ટેટસ છે તે ઘટી ના જાય. પણ બ્રાન્ડ ઇન્ડિયા કે બ્રાન્ડ ભારત ક્યાં ? ટેરીફ યુદ્ધથી ભારતને લાભ પણ છે તેની ક્ષમતા ની ખબર પડી છે.

એપલ હવે ભારતમાં વધુ આઇ ફોન બનાવવા માંગે છે. સાઉથ કોરિયન કંપની સેમસંગ પણ પ્રોડકશન વધારવા માંગે છે. અમેરિકન કે પશ્ચિમી કંપનીઓની સાથે ચાઈનીઝ કંપની પણ હવે ભારત માં તેની ફેક્ટરીઓ સ્થાપવા આતુર છે અને તે માટે તે પોતાનું શેરહોલ્ડીંગ ઓછામાં ઓછું રાખી ને ભારતની કંપનીઓ સાથે જોડાવા માંગે છે. ટેસ્લા તો હજુ શોરૂમ બનાવી રહી છે તો ચાઈનીઝ ઇ-કાર કંપની અમદાવાદ પહોંચી ગઈ છે. આ ભારતની જે ડેમોગ્રાફિક તાકાત ફક્ત વસ્તી ની જ નહીં ટેલન્ટ ની પણ છે તે દર્શાવે છે હજુ બે દિવસ પહેલાજ લખાયું કે એપલ ઈચ્છે તો પણ તે અમેરિકામાં સ્માર્ટ ફોન બનાવી શકે તેવી એસેમ્બલી લાઇનના ટૂલ મેનેજર પણ આ દેશ માં મળે નહીં અને અગેઇન તેને આ વર્કફોર્સ માટે એશિયન દેશો ભણી જ જોવું પડે તે તો ટ્રમ્પને જોતા નથીં સ્પેર ની આયાત વધી જાય એપલનો ફક્ત ગ્લાસ જ અમેરીકા માં બને છે. અને તેથી અમેરિકન કંપનીઓ ભારત ચીન સહિતના એશિયન દેશોમાં તેની ફેક્ટરીઓ સ્થાપે છે.

એ સ્વીકાર્યુ કે દુનિયાને હવે ચીન કરતા ભારતમાં વધુ રસ છે. પણ શું ભારત ફક્ત અસેમ્બલી લાઈન જ બની રહેશે ? હાલના જ એક સમાચાર છે કે વૈશ્વિક સ્માર્ટ ફોન ઉત્પાદનમાં ભારત નો હિસ્સો ૨૦૨૪માં જે ૧૬% હતો તે ૨૦૨૫ના હજુ ૪ મહિના પુરા થયા નથી ત્યાં ૨૫% થઈ ગયો છે. આ કોઈ નાની વાત નથી વિચારો. કેટલું એસેમ્બલી લાઈન વધી હશે. કરેલી રોજગારી વધી હશે. કેટલી નવી તક સર્જાઈ હશે.અમેરિકા હાલ ૨૧ અબજ ડોલરના સ્માર્ટફોન અને ગેજેટ આયાત કરે છે જેમાં ૭૯% હિસ્સો ચીનમાંથી કરે છે. શા માટે તે અગાઉજ અહીં લખાઈ ગયુ છે. હવે ચીનની ચિંતા છે કે અમેરિકા ભારત અને દુનિયાના દેશોમાં જઇ રહ્યું છે ફક્ત સ્માર્ટ ફોન કે તેવા ગેઝેટની જ વાત નહીં. ટેક્સટાઈલ. એપલમાં પણ ચાઈનીઝ નાના એકમો અસેમ્બલીની દુનિયામાં પ્રવેશ કર્યો છે. લેપટોપ કે અન્ય ગેઝેટમાં ભારતનો હિસ્સો ફક્ત ૧% માંડ છે ડેલ લો કે એચપી આ તમામ કંપનીઓ પણ તેનું મોટા ભાગનું ઉત્પાદન ચીનમાં કરે છે. કારણ અનેક છે. ફક્ત વોર્કફોર્સ કે સસ્તી મજૂરી નહીં અને

> **ચિંતા અમેરિકા કેનેડાની સરહદ પર નાના ગેસ સ્ટેશન અને ગ્રોસરી સ્ટોરને છે બ્રિટિશ કોલંબિયા જે કેનેડા અને અમેરિકાનો સરહદી રાજ્ય છે ત્યાં વોટકન કાઉન્ટી સહિતના સરહદી કેનેડિયન અમેરિકામાં નજીકના સ્ટોર કે ગેસ સ્ટેશને જતા હતા તે ધંધો ૬૦% ઘટી ગયો છે ઈવન અમેરિકી લાઈબ્રેરી પણ કેનેડિયન વગર સુની પડી છે**

પણ હવે ટેરીફ વોરના કારણે નિકાસ ઘટે તો તેમના ધંધાની ચિંતા કરે છે. ભારતને અહીં પણ તક છે, પણ સૌથી મોટી તક છે. બ્રાન્ડ ઇન્ડિયા બનવાની નેક્સ્ટ ચીન બનવાની અને તે આજે જ છે.

એ નિશ્ચિત છે કે ચીનથી જે વ્યાપાર બહાર જશે તેમાં મોટો હિસ્સો ભારત માં આવી શકે છે હજુ આપણે સ્માર્ટફોનની હવે ચીપ લેબરના દિવસો ગયા. કુશળતા સ્કિલ પૂજાય છે. રિસર્ચ ડેવલપમેન્ટની માંગ છે અને વિશાલ વર્ક એનવાયરમેટની આવશક્ય છે જે ચીન આપે છે. લેબરને સરકારી કાનૂનમાંથી મુક્ત કરાવવાની જરૂર છે જે બેસ્ટ હશે તે આગળ જશે તો બીજાને પણ પ્રેરણા મળશે.

ચીન અને અમેરિકા વચ્ચેની ટેરીફ વોરમાં સાઉથ એશિયામાં પણ સૌથી લાભાર્થી ભારત છે. વિયેતનામ મલેશિયા. સહિતના અનેક દેશો પણ ભારત કરતા ઉંચા ટેરીફનો ભોગ બન્યા છે. કદાચ તેઓ અમેરીકા સાથે વ્યાપાર સમજૂતી કરી લે તો પણ તેને ચીનના ડમ્પીંગનો ડર છે.

ચીનની જે ઉત્પાદન ક્ષમતા છે તે તેને સૌથી આગળ મૂકે છે. કાચા માલની ઉપલબ્ધતા પણ તેનું ટ્રમ્પ કાર્ડ છે અને અમેરિકા એ હવે ચીન પર ૨૪૫% ટેરીફ લાદયા છે અને પ્રમુખ ટ્રમ્પ કહે છે કે હવે દડો ચીનના મેદાન છે મતલબ કે ચીને નક્કી કરવાનું છે પણ ચીન શુ કરે તે પ્રશ્ન છે જેનો જવાબ બહુ ઝડપથી નહીં મળે કારણ કે ફક્ત આ ટેડવોર નથી જીઓ પોલિટિક્સ પણ છે અને ચીન ને તેમાં એક ઇંચ પણ પીછેહટ કબુલ નથી કે પોસાય પણ નહીં. ૪ દસકા બાદ ચીને તેનું વૈશ્વિક સ્થાન મેળવ્યું છે. અને તે હજુ અમેરિકાથી પાછળ છે. તેથી આ યુદ્ધ કઇ બાજુ જશે તે કોઈ પાસે જવાબ નથી. પણ યુદ્ધ અને પ્રેમમાં બધા હથિયાર યોગ્ય છે. ભારતે દક્ષિણ એશિયાના દેશોની મજબૂરીનો પણ લાભ ઉઠાવવો જોઈએ વીએટનામ કે મલેશિયા જેવા દેશોને ડર છે કે ચીન હવે ફરી સસ્તા માલ પર જશે ચીનમાં દક્ષિણ પ્રાંત જે આ દેશની ઔદ્યોગિક ક્રાંતિ માટે હબ છે તે લાખો નાના ઉદ્યોગોથી ધમધમતી હતી તેને બ્રેક લાગી છે અને અમેરિકી નિકાસ અનિશ્ચિત બનતા તેઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન ઉભો થયો તે નવા માર્કેટ ગોતશે જેમાં દક્ષિણ એશિયાના જ હશે. અહીં તેઓ સસ્તો માલ ડમ્પ કરી તેવો ભય વિએટનામ અને બાંગ્લાદેશ-મલેશિયાની ફેક્ટરી માલિકોને છે અને તેની સાથે તેઓ ટકી શકશે નહીં. ભારતની પણ આ ચિંતા છે પણ મોદી સરકારને ખબર છે તે ચાઈનીઝ કંપનીઓ છુટ્ટો દોર આપશે અહીં તેથીજ મલ્ટીનેશન જેવી ચીનની કંપનીઓ ભારતમાં રોકાણ કરીને પણ લઘુમતી શેરહોલ્ડર બનીને પણ ધંધો કરવા માંગે છે ધંધો હશે તો ભવિષ્ય છે.

આવી ચિંતા અમેરિકા કેનેડા બોર્ડર પરના પેટ્રોલ પંપથી ગ્રોસરી સ્ટોરના માલિકોને છે અને આપને કલ્પના કરી શકીએ નહીં પણ વાસ્તવિકતા છે કે આ બંને દેશોને સરહદો અત્યાર સુધી ખૂબ ખુલી હતી.

આપણને જાણીને ખૂબ આશ્ચર્ય થાય કે કેનેડાના નાગરિક બ્રિટિશ કોલંબિયાની બંને દેશોની સરહદ પર નજીકની અમેરિકાની લાઈબ્રેરીમાં પુસ્તકો વાંચવા, કોફી પીવા, ચેસ રમવા અને મિત્રોને મળવા જતા હતા. આ માટે તેઓને પાસપોર્ટ આધારિત મુકત આવાગમનનો પાસ હતો અહીં વોટકન કોઉન્ટી. (નાના ગામડા જે બંને દેશોની સરહદ પર અમેરિકા માં આવેલ છે ત્યાં પેટ્રોલ ગેસ પુરાવવા કે નાની ગ્રોસરી ખરીદવા કેનેડિયન આવતા હતા હવે અહીં ગેસ સ્ટેશન નો ધંધો ૬૦% ગજતી ઘટી ગયો છે




# ૨૧ એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે

## ટેકાના ભાવે રૂા. ૧૯૦૩ કરોડના ૩.૩૬ લાખ મેટ્રીક ટન ચણા ખરીદાશે





ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરુ થશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે.

ચણા અને રાયડાની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સીઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો. જેથી રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું નિશ્ચિંત થઈને પુષ્કળ વાવેતર કર્યું હતું. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે.

નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા માટે નક્કી કરાયેલા ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા ૮૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. પ્રાઇઝ સપોર્ટ સ્કીમ (ડજ્જ) હેઠળ ભારત સરકારની મંજૂરી મુજબ રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો તેમજ રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે.

# ગ્રામ-તાલુકા-જીલ્લા પંચાયતની નવી કચેરીઓના બાંધકામ માટે અનુદાનમાં વધારો કરતા મુખ્યમંત્રી

## નવીન પંચાયત ઘરો માટે ગ્રામ પંચાયતોને રૂા. ૨૫ થી ૪૦ લાખ રકમ વસ્તી ધોરણે અપાશે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રી રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે તેવી તેમ જ પંચાયત ઘર વિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કર્યો છે. આ ઉપરાંત નવીન ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી કમ મંત્રી આવાસ પણ



બનાવીને ગ્રામીણ સ્તરે તલાટીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાનો પણ ગ્રામ્ય હિતકારી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતા ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ અપાતી ૨૭ લાખ રૂપિયાની યુનિટ કોસ્ટના સ્થાને રૂ. ૪૦ લાખની મહત્તમ મર્યાદા નિયત કરી છે. ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી વાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂ. ૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે વધુમાં વધુ રૂપિયા ૧૭ લાખની સહાયના સ્થાને રૂપિયા ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. મુખ્યમંત્રીએ રાજ્યના તાલુકા પંચાયતોની કચેરીઓના બાંધકામ માટેની પ્રવર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરીને રૂપિયા ૩ કરોડ ૧૦ લાખને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

# માતા વૈષ્ણોદેવી ધામમાં ભકતોની ભીડ ઘટી

## શનિ-રવિ-સોમ રજા હોવાથી ૫૦ હજાર જેટલા યાત્રાળુઓ હતા, હાલ સંખ્યા ૨૫ હજાર જેટલી

**કટરા(જમ્મુ કાશ્મીર) તા.૧૮**

ત્રણ દિવસની રજા પૂરી થયા બાદ માતા વૈષ્ણો દેવીના દર્શને આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો થયો છે. પહેલા જ્યાં દરરોજ ૪૫,૦૦૦થી ૫૦,૦૦૦ શ્રદ્ધાળુઓ માતાના દરબારમાં દર્શન કરતા હતા, ત્યાં હવે આ સંખ્યા ઘટીને ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ની વચ્ચે રહી ગઈ છે.

હાલમાં લગભગ ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ તીર્થયાત્રીઓ માતા વૈષ્ણો દેવીની યાત્રા માટે આધાર શિબિર કટડા પહોંચી રહ્યા છે. બુધવારે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં લગભગ ૧૮,૮૦૦ શ્રદ્ધાળુઓ રજિસ્ટ્રેશન કરાવીવે ભવન તરફ પ્રસ્થાન કર્યું હતું.અને બાકીના યાત્રાળુઓની અવરજવર ચાલુ છે.

મંગળવારે, ૨૭,૧૭૭ શ્રદ્ધાળુઓએ માતા વૈષ્ણો દેવીના દર્શન કર્યા હતા. શનિવાર, રવિવાર અને સોમવારે સતત રજાઓ હોવાથી વૈષ્ણોદેવી યાત્રામાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો, જે દરમિયાન દરરોજ ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦ ભક્તો દર્શન માટે આવી રહ્યા હતા.

હાલમાં માતા વૈષ્ણો દેવીના દર્શને આવતા તમામ ભક્તો



કોઈપણ મુશ્કેલી વગર યાત્રા કરી રહ્યા છે. મજબૂત વ્યવસ્થાઓના કારણે શ્રદ્ધાળુઓ સરળતાથી યાત્રા કરી રહ્યા છે અને તેમને દરેક પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

હેલિકોપ્ટર, બેટરી કાર, રોપવે કેબલ કાર, ઘોડા, કુલી અને પાલખી જેવી બધી સેવાઓ પહેલાની જેમ જ ઉપલબ્ધ છે. ભક્તો ભૈરવ ઘાટીમાં બાબા ભૈરવનાથના ચરણોમાં માથું નમાવી રહ્યા છે. આ સાથે જ તેઓ આધાર શિબિર કટડા ખાતે પ્રસાદ અને અન્ય વસ્તુઓ પણ ખરીદી રહ્યા છે, જેના કારણે બજારોમાં દિવસ-રાત રોનક જોવા મળી રહી છે.

તેરા તુજકો અર્પણ

# ત્રણ મહિનામાં ૨૧૦૮ કાર્યક્રમો દ્વારા ગુજરાત પોલીસે રૂા.૫૫.૦૭ કરોડની રકમનો મુદ્દામાલ મુળ માલિકને પરત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના નાગરિકોની સલામતી અને તેમની સુવિધાને કેન્દ્રમાં રાખીને ગુજરાત પોલીસે શરૂ કરેલી 'તેરા તુજકો અર્પણ' પહેલ રાજ્યભરમાં સુખદ પરિણામો આપી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં માત્ર ત્રણ મહિનામાં ૨૧૦૮ કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે રૂ. ૫૫.૦૭ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો હતો.

તેરા તુજકો અર્પણ અંતર્ગત વર્ષ ૨૦૨૫ના ગુજરાત પોલીસે રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં ૬૮૬ કાર્યક્રમો યોજીને રૂ.૨૦.૧૮ કરોડથી વધુ રકમનો મુદ્દામાલ, ફેબ્રુઆરી મહિનામાં ૬૧૨ કાર્યક્રમો યોજીને રૂ.૧૩.૮૪ કરોડથી વધુ રકમનો મુદ્દામાલ અને માર્ચ મહિનામાં ૮૧૦ કાર્યક્રમો યોજીને રૂ.૨૧.૦૪ કરોડથી વધુ રકમનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો છે. પોલીસ સ્ટેશનમાં ચોરી, લુંટ સહિતના વિવિધ ગુનાઓમાં રિકવર કે કબજે કરવામાં આવેલા મુદ્દામાલને કોર્ટના માર્ગદર્શન હેઠળ ઝડપથી મુળ માલિકોને પરત કરવો તથા આ માટે ફરીયાદી અને અરજદારોને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની જરૂર ન પડે અને નાગરિકોનો સમય અને શક્તિનો વ્યય ન થાય એ 'તેરા તુજકો અર્પણ'નો મુખ્ય ઉદ્દેશ છે. આ કાર્યક્રમ અંતર્ગત લોકો માટે જાહેર કાર્યક્રમ-લોક દરબાર યોજીને મૂળ માલિકોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવી રહ્યો છે.



# પીએમ મોદીને મળીને વકફ કાનૂનને ઐતિહાસિક ગણાવતો દાઉદી વ્હોરા સમાજ

વકફ સંશોધન કાયદાને લઇને સમગ્ર દેશમાં રાજનીતિ તેજ બની છે. મોદી સરકાર આ કાયદાને મુસ્લિમોની ભલાઇ માટે જરૂરી ગણાવી રહી છે. જોકે કોંગ્રેસ સહિત અને વિપક્ષી પાર્ટીઓ તથા કેટલાક મુસ્લિમ સંગઠન વકફ સંશોધન કાયદાને મુસ્લિમો વિરૂધ્ધ ગણાવી રહ્યા છે ત્યારે ગુરૂવારે દાઉદી વ્હોરા સમુદાયના લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી અને તેમનો વકફ સંશોધન કાયદા બદલ આભાર માન્યો હતો. દાઉદી વ્હોરા સમુદાયના આગેવાનોએ કહ્યું હતું કે વકફ સંશોધન કાયદો સમુદાયની લાંબા સમયથી પડતર માંગણી હતી. તેમણે વડાપ્રધાનના 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ના વિઝન પર પણ ભરોસો વ્યકત કર્યો હતો. એ વખતે અલ્પસંખ્યક મામલાઓના પ્રધાન કિરેન રિજિજુ પણ હાજર હતા. ત્યારબાદ નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે 'દાઉદી વ્હોરા સમુદાયના સભ્યો સાથે એક શાનદાર બેઠક થઇ. અમે વાતચીત દરમ્યાન અનેક મુદ્દાઓ પર વાતચીત કરી'.

# વાતચીત દરમ્યાન કોલડ્રોપથી પરેશાન ગ્રાહકો: રાજકોટ સહિતના શહેરોમાં 'ટ્રાઈ'ના 'ટેસ્ટ'માં ખુલાસો



### કોલડ્રોપની સૌથી વધારે સમસ્યા બીએસએનએલ નેટવર્ક પર: વોડા-એરટેલમાં કોલડ્રોપ દર શૂન્ય

નવી દિલ્હી તા.૧૮

ભારતીય દુરસંચાર વિનિયામક ઓથોરીટી (ટ્રાઈ)એ દેશના ૮ શહેરો તેમજ ભાગોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાની ગુણવતાને લઈને કરાવવામાં આવેલ ફાઈવ ટેસ્ટનો રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટથી ખબર પડે છે કે કોલ ડ્રોપની સમસ્યા બીએસએનએલનાં નેટવર્ક પર વધુ છે.

ઈન્ટરનેટની વાત કરીએ તો વોડા આઈડીયા અને બીએસએનએલની ડાઉનલોડ સ્પીડ એરટેલ અને જિયોની તુલનામાં અનેક ક્ષેત્રોમાં ઓછી જોવા મળી છે.દુરસંચાર નિયામક ટ્રાઈએ પોતાની એજન્સીનાં માધ્યમથી હૈદરાબાદ, સીમલા અને કેરલમાં રેલવે માર્ગ, દહેરાદુન, રાજકોટ, વિશાખાપટ્ટનમથી બ્રહ્મપુર વચ્ચે હાઈવે બ્રહ્મપુરથી ભૂવનેશ્વર સુધી રેલવે માર્ગ અને પારાદીપના તટીય ક્ષેત્રમાં સ્વતંત્ર ડ્રાઈવ ટેસ્ટ આયોજીત કરાયા હતા.

ફેબ્રુઆરી ૨૦૨૫ માં વોઈસ અને ડેટા સેવાઓ માટે સેલ્યુલર મોબાઈલ ટેલીફોન સેવા દાતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાની ગુણવતાનું આકલન કરવા માટે ડ્રાઈવ ટેસ્ટ આયોજીત કરવામાં આવી હતી. દહેરાદુનમાં કોલ લાગવાનો દર એરટેલ અને જિયો પર ૧૦૦ ટકા રહ્યો.જયારે બીએસએનએલ પર ૮૭.૯૨ ટકા અને વોરા-આઈડીયાના નેટવર્ક પર ૯૯.૮૦ ટકા દર રહેલો.

**વોડા-એરટેલ પર કોલ ડ્રોપનો દર શૂન્ય રહ્યો:**

કોલ ડ્રોપ દરની વાત કરીએ તો બીએસએનએલમાં આ દર ૩.૪૩ ટકા અને રિલાયન્સ જીયો પર ૦.૨૦ ટકા.

(અનુસંધાન ૧૨ મા પાને)

# રિઝર્વ બેન્કે વ્યાજદર ઘટાડી દીધા છતાં બેંકો 'અપેક્ષા મુજબ' લોન સસ્તી કરતી નથી

નવી દિલ્હી, તા.૧૮

રિઝર્વ બેંકે રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ પણ કેટલીક બેંકોએ હજુ સુધી વ્યાજદરમાં ઘટાડો કર્યો નથી. આવી સ્થિતિમાં, લોન લેનારા ગ્રાહકો વ્યાજ દર ઘટાડવા માટે કેટલાક મહત્વપૂર્ણ વિકલ્પો અપનાવી શકે છે.

બેંકો તેમના ગ્રાહકોને ફિક્સ્ડ અથવા ફ્લોટિંગ રેટ પર લોન આપે છે. ફિક્સ્ડ રેટ એટલે કે જો ગ્રાહક લોન લેતી વખતે ફિક્સ વિકલ્પ પસંદ કરે તો ગ્રાહકને રેપો રેટમાં ઘટાડાનો લાભ મળતો નથી.

એકવાર જે દરે લોન નક્કી થાય છે, તે જ દરે લોનનો હપ્તો નક્કી થાય છે. આમાં લોનના દરો વધે ત્યારે ગ્રાહકોને ફાયદો થાય છે. જો કે કેટલાક ફાઈલિંગ ચાર્જ સાથે તમારી લોનને ફિક્સ્ડમાંથી ફ્લોટિંગમાં રૂપાંતરિત કરી શકાય છે.

તે જ સમયે, રેપો રેટમાં વધારો અથવા ઘટાડો થવાને કારણે ફ્લોટિંગ રેટ પર લેવામાં આવેલી લોનના વ્યાજ દરો બદલાય છે. ઉદાહરણ તરીકે, ઘણી બેંકો ગયા મહિના સુધી ૮.૪૦ ટકાના દરે હાઉસિંગ લોન આપી રહી હતી. કેટલીક બેંકોએ વ્યાજ દર ૮.૪૦ થી ઘટાડીને ૮.૧૫ કર્યો છે પરંતુ નવા આવાસ લોનના કેટલા નિયમો અને શરતોને આધીન ૮.૦ ટકાના દરે લોન આપવામાં આવે છે. વોઈસ ઓફ બેંકિંગના સ્થાપક અશ્વની રાણા કહે છે કે ઘણી વખત બેંકો વ્યાજદર ઘટાડે છે પરંતુ તેઓ રેપો રેટમાં એટલો ઘટાડો નથી કરતી જેટલી રિઝર્વ બેંકે ઘટાડી છે. આવી સ્થિતિમાં ગ્રાહકો વ્યાજ દર ઘટાડી શકે છે.



**સરકાર ગ્રાહકોને સીધો લાભ આપવા માંગે છે**

અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે, કેન્દ્ર સરકાર ઇચ્છે છે કે વ્યાપારી બેંકોના ગ્રાહકોને ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલા રેપો રેટમાં ઘટાડાનો લાભ મળવો જોઈએ. તેથી, આરબીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે રેપો રેટમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો જોઈએ. બેંકોએ તેમના ગ્રાહકોને આકર્ષક દરે લોન આપવી જોઈએ અને જૂની લોન પરના વ્યાજદરમાં પણ ઘટાડો કરવો જોઈએ, જેથી ગ્રાહકોની બચત વધી શકે અને તેઓ તેનો ઉપયોગ તેમની જરૂરિયાતની અન્ય વસ્તુઓ પર કરી શકે.

### અકસ્માત-દુર્ઘટના સમયે ડ્રાઈવરો પર થતા હુમલા સહિતની જવાબદારી એજન્સી ન સ્વીકારે ત્યાં સુધી સીટી બસના પૈડા થંભાવવા ડ્રાઈવરો મક્કમ

# મ્યુ.કોર્પોરેશનના ૭૫ સીટી બસના ડ્રાઈવરોની વીજળીક હડતાલ: મુસાફરોમાં દેકારો

### અટલ સરોવરના ડેપો પરથી એક પણ ઈલેકટ્રીક બસ ન ઉપડી: અનેક રૂટો રદ્દ: ડેપોના સંચાલક પણ ભૂગર્ભમાં: ઓફીસને તાળા: વિશ્વમ એજન્સીના ઉચ્ચ અધિકારીઓએ પણ મોબાઈલ સ્વીચ ઓફ કર્યા



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

### વિશ્વમ એજન્સીના અધિકારીને મ્યુ.કોર્પો.નું તેડું

રાજકોટ તા.૧૮

સીટી બસ સર્વિસોની દિલ્હી સ્થિત વિશ્વમ એજન્સીના ઉચ્ચ અધિકારીને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેડુ મોકલી હાજર થવા ફરમાન કર્યુ છે. બસ દુર્ઘટનાના મામલે મ્યુ.કોપો. અને વિશ્વમ એજન્સીના આ અધિકારીઓ વચ્ચે ખાસ બેઠક યોજવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સીટી બસ સર્વિસોના અકસ્માતો સતત વધતા જતા હોય રાહદારીઓ અને વાહન ચાલકો અસલામતીનો અહેસાસ કરવા લાગ્યા છે જેમાં છેલ્લા સાડા ત્રણ માસમાં અકસ્માતની ચાર ઘટનાઓ ઘટી છે. જેમાં ઈન્દીરા સર્કલ નજીક ઘટેલી બસ ઘટનામાં ડ્રાઈવરનું લાયસન્સની સમય અવધી પણ પૂર્ણ થઈ ગયેલ હોવાનું મળી આવ્યું હતું.

રાજકોટ તા.૧૮

શહેરના ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલી સીટી બસ દુર્ઘટનામાં ચાર વ્યકિતઓના મોત થતા મ્યુ.કોર્પો.એ હરકતમાં આવી ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દીધુ છે. બીજી તરફ આજે સુરક્ષાના મામલે ૭૫ જેટલી ઈલે.સીટી બસના ડ્રાઈવરો વીજળીક હડતાલ પર ઉતરી જતા મુસાફરોમાં દેકારો બોલી જવા પામેલ હતો.

શહેરના નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પરના અટલ સરોવર પાસેના સીટી બસના ડેપો પરથી આજે સવારના એક પણ ઈલે.બસ સર્વિસો ઉપડી ન હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે ૧૨૫ જેટલી ઈલેકટ્રીક બસ સર્વિસો આવેલ છે. તે પૈકીની ૭૫ બસ સર્વિસોના ડ્રાઈવરોએ હડતાલ પર ઉતરી જઈ બસ સર્વિસોના પૈડા થંભાવી દીધા હતા.

જેના પગલે શહેરમાં સીટી બસ સર્વિસોના અનેક રૂટ રદ કરવાની નોબત આવી પડી હતી. તેમજ આ ડેપોના સંચાલક પણ ઓફીસને તાળા મારી ભુગર્ભમાં ઉતરી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સીટી બસ સર્વિસની વિશ્વમ એજન્સીના ઉચ્ચ અધિકારીઓએ પણ ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલી બસ દુર્ઘટના બાદ મોબાઈલ સ્વીચ ઓફ કરી જવાબો આપવાનું ટાળી દીધુ છે.

(અનુસંધાન ૧૨ મા પાને)

### નારાયન એજન્સીની તમામ ૪૯ બસ સર્વિસોના તમામ રૂટ રાબેતા મુજબ

રાજકોટ તા.૧૮

રાજકોટ મ્યુ.કોર્પો.ની વિશ્વમ એજન્સી સંચાલીત ૭૫ બસ સર્વિસોના ડ્રાઈવરો આજે વીજળીક હડતાલ પર ઉતરી ગયા હતા. આ દરમ્યાન નારાયણ એજન્સીની ૪૯ જેટલી ઈલેકટ્રીક બસો રાબેતા મુજબ તેમના બસ રૂટો પર દોડતી રહી હતી. નારાયન એજન્સી સંચાલીત બસ સર્વિસોના આ હડતાલના સામેલ થયા ન હતા.

અહીં એ ઉલ્લેખનીય છે કે ઈન્દીરા સર્કલ નજીક સર્જાયેલ બસ દુર્ઘટનામાં ચાર વ્યકિતઓના મોત થતા રોષે ભરાયેલા લોકો દ્વારા આ બસ સર્વિસના ચાલક ઉપર હુમલો કરી માર મારવામાં આવેલ હતો. જેથી આ દુર્ઘટના સમયે ડ્રાઈવરો પર થતા હુમલાની જવાબદારી એજન્સી ન સ્વીકારે ત્યાં સુધી વિશ્વમ એજન્સીના બસ ચાલકોએ બસ સર્વિસોના પૈડા થંભાવી હડતાલ ઉપર ઉતરી ગયા હતા. બસ ડ્રાઈવરો સાથે બેઠક યોજવા માટે એજન્સીના કર્મચારી દ્વારા વાટાઘાટો યોજવા માટે તજવીજ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.





**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

પરમ શ્રદ્ધેય પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.ના અનુગ્રહથી નૂતનીકરણ પામેલ
**શશીકાંત જી. બદાણી જૈન બોર્ડિંગમાં પ્રવેશ અંગે**
- અદ્યતન સુવિધા સભર અત્યાધુનિક રૂમ • ભોજનાલય
- વિશાળ લાયબ્રેરી • વિશાળ મલ્ટી એક્ટીવીટી રૂમ
- દરેક પ્રકારના સાધનોથી સુસજ્જ જિમ્નેશ્યમની સુવિધા
- પોસ્ટ ગ્રેજ્યુએટ કરતા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવશે.

રાજકોટ શહેરની મધ્યમાં ૧૧૭ વર્ષ જુની સંસ્થા શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન ખાતે પ્રવેશ આપવાનું શરૂ થઈ ગયેલ છે.
પ્રવેશ માટે રૂબરૂ મળો
**શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન**
સંચાલિત : **શશીકાંત જી. બદાણી જૈન બોર્ડિંગ**
ત્રિભુવન ભુવન, માલવીયા ચોક, ગોંડલ રોડ, રાજકોટ
મો. ૯૫૭૪૯ ૨૭૬૨૩ / ૯૮૨૪૫ ૦૮૪૪૬
Web. : www.jainboardingrajkot.com




SPECIAL CELEBRATION PRICES
SAVE UP TO ₹5 700/-*

પલ્સર, ઈન્ડિયાની નં. 1 સ્પોર્ટ્સ મોટરસાઈકલ 2 કરોડનો આંકડો પાર કરે છે અને અમે ઉજવણીઓ માટે તૈયાર છીએ. અમે ક્યારેય ન મળી હોય એવી વિશેષ કિંમતો સાથે અમારાં ગ્રાહકોનો આભાર વ્યક્ત કરીએ છીએ. તો આવો, પલ્સરમેનિયાકની ગેંગમાં તમે પણ સામેલ થાઓ.

ડાઉન-પેમેન્ટ ₹5 146/-* થી શરૂ થાય છે

| | 125 NEON | 125 CARBON FIBRE | N160 TWIN DISC | N160 USD |
|---|---|---|---|---|
| બચત | ₹1 184/- | ₹2 000/- | | ₹5 760/- |
| વિશેષ કિંમત (બચત પછી) | ₹85 594/- | ₹92 397/- | ₹1 23 720/- | ₹1 37 952/- |

*એક્સ શો-રૂમ કિંમત

pulsar DEFINITELY DARING

Ogilvy GUJ

72198 21111 | BAJAJ SECURE | BAJAJ CREDIT

*નિયમો અને શરતો લાગુ. *જણાવેલી એક્સ-શોરૂમ કિંમત પલ્સર વેરિયંટ્સ માટેની છે. જણાવેલ પલ્સર વેરિયંટ્સની 31 માર્ચ, 2025 ના રોજ મુજબ પ્રાઇસ રિવિઝન વિરુદ્ધ એક્સ-શોરૂમ કિંમત. *પલ્સર 125 નિયોન માટે ડાઉન-પેમેન્ટ માર્જિન મની છે. માર્જિન મની DCC ચાર્જ, પ્રોસેસિંગ ફી, અન્ય ચાર્જીસ સિવાયની છે અને તે ક્રેડિટ પરિમાણોની પરિપૂર્ણતા પર આધારિત છે. બજાજ ઑટો પૂર્વ સૂચના વિના કોઈપણ અથવા બધી જ ઑફરો પાછી ખેંચવાનો અધિકાર અબાધિત રાખે છે. સ્ટંટ્સ નિષ્ણાતો દ્વારા વ્યાવસાયિક નિરીક્ષણ હેઠળ, નિયંત્રિત અને બંધ વાતાવરણમાં, સામાન્ય જનતા અથવા જાહેર રસ્તાઓથી દૂર કરવામાં આવ્યાં છે. આ સ્ટંટ્સની નકલ કરવાનો પ્રયાસ ન કરશો તેમ જ ટ્રાફિક અને સુરક્ષા નિયમોનું હંમેશા પાલન કરો. એએમસી વિશિષ્ટ મૉડેલ્સ પર અને વશિષ્ટ રાજ્યોમાં ઉપલબ્ધ. વધુ વિગતો માટે બજાજ ડીલરને પૂછો. રોડ સાઈડ આસિસ્ટન્સ ત્રીજા પક્ષકારો દ્વારા પૂરું પાડવામાં આવે છે અને આ તેમનાં નિયમો અને શરતોને આધીન રહે છે.

**Authorised Dealers for BAJAJ Auto Ltd.: Rajkot: Gondal Road** RAJARSHI BAJAJ 9427209538, 9974107576, **Raiya Road** 9426251381, **150 Ft Ring Road** SHREE ASHAPURA BAJAJ 8469844544 • **Morbi** SHIVAM BAJAJ 9879796523, **Halvad** 9586299862• **Porbandar** YUG BAJAJ 8128985405, 9601433331 • **Jamnagar** MADHUSUDAN BAJAJ 7777996267,9725251540• **Jamkhambhaliya** BANSIDHAR BAJAJ 9909942111 • **Veraval** WESTERN BAJAJ 8401404238 • **Bhavnagar** PIONEER BAJAJ 9726377222 • **Bhuj** GK BAJAJ 9825612077 • **Gandhidham** GK BAJAJ 9825225720 • **Surendranagar** YUG BAJAJ 7069220225 **Authorised Service Centre: Jetpur** 9601733331, **Keshod** 9824510181, 9998969273, **Subhashnagar** 9898435703, **Botad** 9825603056, **Palitana** 9898843477, **Mundra** 9825274929, **Dhrangadhra** 9998765307, **Rajula** 9725752658 , **Dhokadva** 7878788129, **Kodinar** 9898994052